ક્ર-7

સત્યમેવ જયતે

# કામકાજનો ટૂંકો અહેવાલ

ત્રીજી ગુજરાત વિધાનસભા

છઠ્ઠું અધિવેશન

(૧૧મી ઓગસ્ટથી ૩જી સપ્ટેમ્બર, ૧૯૬૯)

ગુજરાત વિધાનસભા સચિવાલય,
અમદાવાદ-૧૬,
ઓક્ટોબર, ૧૯૬૯.

(કિંમત રૂા. ૦-૮૫ પૈસા)

# પ્રસ્તાવના

આ પ્રકાશનમાં ત્રીજી ગુજરાત વિધાનસભાના છઠ્ઠા અધિવેશન (૧૧મી ઓગસ્ટથી ૩જી સપ્ટેમ્બર, ૧૯૬૯) માં થયેલા કામકાજની જુદી જુદી બાબતો અંગે ટૂંકી નોંધ આપેલી છે. શક્ય હોય ત્યાં આંકડાવાર માહિતી પણ આપી છે.

ગુજરાત વિધાનસભા સચિવાલય,
નવી સિવિલ હોસ્પિટલ,
અમદાવાદ—૧૬. તા. ૨૮મી ઓક્ટોબર, ૧૯૬૯.

દ્વિજેન દેસાઈ,
સચિવ,
ગુજરાત વિધાનસભા.

# અનુક્રમણિકા


| ક્રમાંક | વિષય | પાના નં. |
|---|---|---|
| ૧ | ત્રીજી ગુજરાત વિધાનસભાના છઠ્ઠા અધિવેશન (૧૧મી ઓગસ્ટથી ૩જી સપ્ટેમ્બર) માં થયેલા કામકાજનો ટૂંકો અહેવાલ ... ... | ૧ |
| ૨ | પત્રક ક્રમાંક-૧, સભ્યશ્રીઓએ વ્યકિતગત રીતે આપેલી હાજરી. ... | ૧૧ |
| ૩ | પત્રક ક્રમાંક-૨, સભ્યશ્રીઓની તારીખવાર હાજરી ... ... | ૧૭ |
| ૪ | પત્રક ક્રમાંક-૩, અધિવેશન દરમિયાન ગુજરાત વિધાનસભામાં રોજે રોજ થયેલા કામકાજનો સારાંશ ... ... ... | ૧૮ |
| ૫ | પત્રક ક્રમાંક-૪, તારાંકિત, અતારાંકિત અને ટૂંકી મુદતના પ્રશ્નોનો નિકાલ (આંકડામાં) | ૪૫ |
| ૬ | પત્રક ક્રમાંક-૫, તારાંકિત પ્રશ્નોની વિભાગવાર માહિતી (આંકડામાં) | ૪૭ |
| ૭ | પત્રક ક્રમાંક-૬, અતારાંકિત પ્રશ્નોની વિભાગવાર માહિતી (આંકડામાં) | ૪૯ |
| ૮ | પત્રક ક્રમાંક-૭, સરકારી વિધેયકો. ... ... ... | ૫૨ |
| ૯ | પત્રક ક્રમાંક-૮, સન ૧૯૬૯-૭૦ના વર્ષ માટેની પૂરક માગણીઓ ... | ૫૮ |
| ૧૦ | પત્રક ક્રમાંક-૯, બીજા પ્રસ્તાવો (નિયમ ૧૦૫) ... ... | ૬૦ |
| ૧૧ | પત્રક ક્રમાંક-૧૦, ટૂંક સમયની ચર્ચા ઉપસ્થિત કરવા માટેની સૂચનાઓ (નિયમ ૧૧૨) ... ... ... ... | ૬૨ |
| ૧૨ | પત્રક ક્રમાંક-૧૧, ધ્યાન દોરતી સૂચનાઓ (નિયમ ૧૧૬) ... | ૬૪ |
| ૧૩ | પત્રક ક્રમાંક-૧૨, રજૂઆત માટેનાં બિન-સરકારી વિધેયકો ... | ૬૬ |

| ક્રમાંક | વિષય | પાના નં. |
|---|---|---|
| ૧૪ | પત્રક ક્રમાંક-૧૩, પહેલું (ચાલુ), બીજા અને ત્રીજા વાંચન માટેનાં બિન-સરકારી વિધેયકો. ... ... ... ... | ૬૮ |
| ૧૫ | પત્રક ક્રમાંક-૧૪, પહેલા, બીજા અને ત્રીજા વાંચન માટેનાં બિન-સરકારી વિધેયકો ... ... ... ... | ૬૯ |
| ૧૬ | પત્રક ક્રમાંક-૧૫, બેલટમાં આવેલા સંકલ્પોને લગતી માહિતી ... | ૭૫ |
| ૧૭ | પત્રક ક્રમાંક-૧૬, જુદી જુદી સંસ્થાઓ પર સભ્યોની ચૂંટણી. ... | ૭૭ |
| ૧૮ | પત્રક ક્રમાંક-૧૭, વિભાજન અને સભાત્યાગ. ... ... | ૭૮ |

# ત્રીજી ગુજરાત વિધાનસભાના છઠ્ઠા અધિવેશનમાં થયેલા કામકાજનો ટૂંકો અહેવાલ

## પ્રારંભિક

ત્રીજી ગુજરાત વિધાનસભાનું છઠ્ઠું અધિવેશન સોમવાર, તા. ૧૧મી ઓગસ્ટ, ૧૯૬૯ના રોજ શરૂ થયું હતું અને બુધવાર, તા. ૩જી સપ્ટેમ્બર, ૧૯૬૯ના રોજ સમાપ્ત થયું હતું. અધિવેશન દરમિયાન વિધાનસભા કુલ ૧૭ દિવસ મળી હતી, તેમાં મંગળવાર તા. ૨જી સપ્ટેમ્બર, ૧૯૬૯ના રોજ બે બેઠકો હોવાથી કુલ ૧૮ બેઠકો થઈ હતી. અધિવેશન દરમિયાન વિધાનસભાએ કુલ ૬૯ કલાક અને ૨૭ મિનિટ કામ કર્યું હતું.

## હાજરી

અધિવેશન દરમ્યાન એક દિવસે વધારેમાં વધારે હાજરી ૧૪૭ હતી અને ઓછામાં ઓછી હાજરી ૧૨૫ હતી. સરેરાશ હાજરી ૧૩૩ હતી. દરેક સભ્યશ્રીએ સભાગૃહની બેઠકમાં આપેલી કુલ હાજરી પત્રક ક્રમાંક-૧માં તેમજ સભ્યોની તારીખવાર હાજરી પત્રક ક્રમાંક-૨માં દર્શાવેલી છે.

## રોજેરોજના કામકાજનો સારાંશ

વિધાનસભાએ રોજેરોજ કરેલા કામકાજનો સારાંશ પત્રક ક્રમાંક-૩માં આપ્યો છે.

## તારાંકિત, અતારાંકિત અને ટૂંકી મુદતના પ્રશ્નો

અધિવેશન દરમ્યાન ૨૦૨૦ તારાંકિત પ્રશ્નો ૩૩૧૨ અતારાંકિત પ્રશ્નો અને ૨૭૮ ટૂંકી મુદતના પ્રશ્નોની સૂચનાઓ મળી હતી. આ સૂચનાઓનો નિકાલ કેવી રીતે કરવામાં આવ્યો તે તથા પ્રશ્નોની ખાતાવાર માહિતી પત્રકો ક્રમાંક ૪, ૫ અને ૬માં આપવામાં આવી છે. વિધાનસભા કુલ ૧૭ દિવસ મળી હતી. જેમાંથી કુલ ૧૬ દિવસ પ્રશ્નોત્તરી રાખવામાં આવી હતી.

## અરધા કલાકની ચર્ચા

ગુજરાત વિધાનસભા નિયમોના નિયમ—૯૨ અન્વયે સભાગૃહમાં પ્રશ્નોના અપાએલ ઉત્તરમાંથી ઉભી થતી જાહેર અગત્યની બાબત ઉપર અરધા કલાકની ચર્ચા ઉપસ્થિત કરવા માટે ૫ સૂચનાઓ મળી હતી, જેમાંથી ૨ નામંજૂર કરવામાં આવી હતી અને ૩ સૂચનાઓ સભાગૃહમાં ચર્ચવામાં આવી હતી.

### વટહુકમ

તા. ૧૨મી ઓગસ્ટ, ૧૯૬૯ના રોજ નીચેના વટહુકમો વિધાનસભાના મેજ ઉપર મુકવામાં આવ્યા હતા:—

(૧) સન ૧૯૬૩નો ગુજરાત નગરપાલિકા અધિનિયમ વધુ સુધારવા બાબતનો વટહુકમ (સન ૧૯૬૯નો વટહુકમ ક્રમાંક-૧)

(૨) સન ૧૯૬૩નો ગુજરાત નગરપાલિકા અધિનિયમ વધુ સુધારવા બાબતનો વટહુકમ (સન ૧૯૬૯નો વટહુકમ ક્રમાંક-૨)

(૩) સન ૧૯૪૮નો મુંબઈ ગણોત વહીવટ અને ખેતીની જમીન અધિનિયમ અમુક હેતુઓ સારૂ વધુ સુધારવા બાબતનો વટહુકમ (સન ૧૯૬૯નો વટહુકમ ક્રમાંક-૩)

### સરકારી વિધેયકો

અધિવેશન માટે કાર્યવલીમાં ૧૪ સરકારી વિધેયકો બતાવવામાં આવ્યા હતાં. તેમાંથી ૯ વિધેયકો પસાર કરવામાં આવ્યાં હતાં. (જુઓ પત્રક ક્રમાંક-૭)

### નાણાકીય કામકાજ

**૧. ખર્ચનું પૂરક પત્રક:**

(ક) **રજૂઆત.**—સન ૧૯૬૯-૭૦ના વર્ષ માટેનું રૂા. ૧૨,૨૭,૩૩,૨૫૯નું ખર્ચનું પૂરક પત્રક તા. ૧૨મી ઓગસ્ટ, ૧૯૬૯ના રોજ રજૂ કરવામાં આવ્યું હતું, જેમાં મતપાત્ર રકમ રૂા. ૯,૯૪,૯૮,૦૯૭ હતી, અને બિન-મતપાત્ર રકમ રૂા. ૨,૩૨,૩૫,૧૬૨ હતી.

(ખ) **ચર્ચા અને મતદાન.**—પૂરક માગણીઓ ઉપર તા. ૨૧મી અને ૨૨મી ઓગસ્ટ ૧૯૬૯ના રોજ ચર્ચા અને મતદાન કરવામાં આવ્યું હતું. પૂરક પત્રકમાં સમાવિષ્ટ કુલ ૪૧ માગણીઓ સભાગૃહની મંજૂરી માટે રજૂ કરવામાં આવી હતી. આ માગણીઓમાંથી ૧૯ માગણીઓ ચર્ચા માટે નક્કી થઈ હતી. પરંતુ તેમાંથી ૧૧ માગણીઓ ઉપર જ સભાગૃહમાં ચર્ચા થઈ શકી હતી. રજૂ થયેલી બધી જ પૂરક માગણીઓ સભાગૃહે પસાર કરી હતી (જુઓ પત્રક ક્રમાંક-૮)

(ગ) **કાપદરખાસ્તો.**—પૂરક માગણીઓ ઉપર કુલ ૩૩૨ કાપદરખાસ્તો આવી હતી અને તેમાંથી ૨૩૮ કાપદરખાસ્તો દાખલ કરવામાં આવી હતી.

**૨. આકસ્મિક ફંડ પેશગીઓ દર્શાવતું પત્રક :**

જેના માટે પૂરક માગણીઓ રજૂ કરવામાં આવી ન હોય તેવી તા. ૧૨મી ઓગસ્ટ ૧૯૬૯ સુધી આકસ્મિક ફંડમાંથી મંજૂર કરાયેલી પેશગીઓ દર્શાવતું પત્રક તા. ૧૪મી ઓગસ્ટ ૧૯૬૯ના રોજ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યું હતું.

**૩. વધારાના ખર્ચનું પત્રક :**

**(ક) રજૂઆત.**—સને ૧૯૬૫-૬૬ના વર્ષ માટેનું કુલ રૂા. ૮,૮૮,૧૩,૦૭૫નું વધારાના ખર્ચનું પત્રક તા. ૧૬મી ઓગસ્ટ ૧૯૬૯ના રોજ સભાગૃહમાં રજૂ કરવામાં આવ્યું હતું, જેમાં મતપાત્ર રકમ રૂા. ૮,૬૦,૭૪,૨૯૦ હતી અને બિન-મતપાત્ર રકમ રૂા. ૨૭,૩૮,૭૮૫ હતી.

**(ખ) ચર્ચા અને મતદાન.**—વધારાના ખર્ચની માગણી ઉપર તા. ૧લી સપ્ટેમ્બર, ૧૯૬૯ના રોજ ચર્ચા અને મતદાન કરવામાં આવ્યું હતું. ચર્ચાને અંતે બધી માગણીઓ સભાગૃહે પસાર કરી હતી.

**(ગ) કાપદરખાસ્તો.**—વધારાના ખર્ચની માગણીઓ ઉપર ૩ કાપદરખાસ્તો આવી હતી જે દાખલ કરવામાં આવી હતી.

### મંત્રીમંડળમાં અવિશ્વાસ વ્યકત કરતો પ્રસ્તાવ (નિયમ ૧૦૬)

ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ ૧૦૬ હેઠળ મંત્રીમંળમાં અવિશ્વાસ વ્યકત કરતા પ્રસ્તાવની સર્વશ્રી મનોહરસિંહજી જાડેજા અને સનત મહેતાએ સૂચના આપી હતી, જે દાખલ કરવામાં આવી હતી. પ્રસ્તાવ રજૂ કરવા માટેની સભાગૃહની અનુમતિ માગવા માટે તા. ૨૮મી ઓગટ, ૧૯૬૯નો દિવસ નક્કી કરવામાં આવ્યો હતો, પરંતુ પ્રભારી સભ્યોએ અનુમતિ માગવાની અનિચ્છા દર્શાવી હતી.

### અધિવેશનને છેલ્લે દિવસે થઈ શકે તેવા પ્રસ્તાવો (નિયમ-૧૦૪)

ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ ૧૦૪ હેઠળ અધિવેશનને છેલ્લે દિવસે થઈ શકે તેવા પ્રસ્તાવોની કુલ ૬૮ સૂચનાઓ આવી હતી. આ બધી સૂચનાઓ મુદત બહારની હોવાથી તેના ઉપર વિચારણા કરવામાં આવી ન હતી.

### બીજા પ્રસ્તાવો (નિયમ-૧૦૫)

ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ ૧૦૫ હેઠળ બીજા પ્રસ્તાવોની ૪૦ સૂચનાઓ આવી હતી. આવેલી સૂચનાઓમાંથી ૨૩ સૂચનાઓ નામંજૂર થઈ હતી,

જ્યારે બાકીની સૂચનાઓમાંથી સરખા વિષયની સૂચના એકત્રિત કરીને ૭ સૂચના દાખલ કરવામાં આવી હતી. દાખલ થયેલી સૂચનાઓમાંથી ૬ સૂચનાઓ પર સભાગૃહમાં ચર્ચા થઈ હતી. (જુઓ પત્રક ક્રમાંક—૯).

## જાહેર અગત્યની બાબતો પર મંત્રીશ્રીઓનાં નિવેદનો (નિયમ-૪૪)

ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ ૪૪ અન્વયે મંત્રીશ્રીઓએ નીચે મુજબ નિવેદનો કર્યાં હતાં :—

(૧) પ્રવર્તમાન કરવેરામાં કેટલાક ફેરફારની દરખાસ્ત કરતું નાણા મંત્રીશ્રીનું નિવેદન (તા. ૧૪-૮-૬૯)

(૨) તા. ૧-૯-૬૯ના રોજ બહાર પાડેલી સરકારની લોનના ભરણા સંબંધી નાણા મંત્રીશ્રીનું નિવેદન (તા. ૧-૯-૬૯).

## વટહુકમ નામંજૂર કરતા પ્રસ્તાવો-નિયમ ૧૫૨ (૨)

ભારતના સંવિધાનના અનુચ્છેદ ૨૧૩(૨) (અ) અન્વયે સન ૧૯૬૯ના વટહુકમ ક્રમાંક ૧ અને ૨ને નામંજૂર કરતા પ્રસ્તાવોની સૂચનાઓ આવી હતી. અધ્યક્ષશ્રીએ તે પ્રસ્તાવો દાખલ કર્યા હતા. પ્રસ્તાવો ઉપર તા. ૨૫મી ઓગસ્ટ, ૧૯૬૯ના રોજ સભાગૃહમાં ચર્ચા થઈ હતી અને ચર્ચાને અંતે સભાગૃહે પ્રસ્તાવોનો અસ્વીકાર કર્યો હતો.

## વૈધાનિક પ્રસ્તાવો (નિયમ ૧૦૨)

(૧) તા. ૯મી જુલાઈ, ૧૯૬૯ના રોજ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવેલી તા. ૧૫મી ફેબ્રુઆરી, ૧૯૬૧ની સરકારી અધિસૂચના ક્રમાંક ઓએફએલ-૧૦૬૧-૧૪-એર સાથે જોડેલી અનુસૂચિમાં ૬૨મી એન્ટ્રી ઉમેરતી સામાન્ય વહીવટ વિભાગની તા. ૨૨મી ફેબ્રુઆરી, ૧૯૬૮ની સરકારી અધિસૂચના ક્રમાંક જીએચએસ-૪-ઓએએલ-૧૫૬૮-જીએચને રદ ગણવા ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ ૧૦૨ હેઠળ વિ. સ. સ. શ્રી મનુભાઈ હ. પાલખીવાળાએ એક વૈધાનિક પ્રસ્તાવની સૂચના આપી હતી. તા. ૨જી સપ્ટેમ્બર, ૧૯૬૯ના રોજ તે પ્રસ્તાવ પર ચર્ચા થઈ હતી અને ચર્ચાને અંતે સભાગૃહે પ્રસ્તાવ નામંજૂર કર્યો હતો.

(૨) ભારતના સંવિધાનના અનુચ્છેદ ૩૬૮ હેઠળ મુખ્ય મંત્રીશ્રી હિતેન્દ્ર દેસાઈએ સંસદના બન્ને ગૃહોએ પસાર કર્યા પ્રમાણેના, સંવિધાન (૨૨મું સંશોધન) વિધેયક, ૧૯૬૯થી કરવા ધારેલા સંવિધાનના અનુચ્છેદ ૩૬૮ના પરંતુક હેઠળ આવતા, ભારતના સંવિધાનમાં કરવાના સંશોધનનું અનુસમર્થન કરવા એક વૈધાનિક પ્રસ્તાવની સૂચના

આપી હતી. આજ પ્રકારની એક સૂચના સંસદીય બાબતોના મંત્રીશ્રી ચિમનભાઈ પટેલે આપેલ હતી. સંસદીય બાબતોના મંત્રીશ્રીના પ્રસ્તાવ પર તા. ૨૬મી ઓગસ્ટ, ૧૯૬૯ના રોજ સભાગૃહમાં ચર્ચા થઈ હતી અને ચર્ચાને અંતે પ્રસ્તાવ સ્વીકારવામાં આવ્યો હતો.

(૩) શ્રી મનુભાઈ પાલખીવાળાએ સન ૧૯૩૯ના મોટર વેહીકલ અધિનિયમ હેઠળના નિયમો સુધારતી તા. ૩૦મી જૂન ૧૯૬૯ની અધિસૂચનામાં ફેરફાર સૂચવતી એક વૈધાનિક પ્રસ્તાવની સૂચના આપેલી હતી. આ સૂચના નિયમાધીન ન હોઈને અધ્યક્ષશ્રીએ નામંજૂર કરેલ હતી.

## ટૂંક સમયની ચર્ચા માટેની સૂચનાઓ (નિયમ—૧૧૨)

ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ ૧૧૨ હેઠળ તાકીદની જાહેર અગત્યની બાબત પર ટૂંક સમયની ચર્ચા ઉપસ્થિત કરવા માટેની કુલ ૧૭ સૂચનાઓ આવી હતી. અને તેમાંથી ૩ સૂચનાઓ દાખલ કરવામાં આવી હતી. દાખલ થયેલી સૂચનાઓમાંથી બે સૂચનાઓ ઉપર સભાગૃહમાં ચર્ચા થઈ હતી. (જુઓ પત્રક ક્રમાંક—૧૦)

## ધ્યાન દોરતી સૂચનાઓ (નિયમ-૧૧૬)

ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ ૧૧૬ હેઠળ તાકીદની જાહેર અગત્યની બાબતો પર ધ્યાન દોરવા માટે કુલ ૧૩૧ સૂચનાઓ આવી હતી. જેમાંથી ૧૯ સૂચનાઓ દાખલ કરવામાં આવેલી. દાખલ કરવામાં આવેલી સૂચનાઓમાંથી સરખા વિષયની સૂચના એકત્રિત કરતાં, કુલ ૮ સૂચનાઓ ઉપર નિવેદન કરવાનાં હતાં. આ ૮ સૂચનાઓ ઉપર સભાગૃહમાં નિવેદન કરવામાં આવ્યાં હતાં. (જુઓ પત્રક ક્રમાંક—૧૧)

## બિન-સરકારી વિધેયકો

### (૧) રજૂઆત માટેનાં બિન-સરકારી વિધેયકો

કાર્યાવલીમાં દાખલ કરવા માટેનાં કુલ ૧૦ બિન સરકારી વિધેયકો બતાવવામાં આવ્યાં હતાં. તેમાંથી ૯ બિન-સરકારી વિધેયકો રજૂ કરવામાં આવ્યાં હતાં. જ્યારે ૧ વિધેયક પ્રભારી સભ્યની ગેરહાજરીને કારણે રજૂ થઈ શક્યું ન હતું. (જુઓ પત્રક ક્રમાંક-૧૨)

### (૨) પહેલું (ચાલુ), બીજા અને ત્રીજા વાંચન માટેનું બિન-સરકારી વિધેયક

કાર્યાવલીમાં પહેલું (ચાલુ) બીજા અને ત્રીજા વાચન માટેનું ૧ બિન-સરકારી વિધેયક બતાવવામાં આવ્યું હતું. પ્રભારી સભ્યશ્રીની ગેરહાજરીને કારણે પહેલા વાંચનના પ્રસ્તાવ પર તા. ૨જી એપ્રિલ, ૧૯૬૯ના દિવસની અધૂરી રહેલી ચર્ચા આગળ ચાલી શકી ન હતી. (જુઓ પત્રક ક્રમાંક-૧૩)

## (૩) પહેલા, બીજા અને ત્રીજા વાંચન માટેનાં બિન-સરકારી વિધેયકો.

કાર્યાવલીમાં પહેલા, બીજા અને ત્રીજા વાંચન માટેનાં ૨૩ બિન-સરકારી વિધેયકો બતાવવામાં આવ્યાં હતાં. તેમાંથી ૬ વિધેયકો ચર્ચા માટે બતાવવામાં આવેલાં: તે પૈકીનાં ૩ વિધેયકો સભાગૃહે ચર્ચાને અંતે નામંજૂર કર્યા હતાં, ૧ વિધેયક ગૃહની પરવાનગીથી સભ્યશ્રીએ પાછું ખેંચી લીધું હતું અને ૨ વિધેયકો પર સમયના અભાવે ચર્ચા થઈ શકી નહિ. (જુઓ પત્રક ક્રમાંક-૧૪)

### બિન-સરકારી સંકલ્પો (નિયમ—૧૧૭)

બિન-સરકારી સંકલ્પોની કુલ ૨૯૬ સૂચનાઓ આવી હતી. આવેલી સૂચનાઓમાંથી ૨૨૧ સૂચનાઓ દાખલ થઈ હતી, અને બાકીની ૭૫ સૂચનાઓ નામંજૂર થઈ હતી.

બિન-સરકારી સંકલ્પોની ચર્ચા માટે તા. ૨૮મી ઓગસ્ટ, ૧૯૬૯નો દિવસ ફાળવવામાં આવ્યો હતો, અને તે દિવસે ચર્ચવાના સંકલ્પોનો બેલટ તારીખ ૧૯-૮-૬૯ના રોજ યોજવામાં આવ્યો હતો. બેલટમાં આવેલા સંકલ્પોની માહિતી પત્રક ક્રમાંક-૧૫માં આપવામાં આવી છે.

### સમિતિ નીમવા માટેના પ્રસ્તાવો (નિયમ ૧૮૭)

ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ ૧૮૭ હેઠળ જાહેર અગત્યની બાબતો પર વિચારણા કરવા માટે સમિતિ નીમવા માટેના કુલ ૧૧૫ પ્રસ્તાવોની સૂચનાઓ આવી હતી. આવેલી સૂચનાઓમાંથી ૧૧૩ સૂચનાઓ દાખલ કરવામાં આવી હતી, અને બાકીની ૨ સૂચનાઓ નામંજૂર કરવામાં આવી હતી. નિયમ ૧૮૭ અન્વયેના પ્રસ્તાવોની ચર્ચા માટે અધિવેશન દરમિયાન કોઈ દિવસ ફાળવવામાં આવ્યો ન હતો.

### ઔચિત્ય ભંગના પ્રશ્નો

સભાગૃહના ઔચિત્યના ભંગ અંગે કુલ બે સૂચનાઓ મળી હતી જે બંને નામંજૂર કરવામાં આવી હતી.

### જુદી જુદી સંસ્થાઓ ઉપર સભ્યોની ચૂંટણી.

અધિવેશન દરમિયાન પશ્ચિમ રેલ્વેનો ઉપયોગ કરનારાઓની વિભાગીય સલાહકાર સમિતિઓ પર જુદા જુદા સભ્યોને ચૂંટાયેલા જાહેર કરવામાં આવ્યા હતા. (જુઓ પત્રક ક્રમાંક-૧૬)

## સમિતિની બેઠકો

અધિવેશન દરમિયાન નીચે જણાવેલી સમિતિઓની બેઠકો થઈ હતી:—

| અનુક્રમાંક | સમિતિનું નામ | બેઠક | મળ્યાની તારીખ |
|---|---|---|---|
| ૧ | કામકાજ સલાહકાર સમિતિ | ૧ | ૧૧-૮-૧૯૬૯ |
| | | ૨ | ૨૧-૮-૧૯૬૯ |
| ૨ | બિન-સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિ | ૧ | ૧૨-૮-૧૯૬૯ |
| | | ૨ | ૨૫-૮-૧૯૬૯ |
| ૩ | પ્રવર સમિતિ | ૧ | ૧૪-૮-૧૯૬૯ |
| | | ૨ | ૧૬-૮-૧૯૬૯ |
| | | ૩ | ૧૮-૮-૧૯૬૯ |
| | | ૪ | ૧૯-૮-૧૯૬૯ |
| | | ૫ | ૨૦-૮-૧૯૬૯ |
| | | ૬ | ૨૧-૮-૧૯૬૯ |
| | | ૭ | ૨૨-૮-૧૯૬૯ |
| | | ૮ | ૨૫-૮-૧૯૬૯ |
| ૪ | નિયમો માટેની સમિતિ | ૧ | ૨૫-૮-૧૯૬૯ |
| | | ૨ | ૨૬-૮-૧૯૬૯ |
| ૫ | ગ્રંથાલય સમિતિ | | ૨૬-૮-૧૯૬૯ |
| ૬ | સદસ્ય નિવાસ વ્યવસ્થા સમિતિ | | ૨૫-૮-૧૯૬૯ |
| ૭ | ગૃહની બેઠકમાંથી સભ્યોની ગેરહાજરી બાબતની સમિતિ. | | ૧-૯-૧૯૬૯ |

## વિધાનસભામાં રજૂ થયેલા—ચર્ચાયેલા અહેવાલો વગેરે.

અધિવેશન દરમ્યાન નીચે જણાવેલા અહેવાલો વગેરે વિધાનસભામાં રજૂ થયા હતા અથવા ચર્ચાયા હતા :—

| અનુ-ક્રમાંક | અહેવાલ | રજૂ થયા તારીખ | ચર્ચાયાની તારીખ |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૧. | કામકાજ સલાહકાર સમિતિની ભલામણો | ૧૨-૮-૧૯૬૯<br>૨૧-૮-૧૯૬૯ | ૧૨-૮-૧૯૬૯<br>૨૨-૮-૧૯૬૯ |
| ૨. | બિન સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિના અહેવાલો. | | |
| | (૧) પંદરમો અહેવાલ | ૧૩-૮-૧૯૬૯ | ૧૩-૮-૧૯૬૯ |
| | (૨) સોળમો અહેવાલ | ૨૬-૮-૧૯૬૯ | ૨૬-૮-૧૯૬૯ |
| ૩. | ગુજરાત પબ્લિક સર્વિસ કમિશનનો સન ૧૯૬૭-૬૮નો (આઠમો) વાર્ષિક અહેવાલ તેમજ જે કિસ્સાઓમાં કમિશનની સલાહ સ્વીકારવામાં આવી નથી તે કિસ્સાઓમાં તે ન સ્વીકારવા માટેનાં કારણો દર્શાવતી યાદી. | ૧૨-૮-૧૯૬૯ | — |
| ૪. | ચોથી પંચવર્ષીય યોજનાનો ખરડો તથા દરખાસ્તો ઘડવા માટે રચાયેલ કાર્યકારી જૂથોના અહેવાલો. | ૧૨-૮-૧૯૬૯ | ૧૮-૮-૧૯૬૯<br>૧૯-૮-૧૯૬૯<br>૨૦-૮-૧૯૬૯ |
| ૫. | ગુજરાત મિનરલ ડેવલપમેન્ટ કોરપોરેશનના સન ૧૯૬૬-૬૭ અને ૧૯૬૭-૬૮ના અહેવાલો. | (૨૮-૧૦-૧૯૬૮)<br>(૬-૨-૧૯૬૯) | ૧૨-૮-૧૯૬૯ |
| ૬. | ભાવનગર પબ્લિક ડેરી લિમિટેડના સન ૧૯૬૬-૬૭ અને ૧૯૬૭-૬૮ના અહેવાલો. | (૫-૨-૧૯૬૯)<br>(૧૧-૪-૧૯૬૯) | ૧૨-૮-૧૯૬૯ |
| ૭. | ગુજરાત એકસપોર્ટ કોરપોરેશન લિમિટેડનો સન ૧૯૬૭નો અહેવાલ. | (૩-૬-૧૯૬૯) | ૧૬-૮-૧૯૬૯ |

| ૧ | ૨ | ૩ | ૪ |
|---|---|---|---|
| ૮. | ગુજરાત વિદ્યુત બોર્ડના સન ૧૯૬૮-૬૯ના વાર્ષિક હિસાબ. | ૧૮-૮-૧૯૬૯ | — |
| ૯. | ગુજરાત ગૃહ નિર્માણ બોર્ડનું સન ૧૯૬૯-૭૦નું અંદાજપત્ર, કાર્યક્રમ તથા મહેકમ દર્શાવતું પત્રક. | ૨૦-૮-૧૯૬૯ | — |
| ૧૦. | ગુજરાત રાજ્ય નાણાકીય કોરપોરેશનનો સન ૧૯૬૮-૬૯નો વાર્ષિક વહીવટી અહેવાલ. | ૨૫-૮-૧૯૬૯ | — |
| ૧૧. | ગૌણ વિધાન સમિતિનો પહેલો અહેવાલ. | ૨૭-૮-૧૯૬૯ | — |
| ૧૨. | ગુજરાત વિજિલન્સ કમિશનનો સન ૧૯૬૭-૬૮નો (ચોથો) વાર્ષિક અહેવાલ. | ૩-૯-૧૯૬૯ | — |
| ૧૩. | અંદાજ સમિતિનો દસમો અહેવાલ ... | ૧૩-૮-૧૯૬૯ | — |
| ૧૪. | વિશેષાધિકાર સમિતિનો પાંચમો અહેવાલ. | ૨૫-૮-૧૯૬૯ | — |
| ૧૫. | વિશેષાધિકાર સમિતિનો છઠ્ઠો અહેવાલ. | ૨૫-૮-૧૯૬૯ | — |
| ૧૬. | જિલ્લા અને તાલુકા પંચાયતોને સોંપવામાં આવેલા કાર્યો તથા યોજનાઓ માટે મળેલી સરકારી ગ્રાન્ટમાંથી કરેલા ખર્ચને લગતો જિલ્લા અને તાલુકા પંચાયતોનો સન ૧૯૬૪-૬૫ના વર્ષનો ઓડિટ અહેવાલ. | ૧૩-૮-૧૯૬૯ | — |
| ૧૭. | જાહેર સાહસો માટેની સમિતિનો પહેલો તથા બીજો અહેવાલ. | ૧૮-૮-૧૯૬૯ | — |
| ૧૮. | નિયમો માટેની સમિતિનો ત્રીજો તથા ચોથો અહેવાલ. | ૨૭-૮-૧૯૬૯ | તા. ૧-૯-૬૯ના રોજ સભાગૃહ સમિતિના ત્રીજા અહેવાલ સાથે સંમત થયું હતું. |

## અભિનંદન કે આશ્વાસન માટેના પ્રસ્તાવો (નિયમ ૧૦૧)

ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ ૧૦૧ અન્વયે અભિનંદન કે આશ્વાસન માટેના પ્રસ્તાવોની ૪ સૂચનાઓ આવી હતી જે બધી નામંજૂર થઈ હતી.

### શોકદર્શક ઉલ્લેખ

ભારતના રાષ્ટ્રપતિ ડૉ. ઝાકીર હુસેનના અવસાન અંગેનો શોકદર્શક ઉલ્લેખ સોમવાર, તા. ૧૧મી ઓગસ્ટ, ૧૯૬૯ના રોજ કરવામાં આવ્યા બાદ સદગતના માનમાં સભાગૃહનું કામકાજ મુલતવી રાખવામાં આવ્યું હતું.

ભૂતપૂર્વ સૌરાષ્ટ્ર વિધાનસભાના સભ્ય શ્રી ચંદ્રસિંહજી કાળુભા અને શ્રી વિક્રમસિંહજીના અવસાન અંગેના શોકદર્શક ઉલ્લેખો અનુક્રમે મંગળવાર, તા. ૧૨મી ઓગસ્ટ, ૧૯૬૯ અને સોમવાર, તા. ૨૫મી ઓગસ્ટ, ૧૯૬૯ના રોજ સભાગૃહમાં કરવામાં આવ્યા હતા અને સદગતોને અંજલિઓ આપ્યા બાદ સભાગૃહના સભ્યોએ ઉભા થઈ થોડીવાર મૌન પાળ્યું હતું.

### વિભાજન અને સભાત્યાગ

અધિવેશન દરમ્યાન થયેલ વિભાજન અને સભાત્યાગને લગતી માહિતી પત્રક ક્રમાંક ૧૭માં આપી છે.

### વિધાનસભાની કાર્યવાહી જોવા આવેલા પ્રેક્ષકો.

| | | |
|---|---|---|
| (ક) | પ્રેક્ષકો માટેની દીર્ઘામાં આવેલા પ્રેક્ષકો. | ૩૯૫૩ |
| (ખ) | ૩૩ શૈક્ષણિક સંસ્થાઓ અને શાળાઓમાંથી વિધાનસભાની કાર્યવાહી જોવા માટે આવેલા પ્રેક્ષકોની સંખ્યા. | ૨૧૪૫ |
| (ગ) | અધ્યક્ષ દીર્ઘામાં આવેલા પ્રેક્ષકોની સંખ્યા. | ૧૭૮ |
| (ઘ) | અતિથિ વિશેષ દીર્ઘામાં આવેલા પ્રેક્ષકોની સંખ્યા. | ૩૧૪ |
| | કુલ | ૬૫૯૦ |

## પત્રક ક્રમાંક—૧

### સભ્યશ્રીઓએ વ્યક્તિગત રીતે આપેલી હાજરી

| ક્રમાંક<br>૧ | સભ્યનું નામ<br>૨ | કુલ હાજરી<br>૩ |
|---|---|---|
| ૧. | શ્રી અનવરબેગ અહેમદબેગ મીરઝાં | સંસદીય સચિવશ્રી |
| ૨. | શ્રી અબ્દુલ રહીમ તાજુજી કુંદીવાલા | ૧૭ |
| ૩. | શ્રી અભેસિંહ કોદરભાઈ પરમાર | ૧૩ |
| ૪. | શ્રી અમરસિંહ દીપસિંહ પરમાર | ૧૭ |
| ૫. | શ્રી અમરસિંહ ભુપતસિંહ વાઘેલા | ૧૭ |
| ૬. | શ્રી અમૃતલાલ અંબાલાલ પટેલ | ૧૭ |
| ૭. | શ્રી અર્જુનસિંહ ભારતસિંહ ઠાકોર | ૯ |
| ૮. | શ્રીમતી અરૂણાબેન ગંભીરભાઈ પટેલ | ૧૭ |
| ૯. | શ્રી ગણપતલાલ જેઠાલાલ ત્રિવેદી | ૧૭ |
| ૧૦. | શ્રી આનંદલાલ ચીમનલાલ મહેતા | ૧૪ |
| ૧૧. | શ્રી ઈન્દુભાઈ ચતુરભાઈ પટેલ | ૧૬ |
| ૧૨. | શ્રી ઉત્તમભાઈ હરજીભાઈ પટેલ | ૧૬ |
| ૧૩. | શ્રી ઉદેસિંહ વીરસિંહ વડોદિયા | ૧૭ |
| ૧૪. | શ્રી ઉર્મિલાબહેન પ્રેમશંકર ભટ્ટ | નાયબ મંત્રીશ્રી |
| ૧૫. | શ્રી કમળાશંકર ભુલેશ્વર દવે | ૧૭ |
| ૧૬. | શ્રી કરસનભાઈ હરિભાઈ ચૌધરી | ૧૬ |
| ૧૭. | શ્રી કસ્તુરલાલ નગીનદાસ દોશી | ૧૬ |
| ૧૮. | શ્રી કાનજીભાઈ કચરા મ્હોરી | ૧૭ |
| ૧૯. | શ્રી પુરૂષોત્તમદાસ રણછોડદાસ પટેલ | ૧૭ |
| ૨૦. | શ્રી કાંતિલાલ ફૂલચંદ ઘીયા | ૧૬ |
| ૨૧. | શ્રી કિશોરસિંહ કાળુસિંહ પરમાર | ૧૬ |
| ૨૨. | શ્રી કુરજી ડુંગર પટેલ | ૧૪ |
| ૨૩. | શ્રી કેશવજી ગોકલદાસ રાયચુરા | ૧૭ |
| ૨૪. | શ્રી કેશવભાઈ રતનજી પટેલ | ૧૭ |
| ૨૫. | શ્રી કેસર ભગવાન ડોડિયા | ૧૭ |

| ૧ | ૨ | ૩ |
|---|---|---|
| ૨૬. | શ્રી ખોડુભા અભેસિંગ વાઘેલા | ૧૭ |
| ૨૭. | શ્રીમતી ગંગાબહેન અમૃતલાલ વાઘેલા | ૧૭ |
| ૨૮. | શ્રી ગંગારામ ચુનીલાલ રાવળ | ૧૩ |
| ૨૯. | શ્રી ગુમાનસિંહ વિરમસિંહ વાઘેલા | ૧૬ |
| ૩૦. | શ્રી ગોરધનદાસ રણછોડદાસ ચોખાવાલા | મંત્રીશ્રી |
| ૩૧. | શ્રી ગોવિંદભાઈ હરિભાઈ પટેલ | ૧૭ |
| ૩૨. | શ્રી ગોસાઈભાઈ છીબાભાઈ પટેલ | ૧૭ |
| ૩૩. | શ્રી ગૌરીશંકર ધનેશ્વર પાઠક | ૧૭ |
| ૩૪. | શ્રી ચંદ્રકાન્ત મૂળજીભાઈ પરીખ | ૧૭ |
| ૩૫. | શ્રી ચંદ્રશંકર મણીશંકર ભટ્ટ | ૧૪ |
| ૩૬. | શ્રી ચંદ્રસિંહજી દીપસિંહજી જાડેજા | ૧૧ |
| ૩૭. | શ્રી ચીમનભાઈ જીવાભાઈ પટેલ | મંત્રીશ્રી |
| ૩૮. | શ્રી ચીમનલાલ હરિલાલ શુકલ | ૧૪ |
| ૩૯. | શ્રી ચુનીલાલ ગણેશદાસ પટેલ | ૧૬ |
| ૪૦. | શ્રી ચુનીલાલ પોપટલાલ ચુડગર | ૧૭ |
| ૪૧. | શ્રી ચુનીલાલ બીજલભાઈ વસાવા | ૧૭ |
| ૪૨. | શ્રી છબીલદાસ પ્રાગજીભાઈ મહેતા | ૧૭ |
| ૪૩. | શ્રી છોટુભાઈ નાથુભાઈ રાઠોડ | ૧૭ |
| ૪૪. | શ્રી જગતા પુરા પરમાર | ૧૭ |
| ૪૫. | શ્રી જમુભાઈ પુંજીરામ ભટ્ટ | ૧૨ |
| ૪૬. | શ્રી જશવંતરાય નાનુભાઈ મહેતા | મંત્રીશ્રી |
| ૪૭. | શ્રી જશવંતલાલ સૌભાગ્યચંદ શાહ | ૧૭ |
| ૪૮. | શ્રી જાલમસિંહ હિંમતસિંહજી જાદવ | ૧૭ |
| ૪૯. | શ્રી જીણાભાઈ દેવરાજભાઈ કણસાગરા | ૧૭ |
| ૫૦. | શ્રી જેઠાભાઈ ભુરાભાઈ રાઠોડ | ૧૪ |
| ૫૧. | શ્રી જેશીંગભાઈ ગોવિંદભાઈ પરમાર | ૧૭ |
| ૫૨. | મહારાવલશ્રી જયદીપસિંહજી | ૧૫ |
| ૫૩. | શ્રી જયરામ આણંદભાઈ પટેલ | નાયબ મંત્રીશ્રી |

| ૧ | ૨ | ૩ |
|---|---|---|
| ૫૪. | શ્રી જ્વસિંહ માનસિંહ સોલંકી | — |
| ૫૫. | શ્રી જ્યંતિલાલ વીરચંદ શાહ | ૧૭ |
| ૫૬. | શ્રી ઝીણાભાઈ રામસંગભાઈ વસાવા | ૧૬ |
| ૫૭. | શ્રી ઝુમખલાલ લખમીચંદ મહેતા | ૧૩ |
| ૫૮. | શ્રી ટીટાભાઈ મેઘજીભાઈ હઠીલા | ૧૭ |
| ૫૯. | શ્રી ઠાકોરભાઈ મણીભાઈ દેસાઈ | મંત્રીશ્રી |
| ૬૦. | શ્રી ડાહ્યાભાઈ બાવલભાઈ જાદવ | ૧૭ |
| ૬૧. | શ્રી ત્રિકમલાલ જમનાદાસ પટેલ | ૧૭ |
| ૬૨. | શ્રી દલજિતસિંહજી હિંમતસિંહજી | ૩ |
| ૬૩. | શ્રી દલસુખભાઈ જેરામભાઈ પટેલ | ૧૭ |
| ૬૪. | શ્રી દિગ્વિજયસિંહજી પ્રતાપસિંહજી | ૧૫ |
| ૬૫. | શ્રી દેવજીભાઈ સદાભાઈ પરમાર | ૧૭ |
| ૬૬. | શ્રી દ્વારકાદાસ વિઠ્ઠલદાસ બારાઈ | ૧૭ |
| ૬૭. | શ્રી ધર્મસિંહભાઈ ડાહ્યાભાઈ પટેલ | ૧૭ |
| ૬૮. | શ્રી ધર્મેન્દ્રસિંહજી બહાદુરસિંહજી રાણા | ૧૭ |
| ૬૯. | શ્રી ધીરજલાલ બકોરદાસ મહેતા | ૧૫ |
| ૭૦. | શ્રી નટવરસિંહજી કેસરીસિંહજી સોલંકી | ૧૬ |
| ૭૧. | શ્રી નરસિંહદાસ ગોરધનદાસ ગોંધિયા | ૧૭ |
| ૭૨. | શ્રી નરહરિલાલ ઈશ્વરલાલ પુરોહિત | ૧૭ |
| ૭૩. | શ્રી નરેન્દ્રસિંહ અગરસિંહજી ઝાલા | ૧૭ |
| ૭૪. | શ્રી નવલચંદ મોતીલાલ કંસારા | ૧૬ |
| ૭૫. | શ્રી નાગજીભાઈ ગોવિંદભાઈ આર્ય | ૧૭ |
| ૭૬. | શ્રી નવિનભાઈ પ્રેમજીભાઈ પટેલ | ૧૭ |
| ૭૭. | શ્રી નારણભાઈ કાલીદાસ પટેલ | ૧૭ |
| ૭૮. | શ્રી નારણભાઈ પાલાભાઈ ગઢિયા | ૧૭ |
| ૭૯. | શ્રી નારણભાઈ શિવજીભાઈ પટેલ | ૧૫ |
| ૮૦. | શ્રીમતી નિર્મળાબહેન હાસાનંદ ગજવાણી | ૪ |
| ૮૧. | શ્રી પરભુભાઈ ધનાભાઈ પટેલ | ૩ |

| ૧ | ૨ | ૩ |
|---|---|---|
| ૮૨. | શ્રી પરમાણંદદાસ જીવાભાઈ ઓઝા | નાયબ મંત્રીશ્રી |
| ૮૩. | શ્રી પરવતસિંહ ધમીરસિંહ પરમાર | ૧૭ |
| ૮૪. | શ્રી પરસોત્તમભાઈ ઉકેડભાઈ ભીલ | ૧૭ |
| ૮૫. | શ્રી પાલાભાઈ નારણદાસ પરમાર | ૧૭ |
| ૮૬. | શ્રી પોપટલાલ ડાહ્યાભાઈ કક્કડ | ૧૦ |
| ૮૭. | શ્રી પોપટલાલ મૂળશંકર વ્યાસ | ૧૭ |
| ૮૮. | શ્રી પ્રતાપરાય તારાચંદ શાહ | ૧૪ |
| ૮૯. | શ્રી પ્રભુલાલ કાનજી દવે | ૧૫ |
| ૯૦. | શ્રી પ્રવિણચંદ્રસિંહજી ગંભીરસિંહજી | ૧૫ |
| ૯૧. | શ્રી પ્રેમજી ભવાનજી ઠક્કર | મંત્રીશ્રી |
| ૯૨. | શ્રી ફત્તેસિંહરાવ પ્રતાપસિંહરાવ ગાયકવાડ | મંત્રીશ્રી |
| ૯૩. | શ્રી ફુલજીભાઈ ડોહજીભાઈ પટેલ | ૧૭ |
| ૯૪. | શ્રી બહાદુરભાઈ કુથાભાઈ પટેલ | ૧૩ |
| ૯૫. | શ્રી બાબુભાઈ જશભાઈ પટેલ | મંત્રીશ્રી |
| ૯૬. | શ્રી બાલાશંકર જેશંકર જોષી | ૧૭ |
| ૯૭. | શ્રી બાલુભાઈ હરજીભાઈ પટેલ | ૧૭ |
| ૯૮. | શ્રી બેચરભાઈ ભગવાનજી ગજેરા | ૧૭ |
| ૯૯. | શ્રી ભગવાનભાઈ કાનજીભાઈ પટેલ | ૧૬ |
| ૧૦૦. | શ્રી ભાઈજીભાઈ ગરબડભાઈ તડવી | ૧૭ |
| ૧૦૧. | શ્રી ભાઈલાલભાઈ ઘાભાઈ પટેલ | ૧૦ |
| ૧૦૨. | શ્રી ભાઈલાલભાઈ મણીલાલ પટેલ | ૧૭ |
| ૧૦૩. | શ્રી ભાણજી ભીમજી પટેલ | ૧૭ |
| ૧૦૪. | શ્રી ભીમસીંગભાઈ ફ્રેન્જસીંગ વસાવે | ૧૭ |
| ૧૦૫. | શ્રી ભીમસીંગભાઈ સીવાભાઈ ગામીત | ૧૭ |
| ૧૦૬. | શ્રી ભુપેન્દ્રસિંહજી ગજેસિંહજી જાડેજા | ૧૪ |
| ૧૦૭. | શ્રી ભુલાભાઈ વિઠ્ઠલભાઈ પટેલ | ૧૭ |
| ૧૦૮. | શ્રી ભોગીલાલ કાનજીભાઈ પટેલ | ૧૭ |
| ૧૦૯. | શ્રી મણીભાઈ આશારામ શાહ | ૧૭ |

| ૧ | ૨ | ૩ |
|---|---|---|
| ૧૧૦. | શ્રી મધુભાઈ દાદુભાઈ દેસાઈ | ૧૪ |
| ૧૧૧. | શ્રી મનહરભાઈ અમરાભાઈ ચાવડા | ૧૩ |
| ૧૧૨. | શ્રી મનહરભાઈ ચંદુલાલ શાહ | ૧૭ |
| ૧૧૩. | શ્રી મનહરલાલ તુળજાશંકર શુક્લ | ૧૭ |
| ૧૧૪. | શ્રી મનુભાઈ રાજારામ પંચોળી | ૯ |
| ૧૧૫. | શ્રી મનુભાઈ હરિલાલ પાલખીવાળા | ૧૫ |
| ૧૧૬. | શ્રી મનોહરસિંહજી પ્રદ્યુમનસિંહજી જાડેજા | ૧૩ |
| ૧૧૭. | ડૉ. મહિપતરાય મૂળશંકર મહેતા | ૬ |
| ૧૧૮. | શ્રી મંગળદાસ ગોરધનદાસ પોલા | ૧૭ |
| ૧૧૯. | શ્રી માણેકભાઈ સોમાભાઈ તડવી | ૧૭ |
| ૧૨૦. | શ્રી માંનાભાઈ રેવાભાઈ ભાંભી | ૧૭ |
| ૧૨૧. | શ્રી માધવલાલ ભાઈલાલ શાહ | નાયબ મંત્રીશ્રી |
| ૧૨૨. | શ્રી માધવલાલ લલ્લુભાઈ પાધ્યા | ૧૬ |
| ૧૨૩. | શ્રી માધવસિંહ ફૂલસિંહ સોલંકી | ૧૭ |
| ૧૨૪. | શ્રી માર્તંડરાય ગંગાશંકર શાસ્ત્રી | ૧૭ |
| ૧૨૫. | શ્રી મોહનલાલ ગોકળભાઈ પટેલ | ૧૨ |
| ૧૨૬. | શ્રી મોહમંદહુસેન અબ્દુલસમદ ગોલંદાઝ | ૧૭ |
| ૧૨૭. | શ્રી રણજીતસિંહજી ભાંવસિંહજી ગોહિલ | ૧૭ |
| ૧૨૮. | શ્રી રતનભાઈ ગોવિંદભાઈ ગાવિત | ૧૭ |
| ૧૨૯. | શ્રી રતિલાલ ખુશાલદાસ પટેલ | ૧૫ |
| ૧૩૦. | શ્રી રમણલાલ ધનાભાઈ પટેલ | ૧૭ |
| ૧૩૧. | શ્રી રાઘવજી થોભણભાઈ લેઉવા | અધ્યક્ષશ્રી |
| ૧૩૨. | શ્રી રામજીભાઈ રૂપાભાઈ ચૌધરી | ૧૭ |
| ૧૩૩. | શ્રી રામુભાઈ જેઠાભાઈ ભાટિયા | ૧૭ |
| ૧૩૪. | શ્રી રામુભાઈ બાલુભાઈ જાદવ | ૧૫ |
| ૧૩૫. | શ્રી રાયસિંહજી કેસરીસિંહજી જાડેજા | ૬ |
| ૧૩૬. | શ્રી લાલસિંહજી કિશોરસિંહજી રહેવર | ૧૭ |
| ૧૩૭. | શ્રી લીલાધર પ્રાણજીવન પટેલ | ૧૫ |

| ૧ | ૨ | ૩ |
|---|---|---|
| ૧૩૮. | શ્રીમતી વસંતબહેન જયસુખભાઈ શાહ | ૧૭ |
| ૧૩૯. | શ્રી વસંતલાલ વલભદાસ મહેતા | ૧૭ |
| ૧૪૦. | ડૉ. વસંતલાલ વૃજલાલ પરીખ | ૧૩ |
| ૧૪૧. | શ્રી વાડીલાલ લલ્લુભાઈ મહેતા | ૬ |
| ૧૪૨. | શ્રી વિજયકુમાર માધવરાય ત્રિવેદી | ૧૫ |
| ૧૪૩. | શ્રી વિજયસિંહજી ભારતસિંહજી ચૌહાણ | ૧૪ |
| ૧૪૪. | શ્રી વિનુભાઈ ભગવાનદાસ કોટડાવાલા | ૧૧ |
| ૧૪૫. | શ્રી વિનોદચંદ્ર ચુનીલાલ શાહ | સંસદીય સચિવશ્રી |
| ૧૪૬. | શ્રી વીરજી ભીમજી દાફડા | ૧૩ |
| ૧૪૭. | શ્રી વિરસિંહ ભુલાભાઈ પસાયા | ૧૭ |
| ૧૪૮. | શ્રી વીરૂમલ ખુશાલદાસ તારાચંદાની | ૧૭ |
| ૧૪૯. | શ્રી શંકરભાઈ દેસાઈભાઈ વાઘેલા | ૧૬ |
| ૧૫૦. | શ્રી શંકરલાલ મોહનલાલ પટેલ | ૧૭ |
| ૧૫૧. | શ્રી શંભુભાઈ દેવજી પટેલ | ૧૭ |
| ૧૫૨. | શ્રી શામળભાઈ લલ્લુભાઈ પટેલ | ૧૨ |
| ૧૫૩. | શ્રીમતી શાંતાબેન ભોળાભાઈ પટેલ | ૧૫ |
| ૧૫૪. | શ્રી શાંતિલાલ રણછોડદાસ શાહ | મંત્રીશ્રી |
| ૧૫૫. | શ્રી શાંતિલાલ સ્વરૂપચંદ શાહ | નાયબ મંત્રીશ્રી |
| ૧૫૬. | શ્રી શિવભદ્રસિંહજી કૃષ્ણકુમારસિંહજી ગોહિલ | ૧૪ |
| ૧૫૭. | શ્રી શિવરાજકુમાર ખાચર | ૧૬ |
| ૧૫૮. | શ્રી સતુભાઈ દેવુભાઈ ઠાકરિયા | ૧૫ |
| ૧૫૯. | શ્રી સનતકુમાર મગનલાલ મહેતા | ૧૭ |
| ૧૬૦. | શ્રીમતી સુમિત્રાબહેન હરિપ્રસાદ ભટ્ટ | ૧૪ |
| ૧૬૧. | શ્રી સુરેન્દ્રસિંહજી જોરાવરસિંહજી ઝાલા | ૩ |
| ૧૬૨. | શ્રી સુલેમાન યુસુફ ઉનિયા | ૧૭ |
| ૧૬૩. | ડૉ. સોમાભાઈ છક્કડભાઈ દેસાઈ | ૧૭ |
| ૧૬૪. | શ્રી હરિભાઈ રતનાભાઈ ડોરિયા | ૧૭ |
| ૧૬૫. | શ્રી હિતેન્દ્રભાઈ કનૈયાલાલ દેસાઈ | મુખ્ય મંત્રીશ્રી |
| ૧૬૬. | શ્રી હિંમતભાઈ મથુરભાઈ રજવાડી | નાયબ મંત્રીશ્રી |
| ૧૬૭. | શ્રી હિરૂભાઈ મૂળજીભાઈ પટેલ | ૨ |
| ૧૬૮. | શ્રીમતી હીરાબેન લાલચંદ નીનામા | ૧૬ |

## પત્રક ક્રમાંક-૨

### સભ્યશ્રીઓની તારીખવાર હાજરી

(અધ્યક્ષ, મંત્રી, નાયબમંત્રી અને સંસદીય સચિવ સિવાય)

| તારીખ | હાજર | ગેરહાજર | કુલ સંખ્યા |
|---|---|---|---|
| ૧૧-૮-૧૯૬૯ | ૧૨૫ | ૨૫ | ૧૫૦ |
| ૧૨-૮-૧૯૬૯ | ૧૨૮ | ૨૨ | ૧૫૦ |
| ૧૩-૮-૧૯૬૯ | ૧૩૩ | ૧૭ | ૧૫૦ |
| ૧૪-૮-૧૯૬૯ | ૧૩૬ | ૧૪ | ૧૫૦ |
| ૧૬-૮-૧૯૬૯ | ૧૪૭ | ૩ | ૧૫૦ |
| ૧૮-૮-૧૯૬૯ | ૧૩૪ | ૧૬ | ૧૫૦ |
| ૧૯-૮-૧૯૬૯ | ૧૩૦ | ૨૦ | ૧૫૦ |
| ૨૦-૮-૧૯૬૯ | ૧૩૧ | ૧૯ | ૧૫૦ |
| ૨૧-૮-૧૯૬૯ | ૧૩૫ | ૧૫ | ૧૫૦ |
| ૨૨-૮-૧૯૬૯ | ૧૩૬ | ૧૪ | ૧૫૦ |
| ૨૫-૮-૧૯૬૯ | ૧૨૯ | ૨૧ | ૧૫૦ |
| ૨૬-૮-૧૯૬૯ | ૧૨૯ | ૨૧ | ૧૫૦ |
| ૨૭-૮-૧૯૬૯ | ૧૩૧ | ૧૯ | ૧૫૦ |
| ૨૮-૮-૧૯૬૯ | ૧૩૪ | ૧૬ | ૧૫૦ |
| ૧-૯-૧૯૬૯ | ૧૩૩ | ૧૭ | ૧૫૦ |
| ૨-૯-૧૯૬૯ | ૧૩૬ | ૧૪ | ૧૫૦ |
| ૩-૯-૧૯૬૯ | ૧૩૮ | ૧૨ | ૧૫૦ |

## પત્રક ક્રમાંક ૩

## અધિવેશન દરમ્યાન ગુજરાત વિધાનસભામાં રોજેરોજ થયેલા કામકાજનો સારાંશ

### સોમવાર, તા. ૧૧મી ઓગસ્ટ, ૧૯૬૯

૧. (૧) અધ્યક્ષશ્રીએ જાહેર કર્યું કે વિ. સ. સ. શ્રી મનુભાઈ પાલખીવાળાને ઈન્ડિયન પિનલ કોડની કલમ ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૩૩૩, ૩૩૭ અને ૪૨૭ તેમજ મુંબઈ પોલીસ એક્ટની કલમ ૧૩૫ અને તેના ગુનાઓ માટેના આરોપ બદલ તારીખ ૮-૮-૧૯૬૯ના રોજ ૧૧-૦૦ વાગ્યે પકડવામાં આવ્યા હતા અને તા. ૯-૮-૧૯૬૯ના રોજ અમદાવાદની અગિયારમી મેજિસ્ટ્રેટ કોર્ટના હુકમ અનુસાર અમદાવાદ સેન્ટ્રલ પ્રિઝન, સાબરમતીમાં રાખવામાં આવ્યા છે.

(૨) અધ્યક્ષશ્રીએ વધુમાં જાહેર કર્યું કે વિ. સ. સ. શ્રી સનત મહેતાને રાજભવન ઉપર મોરચો લઈ જવાનો પ્રયાસ કરતાં, અમદાવાદના પોલીસ કમિશનરે બોમ્બે પોલીસ એક્ટની કલમ (૩૭) (૩) અન્વયે કાઢેલા જાહેરનામાનો ભંગ કરવા બદલ તેમજ તે અંગેની કલમ ૬૯ અન્વયે તા. ૯-૮-૬૯ના રોજ બપોરના સવાબાર કલાકે અટકાવવામાં આવ્યા હતા અને તે જ દિવસે સાંજના ચાર વાગ્યે અટકાયતમાંથી મુક્ત કરવામાં આવ્યા હતા.

(૨) ભારતના રાષ્ટ્રપતિ ડૉ. ઝાકીરહુસેનના અવસાન અંગે શોકદર્શક ઉલ્લેખો થયા અને સદ્‌ગતને સ્મરણાંજલિ આપવામાં આવી. ત્યારબાદ સદ્‌ગત રાષ્ટ્રપતિ ડૉ. ઝાકીર-હુસેનના માનમાં કંઈ પણ કામકાજ કર્યા સિવાય સભા મુલતવી રહી.

### મંગળવાર, તા. ૧૨મી ઓગસ્ટ, ૧૯૬૯

૧. પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેના ઉત્તરો આપવામાં આવ્યા.

૨. વિ. સ. સ. શ્રી ભાઈલાલભાઈ પટેલે રાજ્યમાં સીંગતેલના ઝડપથી વધી રહેલા ભાવો અને પરિણામે મુશ્કેલીમાં મુકાયેલો ગરીબ અને મધ્યમ વર્ગ અને તે અંગે રાજ્ય સરકારે લીધેલાં તાકીદનાં પગલાં તરફ નાગરિક પુરવઠા મંત્રીશ્રીનું ધ્યાન દોર્યું.

નાગરિક પુરવઠા મંત્રી શ્રી બાબુભાઈ પટેલે તેમનું નિવેદન ગૃહને રજૂ કર્યું. સભ્યોએ નિવેદનમાંથી ઉપસ્થિત થતા પ્રશ્નો પૂછ્યા અને મંત્રીશ્રીએ તેના જવાબ આપ્યા.

૩. તા.૧૧-૮-૬૯ના રોજ મળેલી કામકાજ સલાહકાર સમિતિની ભલામણો, સમિતિના પ્રમુખ અને અધ્યક્ષશ્રીએ સભાગૃહના મેજ ઉપર મૂકતાં જણાવ્યું કે આ ભલામણોની નકલો સભ્યોનાં ટપાલ ખાનામાં મૂકવામાં આવશે અને મજકૂર ભલામણો માન્ય કરવા બાબતનો પ્રસ્તાવ સંસદીય બાબતોના મંત્રીશ્રી વિશ્રાંતિ બાદ રજૂ કરશે.

૪. અધ્યક્ષશ્રીએ જાહેર કર્યું કે, ગુરુવાર, તા. ૧૪-૮-૬૯ના રોજ સભાગૃહની બેઠકનો સમય સવારના ૮-૦૦ થી બપોરના ૧-૦૦ સુધીનો રહેશે, તેમજ શનિવાર, તા. ૧૬-૮-૬૯ના રોજ સભાગૃહની બેઠકનો સમય બપોરના ૧૨-૦૦ થી સાંજના ૪-૦૦ સુધીનો રહેશે.

તેમણે વધુમાં જણાવ્યું કે, સત્ર દરમિયાન અઠવાડિયાના છેલ્લા કામકાજના દિવસે પછી તે ગુરુવાર હોય કે શુક્રવાર હોય, જે હોય તે દિવસે સભાગૃહની બેઠકનો સમય સવારના ૮-૦૦ થી બપોરના ૧-૦૦ સુધીનો રહેશે.

૫. ભૂતપૂર્વ સૌરાષ્ટ્ર વિધાનસભાના સભ્ય, શ્રી ચંદ્રસિંહજી કાળુભાના અવસાન અંગે શોકદર્શક ઉલ્લેખો થયા અને સદ્‌ગતને સ્મરણાંજલિ આપવામાં આવી.

૬. નાણા મંત્રી શ્રી જશવંતરાય મહેતાએ સન ૧૯૬૯-૭૦ના વર્ષ માટેના ખર્ચના પૂરક પત્રકની રજૂઆત કરી.

૭. નગરપાલિકાના મંત્રીશ્રી ગોરધનદાસ ચોખાવાળાએ સન ૧૯૬૯નો ગુજરાત નગરપાલિકા (સુધારા) વટહુકમ (ગુજરાતનો સન ૧૯૬૯નો વટહુકમ ક્રમાંક-૧) વિધાન-સભાના મેજ ઉપર મૂકયો.

૮. નગરપાલિકાના મંત્રી, શ્રી ગોરધનદાસ ચોખાવાળાએ સન ૧૯૬૯નો ગુજરાત નગરપાલિકા (દ્વિતીય સુધારો) વટહુકમ (ગુજરાતનો સન ૧૯૬૯નો વટહુકમ ક્રમાંક-૨) વિધાસભાના મેજ ઉપર મૂકયો.

૯. મહેસૂલ મંત્રી, શ્રી પ્રેમજીભાઈ ઠક્કરે સન ૧૯૬૯નો મુંબઈ ગણોત વહીવટ અને ખેતીની જમીન (ગુજરાત સુધારા) વટહુકમ (ગુજરાતનો સન ૧૯૬૯નો વટહુકમ ક્રમાંક-૩) વિધાનસભાના મેજ ઉપર મૂકયો.

૧૦. મુખ્ય મંત્રી, શ્રી હિતેન્દ્ર દેસાઈએ ગુજરાત પબ્લિક સર્વિસ કમિશનનો સન ૧૯૬૭-૬૮નો (આઠમો) વાર્ષિક અહેવાલ તેમજ જે કિસ્સાઓમાં કમિશનની સલાહ સ્વીકારવામાં આવી નથી તે કિસ્સાઓમાં તે ન સ્વીકારવા માટેનાં કારણો દર્શાવતી યાદી વિધાનસભાના મેજ ઉપર મૂકયાં.

૧૧. મુખ્ય મંત્રી, શ્રી હિતેન્દ્ર દેસાઈએ ચોથી પંચવર્ષીય યોજનાનો ખરડો તથા દરખાસ્તો ઘડવા માટે રચાયેલા કાર્યકારી જૂથોના અહેવાલો વિધાનસભાના મેજ ઉપર મૂકયા.

૧૨. સચિવશ્રીએ જે ત્રણ વિધેયકોને રાષ્ટ્રપતિશ્રીની અને એક વિધેયકને રાજ્ય-પાલશ્રીની અનુમતિ મળી હતી તેનાં નામ વાંચી સંભળાવ્યાં.

૧૩. ઉદ્યોગ મંત્રી, શ્રી જશવંતરાય મહેતાએ પ્રસ્તાવ રજૂ કર્યો કે ગુજરાત મિનરલ ડેવલપમેન્ટ કોર્પોરેશનનું સન ૧૯૬૬-૬૭ અને ૧૯૬૭-૬૮નું કામકાજ વિચારણામાં લેવામાં આવે. પ્રસ્તાવ પર ચર્ચા થઈ. ચર્ચાનો જવાબ ઉદ્યોગ મંત્રીશ્રીએ આપ્યો. ચર્ચા પૂરી થઈ.

૧૪. વિશ્રાંતિ પહેલાં ગૃહના મેજ ઉપર મૂકવામાં આવેલી કામકાજ સલાહકાર સમિતિની ભલામણો માન્ય કરવા બાબતનો પ્રસ્તાવ સંસદીય બાબતોના મંત્રી, શ્રી ચીમનભાઈ પટેલે રજૂ કર્યો. પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો અને સ્વીકારવામાં આવ્યો.

૧૫. સહકાર મંત્રી, શ્રી ઠાકોરભાઈ દેસાઈએ પ્રસ્તાવ રજૂ કર્યો કે ભાવનગર પબ્લિક ડેરી લિમિટેડનું સન ૧૯૬૬-૬૭ અને ૧૯૬૭-૬૮નું કામકાજ વિચારણામાં લેવામાં આવે. પ્રસ્તાવ પર ચર્ચા થઈ. ચર્ચાનો જવાબ સહકાર મંત્રીશ્રીએ આપ્યો. ચર્ચા પૂરી થઈ.

## બુધવાર, તા. ૧૩મી ઓગસ્ટ, ૧૯૬૯

૧. પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેના ઉત્તરો આપવામાં આવ્યા.

પ્રશ્નોત્તરી દરમિયાન સભાગૃહના લાઉડસ્પીકરની વ્યવસ્થામાં ખામી ઉભી થઈ હોવાથી ગૃહનું કામ અરધા કલાક માટે મુલતવી રાખવામાં આવ્યું હતું.

૨. વિ. સ. સ. શ્રી ઉત્તમભાઈ પટેલે રાજ્યમાં જુદા જુદા જિલ્લાઓના કેટલાક ભાગમાં વરસાદના અભાવે વાવણી પણ શરૂ થઈ નથી અને તેથી અછતની ભારે પરિસ્થિતિ પ્રવર્તે છે અને લોકો ભારે મુશ્કેલીમાં મુકાયા છે તે અંગે સરકારે લીધેલાં પગલાં તરફ મહેસૂલ મંત્રીશ્રીનું ધ્યાન દોર્યું.

મહેસૂલ મંત્રી, શ્રી પ્રેમજીભાઈ ઠક્કરે તેમનું નિવેદન ગૃહને રજૂ કર્યું. સભ્યોએ નિવેદનમાંથી ઉપસ્થિત થતા પ્રશ્નો પૂછ્યા અને મંત્રીશ્રીએ તેના જવાબ આપ્યા.

૩. અધ્યક્ષશ્રીએ જાહેર કર્યું કે વિ. સ. સ. શ્રી મનુભાઈ પાલખીવાળાને જાત મુચરકા ઉપર કોર્ટે તા. ૧૨-૮-૬૯ના રોજ છોડયા છે.

૪. પંચાયત મંત્રી, શ્રી ઠાકોરભાઈ દેસાઈએ જિલ્લા અને તાલુકા પંચાયતોને સોંપવામાં આવેલાં કાર્યો તથા યોજનાઓ માટે મળેલી સરકારી ગ્રાંટમાંથી કરેલા ખર્ચને લગતો જિલ્લા અને તાલુકા પંચાયતોનો સન ૧૯૬૪-૬૫ના વર્ષનો ઓડિટ અહેવાલ વિધાનસભાના મેજ ઉપર મૂકયો.

૫. બિન-સરકારી સભ્યોનાં કામકાજ માટેની સમિતિના પ્રમુખ, શ્રી પ્રવીણચંદ્ર-સિંહજીએ સમિતિના પંદરમા અહેવાલની રજૂઆત કરી અને ત્યારબાદ અહેવાલને મંજૂર રાખવા બાબતનો પ્રસ્તાવ રજૂ કર્યો. પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો અને તે સ્વીકારવામાં આવ્યો.

૬. પ્રભારી મંત્રી, શ્રી જશવંતરાય મહેતાએ સન ૧૯૬૯નું વિ. સ. વિધેયક ક્રમાંક ૩૦-સન ૧૯૬૯નાં ગુજરાત વેચાણવેરા વિધેયકની વિચારણા કરવા બાબતની રાજ્ય-પાલશ્રીની સંવિધાનના અનુચ્છેદ ૨૦૭(૧) તેમજ રાષ્ટ્રપતિશ્રીની સંવિધાનના અનુ-ચ્છેદ ૩૦૪(બી) અન્વયેની મંજૂરી વાંચી સંભળાવી વિધેયક દાખલ કર્યું, પહેલા વાચનનો પ્રસ્તાવ રજૂ કર્યો અને મંત્રીશ્રીએ તેમનું છાપેલું પ્રવચન વાંચ્યું. વિધેયકના પહેલા વાચન પર ચર્ચા કરવામાં આવી. ત્યારપછી વિધેયકનું પહેલું વાચન કરવામાં આવ્યું. નાણા મંત્રીશ્રીએ પ્રસ્તાવ રજૂ કર્યો કે આ વિધેયકને ૧૫ સભ્યોની બનેલી પ્રવર સમિતિને તા. ૨૫-૮-૬૯ પહેલાં અહેવાલ રજૂ કરવાની સૂચના સાથે સોંપવામાં આવે. પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.

અધ્યક્ષશ્રીએ નિયમ ૧૫૬ અન્વયે નાણા મંત્રીશ્રીને સમિતિના પ્રમુખ તરીકે નિયુક્ત કર્યા.

## ગુરૂવાર, તા. ૧૪મી ઓગસ્ટ, ૧૯૬૯

૧. પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેના ઉત્તરો આપવામાં આવ્યા.

૨. નાણા મંત્રી, શ્રી જશવંતરાય મહેતાએ જેના માટે પૂરક માગણીઓ રજૂ કરવામાં આવી ન હોય તેવી, તા. ૧૨મી ઓગસ્ટ, ૧૯૬૯ સુધી આકસ્મિક ફંડમાંથી મંજૂર કરાયેલી પેશગીઓ દર્શાવતું પત્રક વિધાનસભાના મેજ ઉપર મૂક્યું.

૩. (અ) નીચે જણાવેલાં બિન-સરકારી વિધેયકો દાખલ કરવાની રજા પ્રભારી સભ્યોને આપવામાં આવી અને વિધેયકો દાખલ કરવામાં આવ્યાં:—

(૧) સન ૧૯૬૯નું મુંબઈ સાર્વજનિક ટ્રસ્ટ (ગુજરાત સુધારા) વિધેયક (પ્રભારી સભ્ય, શ્રી મનુભાઈ પાલખીવાળા)

(૨) સન ૧૯૬૯નું મુંબઈ પોલીસ (ગુજરાત સુધારા) વિધેયક (પ્રભારી સભ્યશ્રી, ચીમનલાલ શુકલ)

(૩) સન ૧૯૬૯નું ગુજરાતની રાજ્ય ભાષાઓ (સુધારા) વિધેયક (પ્રભારી સભ્ય, શ્રી મનુભાઈ પાલખીવાળા)

(૪) સન ૧૯૬૯નું ગુજરાત નગરપાલિકા (સુધારા) વિધેયક (પ્રભારી સભ્ય શ્રી ઇન્દુભાઈ પટેલ)

(૫) સન ૧૯૬૯નું મુંબઈ પ્રાથમિક શિક્ષણ (ગુજરાત સુધારા) વિધેયક (પ્રભારી સભ્ય, શ્રી મનુભાઈ પાલખીવાળા)

(૬) સન ૧૯૬૯નું ગુજરાત શિક્ષણ ઉપકર (સુધારા) વિધેયક (પ્રભારી સભ્ય શ્રી સનત મહેતા)

(૭) સન ૧૯૬૯નું મુંબઈ ભાડાં, હોટેલ અને નિવાસગૃહ દર નિયંત્રણ (ગુજરાત સુધારા) વિધેયક (પ્રભારી સભ્ય, શ્રી મનુભાઈ પાલખીવાળા)

(૮) સન ૧૯૬૯નું મુંબઈ પ્રોવિન્સિયલ મ્યુનિસિપલ કોરપોરેશન (ગુજરાત સુધારા) વિધેયક (પ્રભારી સભ્ય, શ્રી મનુભાઈ પાલખીવાળા)

(૯) સન ૧૯૬૯નું મુંબઈ નગર રચના (ગુજરાત સુધારા) વિધેયક (પ્રભારી સભ્ય શ્રી, મનુભાઈ પાલખીવાળા)

(બ) નીચે જણાવેલું બિન-સરકારી વિધેયક પ્રભારી સભ્યની ગેરહાજરીને કારણે લઈ શકાયું નથી:—

સન ૧૯૬૯નું ગુજરાત અવશિષ્ટ સ્વત્વાર્પણ નાબૂદી (રદ કરવા બાબત) વિધેયક.

૪. નાણા મંત્રી શ્રી જશવંતરાય મહેતાએ, અધ્યક્ષશ્રીની સંમતિથી નિયમ ૪૪ અન્વયે, ચાલુ કરવેરામાં કેટલાક ફેરફારની દરખાસ્ત કરતું છાપેલું નિવેદન વાંચ્યું.

સભ્યોએ નિવેદનમાંથી ઉપસ્થિત થતા પ્રશ્નો પૂછ્યા અને નાણા મંત્રીશ્રીએ તેના જવાબ આપ્યા.

૫. (અ) નીચે જણાવેલું પહેલા (ચાલુ) બીજા અને ત્રીજા વાંચન માટેનું વિધેયક પ્રભારી સભ્યની ગેરહાજરીને કારણે લઈ શકાયું નહિ:—

સન ૧૯૬૮નું વિ. સ. વિધેયક ક્રમાંક-૪૨-સન ૧૯૬૮નું ગુજરાત દફનસ્થાન, સંભાળ અને નિભાવ વિધેયક.

(બ) નીચે જણાવેલાં બિન-સરકારી વિધેયકોના પહેલા વાચન માટેના પ્રસ્તાવો રજૂ થયા અને તેના પર ચર્ચા કરવામાં આવી:—

(૧) સન ૧૯૬૯ નું વિ. સ. વિધેયક ક્રમાંક ૨૩-સન ૧૯૬૯નું ગુજરાત ખેતીનાં ઉત્પન્નનાં બજારો બાબતનું (સુધારા) વિધેયક (પ્રભારી સભ્ય, શ્રી કસ્તુરભાઈ દોશી) (સભાગૃહની પરવાનગીથી વિધેયક પાછું ખેંચી લેવામાં આવ્યું.)

(૨) સન ૧૯૬૮નું વિ. સ. વિધેયક ક્રમાંક ૪૬ સન ૧૯૬૮નું ગુજરાત જમીન મહેસૂલ નાબૂદી વિધેયક (પ્રભારી સભ્ય, શ્રી કમળાશંકર દવે) પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવતાં, વિ. સ. સ. શ્રી. કમળાશંકર દવેએ વિભાજનની માગણી કરી જે સ્વીકારવામાં આવી. પ્રસ્તાવની તરફેણમાં ૪૩ અને વિરોધમાં ૬૦ મત પડતાં પ્રસ્તાવ નામંજૂર થયો. વિધેયક નામંજૂર થયું.

(૩) સન ૧૯૬૯નું વિ. સ. વિધેયક ક્રમાંક ૧૫ સન ૧૯૬૯નું ગુજરાત પંચાયત (સુધારા) વિધેયક (પ્રભારી સભ્ય, શ્રી અમરસિંહ વાઘેલા) વિધેયક મત માટે મૂકવામાં આવ્યું અને તે નામંજૂર થયું.

(૪) સન ૧૯૬૯ નું વિ. સ. વિધેયક ક્રમાંક ૨૦ સન ૧૯૬૯નું ગુજરાત નગરપાલિકા (સુધારા) વિધેયક (પ્રભારી સભ્ય, શ્રી ગૌરીશંકર પાઠક) વિધેયક મત માટે મૂકવામાં આવ્યું અને તે નામંજૂર થયું.

૬. નાણા મંત્રી, શ્રી જશવંતરાય મહેતાએ વિશ્રાંતિ અગાઉ કરેલા કરવેરાને લગતા નિવેદનમાં રહેલી મુદ્રણ ભૂલ અંગે સુધારો જાહેર કર્યો.

### શનિવાર, તા. ૧૬મી ઓગસ્ટ, ૧૯૬૯

૧. પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેના જવાબ આપવામાં આવ્યા.

પ્રશ્નોત્તરી દરમ્યાન વિ. સ. સ. શ્રી. કમળાશંકર દવે તેમજ ડૉ. વસંતલાલ પરીખે પ્રશ્નની પૂરતી માહિતી આપાતી નથી તેમ કહીને તેમના પ્રશ્નો પૂછ્યા ન હતા. તેથી તેમના પ્રશ્નો પાછા ખેંચાયેલા છે એમ ગણવામાં આવ્યું.

૨. તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબતમાં નિયમ ૧૧૬ અન્વયેની સૂચનાની સૂચના આપનાર સભ્યોએ સભાગૃહમાં રજૂઆત કરી ન હતી.

વિ. સ. સ. શ્રી સનત મહેતાએ જણાવ્યું કે પ્રશ્નો અંગે સભ્યોને પેટા પ્રશ્નો પૂછવાની પૂરતી તક મળતી નથી અને તેથી તેઓ આ સૂચના પર ધ્યાન દોરવા માગતા નથી. તેથી ધ્યાન ખેંચવામાં આવેલું ન હોવાથી મંત્રીશ્રીનું નિવેદન કાર્યવાહીનો ભાગ ન બન્યું.

૩. નાણા મંત્રી, શ્રી જશવંતરાય મહેતાએ સન ૧૯૬૫-૬૬ના વર્ષ માટેના વધારાના ખર્ચનું વિવરણ પત્રક રજૂ કર્યું.

૪. ઉદ્યોગ મંત્રી, શ્રી જસવંતરાય મહેતાએ પ્રસ્તાવ રજૂ કર્યો કે ગુજરાત એકસપોર્ટ કોરપોરેશન લિમિટેડનું સન ૧૯૬૭નું કામકાજ વિચારણામાં લેવામાં આવે.

આ પ્રસ્તાવ અંગે ચર્ચામાં કોઈ સભ્યે ભાગ ન લેતાં ચર્ચા થઇ ન હતી. પરંતુ કામકાજ વિચારણામાં લેવાયું એમ ગણવામાં આવ્યું.

સોમવાર, તા. ૧૮મી ઓગસ્ટ, ૧૯૬૯

૧. પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેના ઉત્તરો આપવામાં આવ્યા.

૨. પ્રશ્નોત્તરીનો સમય પૂરો થયા બાદ વિ. સ. સ. શ્રી છબીલદાસ મહેતાએ પોઈન્ટ ઓફ ઓર્ડર ઉપસ્થિત કર્યો કે નિયમ ૨૭(૨) અનુસાર આ સભાગૃહની અંદર જે કામકાજ થયું ન હોય તેની પ્રસિદ્ધિ થઈ શકે નહિ. તો તા. ૧૬-૮-૧૯૬૯ના રોજ પ્રશ્નોત્તરીના સમય દરમ્યાન કેટલાક સભ્યો હાજર હોવા છતાં તેમણે પ્રશ્નો પૂછયા ન હતા તેવા પ્રશ્નોને પુછાયેલા ગણી શકાય કે કેમ અને તેવા પ્રશ્નોને પ્રસિદ્ધિ આપી શકાય કે કેમ?

અન્ય સભ્યો અને મંત્રીશ્રીઓને સાંભળ્યા બાદ અધ્યક્ષશ્રીએ જણાવ્યું કે નિયમ ૨૭(૨) અને ૮૪(૪) બંને સાથે વાંચીએ તો પ્રશ્ન કોલ આઉટ કરવામાં આવ્યો હોય અને પૂછવામાં ન આવે તો પણ અતારાંકિત સ્વરૂપે એનો જવાબ ગૃહમાં અપાઈ ગયો ગણાય અને આપણે જ્યાં સુધી પ્રશ્નોની સાથે જવાબો છાપવાની નિયમથી કરેલી પ્રથા છે ત્યાં સુધી તે પણ કાર્યવાહીનો ભાગ બને છે. પરંતુ અત્યારે એટલું કરવું પડે કે જે માનનીય સભ્યશ્રી પોતાના સ્થાન ઉપર ઊભા થઈને એમ કહે કે અમુક કારણેસર આ પ્રશ્ન તેઓ પૂછવા માગતા નથી ત્યારે તેનું પરિણામ એ આવે કે તેમણે એ પ્રશ્ન પાછો ખેંચી લીધો અને ત્યારે નિયમ ૭૬ પ્રમાણે એ પ્રશ્ન કાર્યવાહીનો ભાગ થાય નહિ.

૩. વિ. સ. સ. શ્રી નરસિંહદાસ ગોધિયાએ અમરેલી જિલ્લાના ખોડિયાર ડેમના કારણે ધારી શહેરના નાગરિકોના જે મકાનો ડુબમાં ગયા તેઓ માટે સરકારે સ્થાપેલી વસાહતની તા. ૨૧-૮-૧૯૬૯ના રોજ હરાજી રાખવામાં આવેલ હોવાથી તે સામે વ્યાપેલા ઉગ્ર અસંતોષને વ્યક્ત કરવા ૬૬ જેટલાં વસાહતી કુટુંબોએ ઉપવાસ ઉપર ઊતરવાની કરેલી જાહેરાત અંગે સરકારે લીધેલાં પગલાં તરફ જાહેર બાંધકામ વિભાગના મંત્રીશ્રીનું ધ્યાન દોર્યું.

જાહેર બાંધકામ વિભાગના મંત્રીશ્રીએ તેમનું નિવેદન ગૃહને રજૂ કર્યું. સભ્યોએ નિવેદનમાંથી ઉપસ્થિત થતા પ્રશ્નો પૂછયા અને મંત્રીશ્રીએ તેના જવાબ આપ્યા.

૪. (૧) મુખ્ય મંત્રીશ્રીના સંસદીય સચિવશ્રી વિનોદચંદ્ર શાહે સન ૧૯૬૦ના ગુજરાત રાજ્ય જાહેર સેવા પંચ (કન્સલ્ટેશન) વિનિયમો સુધારતી સામાન્ય વહીવટ વિભાગની તા. ૩૦મી જુલાઈ ૧૯૬૯ની અધિસૂચના ક્રમાંક જીએચ (૩૪) પીએસસી. (૧૦૬૯) ૧૭૮૦-જી વિધાનસભાના મેજ ઉપર મૂકી.

(૨) વિદ્યુતમંત્રી, શ્રી બાબુભાઈ પટેલે ગુજરાત વિદ્યુત બોર્ડના સન ૧૯૬૮-૬૯ના વાર્ષિક હિસાબ વિધાનસભાના મેજ ઉપર મૂકયા.

૫. જાહેર સાહસો માટેની સમિતિના પ્રમુખશ્રી ચંદ્રશંકર ભટ્ટે સમિતિના પહેલા અને બીજા અહેવાલોની રજૂઆત કરી.

૬. મુખ્ય મંત્રી, શ્રી હિતેન્દ્ર દેસાઈએ પ્રસ્તાવ રજૂ કર્યો કે ચોથી પંચવર્ષીય યોજનાનો ખરડો વિચારણામાં લેવામાં આવે અને તે અંગે છાપેલું પ્રવચન વાંચી સંભળાવ્યું.

૭. મુખ્ય મંત્રીશ્રી છાપેલું પ્રવચન વાંચતા હતા તે દરમિયાન તેમની તસવીર ખેંચવામાં આવેલી તે અંગે વિ. સ. સ. શ્રી મનોહરસિંહજી જાડેજાએ પોઈન્ટ ઓફ ઓર્ડર ઉઠાવ્યો અને અધ્યક્ષશ્રીની પરવાનગી ન લેવામાં આવી હોય તો તે યોગ્ય છે કે કેમ તે અંગે નિર્ણય આપવા અધ્યક્ષશ્રીને વિનંતી કરી. અધ્યક્ષશ્રીએ જણાવ્યું કે આ અંગે તપાસ કરીને તેઓ નિર્ણય આપશે.

૮. મુખ્ય મંત્રીશ્રીએ તેમનું છાપેલું પ્રવચન પૂરું કર્યું. ત્યારબાદ વિ. સ. સ. શ્રી મનોહરસિંહજી જાડેજાએ પ્રવચનમાંથી ઉપસ્થિત થતા ત્રણ મુદ્દાઓ અંગે સ્પષ્ટીકરણ માગ્યું અને મુખ્ય મંત્રીશ્રીએ તે મુદ્દાઓ અંગે સ્પષ્ટીકરણ કર્યું.

૯. ચોથી પંચવર્ષીય યોજના અંગેના ખરડા પરની ચર્ચા માટે દરેક સભ્યને બોલવાનો સમય ૧૦ અને ૧૫ મિનિટની વચ્ચેનો ધ્યાનમાં રાખીને નામોની યાદી તૈયાર કરવામાં આવે એવી અધ્યક્ષશ્રીએ દંડકોને વિનંતી કરી.

૧૧. વિશ્રાંતિ પહેલાં વિ. સ. સ. શ્રી મનોહરસિંહજી જાડેજાએ ઉઠાવેલા પોઈન્ટ ઓફ ઓર્ડર અંગે અધ્યક્ષશ્રીએ જણાવ્યું કે એ સંબંધમાં માહિતી ખાતા તરફથી પાછળથી તેમને પત્ર મળ્યો છે જે મુદ્દો ઊભો કર્યા પછી તેમણે મળ્યો છે. એટલે પરવાનગી આપવાનો સવાલ રહેતો નથી. તેમણે વધુમાં જણાવ્યું કે જે કાંઈ ફોટો લેવામાં આવ્યો હોય એની નેગેટિવને ડેવેલેપ કરવી નહીં અને નાશ કરવો એવી તેમણે સૂચના આપી છે અને પ્રેસ પ્રતિનિધિઓને કે બીજાઓને પ્રેસ ગેલેરી સિવાય તે ગેલેરીનો પાસ ધરાવનારા બીજાઓને બીજી ગેલેરીમાં ખાસ પરવાનગી વિના જવા દેવા નહીં તેમજ કોઈ પણ કેમેરા કે એવાં સાધનો લઈને આવવા દેવા નહીં એવો આદેશ સાર્જન્ટ એટ આર્મ્સને તેમણે આપ્યો છે.

૧૨. મુખ્ય મંત્રીશ્રીના પ્રસ્તાવ પરની ચર્ચામાં ૯ સભ્યોએ ભાગ લીધો. ચર્ચા અધૂરી રહી.

### મંગળવાર, તા. ૧૯મી ઓગસ્ટ, ૧૯૬૯

૧. પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેના ઉત્તરો આપવામાં આવ્યા.

૨. જાહેર બાંધકામ વિભાગના મંત્રી, શ્રી બાબુભાઈ જશભાઈ પટેલે પ્રસ્તાવ રજૂ કર્યો કે પશ્ચિમ રેલવેની મુંબઈ વિભાગ, વડોદરા વિભાગ, રાજકોટ વિભાગ, અજમેર વિભાગ અને ભાવનગર વિભાગની રેલવેનો ઉપયોગ કરનારાઓની હાલની વિભાગીય સલાહકાર સમિતિની મુદત તારીખ ૩૧-૧૨-૧૯૬૯ના રોજ પૂરી થાય છે અને તા. ૧-૧-૧૯૭૦થી તારીખ ૩૧-૧૨-૧૯૭૧ સુધીના સમય માટે નવી સમિતિઓ નિમાશે. આ સભાગૃહ ઉપરોકત પ્રત્યેક વિભાગીય સલાહકાર સમિતિ ઉપર તારીખ ૧-૧-૧૯૭૦થી બે વર્ષની મુદત માટે કામ કરવા માટે એકેક પ્રતિનિધિની ચૂંટણી કરવાનું કામ હાથ ધરે. પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો અને તે મંજૂર કરવામાં આવ્યો.

અધ્યક્ષશ્રીએ ચૂંટણી અંગેનો કાર્યક્રમ જાહેર કર્યો.

### બુધવાર, તા. ૨૦મી ઓગસ્ટ, ૧૯૬૯

૧. પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેના ઉત્તરો આપવામાં આવ્યા.

૨. ગૃહ નિર્માણ મંત્રી શાંતિલાલ ર. શાહે ગુજરાત ગૃહનિર્માણ બોર્ડનું સન ૧૯૬૯-૭૦નું અંદાજપત્ર, કાર્યક્રમ તથા મહેકમ દર્શાવતું પત્રક વિધાનસભાના મેજ ઉપર મૂકયાં.

૩. મુખ્ય મંત્રીશ્રીના ચોથી પંચવર્ષીય યોજનાના ખરડા અંગેના પ્રસ્તાવ પરની ગઈ કાલે અધૂરી રહેલી ચર્ચા ત્રીજા અને છેલ્લા દિવસે ચાલુ રહી. ચર્ચામાં વધુ ૧૧ સભ્યોએ, મુખ્ય મંત્રીશ્રીના સંસદીય સચિવશ્રીએ અને બાંધકામ અને સિંચાઈ મંત્રીશ્રીએ ભાગ લીધો. ચર્ચામાંથી ઉપસ્થિત થતા મુદ્દાઓનો જવાબ મુખ્ય મંત્રીશ્રીએ આપ્યો. ચર્ચા પૂરી થઈ.

૪. મુખ્ય મંત્રી, શ્રી હિતેન્દ્ર દેસાઈ ચર્ચાનો જવાબ આપવા ઊભા થયા ત્યારે વિ. સ. સ. શ્રી મનોહરસિંહજી જાડેજાએ પોઈન્ટ ઓફ ઓર્ડર ઉપસ્થિત કર્યો કે જ્યારે તેમણે તા. ૩-૪-૬૯ના રોજ નિયમ ૧૦૫ હેઠળ પ્રસ્તાવ રજૂ કરેલ અને જ્યારે તેઓ તે પ્રસ્તાવ પરની ચર્ચાનો જવાબ આપવા ઊભા થયા ત્યારે અધ્યક્ષશ્રીએ નિર્ણય આપેલો કે તેવા પ્રસ્તાવ ઉપર મત લેવાનો ન હોઈને પ્રસ્તાવ રજૂ કરનાર સભ્યને જવાબ

આપવાનો અધિકાર નથી. તેથી આજનો પ્રસ્તાવ પણ નિયમ ૧૦૫ હેઠળ મુખ્ય મંત્રીશ્રીએ રજૂ કરેલ હોઈને તેમને પણ તે પ્રસ્તાવ પરની ચર્ચાનો જવાબ આપવાનો અધિકાર મળી શકે નહિ.

અન્ય સભ્યોને સાંભળ્યા બાદ અધ્યક્ષશ્રીએ નિર્ણય આપ્યો કે અત્યારે જે પરિસ્થિતિ છે, તે ચર્ચાનો જવાબ આપવા માટેની નથી. પરંતુ એક ચર્ચામાં બે વખત બોલવા અંગેની છે. કારણ આજના જેવી ચર્ચામાં જવાબ આપવાનો હક્ક હોઈ શકે નહિ. નિયમ ૩૨(૨) અન્વયે અધ્યક્ષશ્રીની પરવાનગીથી કોઈ સભ્ય બે વખત બોલી શકે છે, અને ચોથી પંચવર્ષીય યોજનાના ખરડા ઉપર ત્રણ દિવસ ચાલેલી ચર્ચામાં મુખ્ય મંત્રીશ્રી યોગ્ય ખુલાસા કરે તે ઈચ્છનીય હોવાથી તેમને બીજી વખત બોલવાની તેઓ પરવાનગી આપે છે.

૫. તા. ૧૨-૮-૧૯૬૯ના રોજ વિ. સ. સ. શ્રી નાગજીભાઈ આર્યે પૂછેલા તેમના તારાંકિત પ્રશ્ન ક્રમાંક ૨૨૪૧૨ના નાયબ ગૃહ મંત્રીશ્રીએ આપેલા જવાબો ઉપરથી ઉપસ્થિત થયેલી જાહેર અગત્યની બાબત ઉપરની ચર્ચા શરૂ કરી અને તેમનાં મંતવ્યો રજૂ કર્યાં. સભ્યોએ ચર્ચામાંથી ઉપસ્થિત થતા પ્રશ્નો પૂછ્યા અને નાયબ ગૃહમંત્રીશ્રીએ તેના જવાબ આપ્યા.

## ગુરૂવાર, તા. ૨૧મી ઓગસ્ટ, ૧૯૬૯

૧. પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેના ઉત્તરો આપવામાં આવ્યા.

૨. પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન શરૂ થયું. મુખ્ય મંત્રીશ્રીના સંસદીય સચિવશ્રીએ પૂરક માગણીઓની વિચારણા કરવા બાબતની રાજ્યપાલશ્રીની ભલામણ વાંચી સંભળાવી.

હિસાબના મુખ્ય સદર "૨૬-પરચૂરણ ખાતાં" "૩૯-પરચૂરણ, સામાજિક અને વિકાસલક્ષી સંઘટનો" અને "૭૧-પરચૂરણ (સામાન્ય વહીવટ વિભાગ)" અન્વયેની પૂરક માગણી રજૂ થઈ. અધ્યક્ષશ્રીએ મજકૂર માગણી પર ૩ કાપ દરખાસ્તો રજૂ થયેલી જાહેર કરી.

ત્યારપછી હિસાબના મુખ્ય સદર "૧૯-સામાન્ય વહીવટ વિભાગ" અન્વયેની પૂરક માગણી રજૂ થઇ. અધ્યક્ષશ્રીએ મજકૂર પૂરક માગણી પર ૨ કાપ દરખાસ્તો રજૂ થયેલી જાહેર કરી.

ત્યાર પછી હિસાબના મુખ્ય સદર "૨૩-પોલીસ" અન્વયેની પૂરક માગણી રજૂ થઈ. અધ્યક્ષશ્રીએ મજકૂર પૂરક માગણી પર ૭ કાપ દરખાસ્તો રજૂ થયેલી જાહેર કરી.

ત્યારપછી હિસાબના મુખ્ય સદર "૨૬-પરચૂરણ ખાતાં" "૩૯-પરચૂરણ, સામાજિક અને વિકાસલક્ષી સંઘટનો" અન્વયેની પૂરક માગણી રજૂ થઈ. અધ્યક્ષશ્રીએ મજકૂર પૂરક માગણી પર ૧ કાપ દરખાસ્ત રજૂ થયેલી જાહેર કરી.

ત્યારપછી ઉપરોકત માગણીઓ અને કાપ દરખાસ્તો પર એક સાથે ચર્ચા શરૂ થઈ. ચર્ચા બાદ કાપ દરખાસ્તો પર મત લેવાતાં તે નામંજૂર થઈ અને પૂરક માગણીઓ પર મત લેવાતાં તે મંજૂર કરવામાં આવી.

૩. મુખ્યમંત્રીશ્રીના સંસદીય સચિવશ્રી વિનોદચંદ્ર શાહ તેમના ખાતાને લગતી પૂરક માગણીઓની ચર્ચાના જવાબ આપતા હતા તે દરમિયાન વિ. સ. સ. શ્રી રતનભાઈ ગાવિતે તેમને બોલવાનો ટાઈમ નહિ મળ્યો હોવાથી સભાત્યાગ કર્યો.

૪. ત્યારપછી હિસાબના મુખ્ય સદર" ૬૪-દુષ્કાળ રાહત" અન્વયેની પૂરક માગણી રજૂ થઈ. અધ્યક્ષશ્રીએ મજકૂર પૂરક માગણી પર ૭ કાપ દરખાસ્તો રજૂ થયેલી જાહેર કરી.

ત્યારપછી હિસાબના મુખ્ય સદર "૩૩-એ, ડાંગ જિલ્લો" અન્વયેની પૂરક માગણી રજૂ થઈ. અધ્યક્ષશ્રીએ મજકૂર પૂરક માગણી પર ૪ કાપ દરખાસ્તો રજૂ થયેલી જાહેર કરી.

ત્યારપછી હિસાબના મુખ્ય સદર "૯૨-જમીનદારી પદ્ધતિની નાબૂદી તથા જમીનદારોને વળતરની ચૂકવણી વગેરે" અન્વયેની પૂરક માગણી રજૂ થઈ. અધ્યક્ષશ્રીએ મજકૂર પૂરક માગણી પર ૧ કાપ દરખાસ્ત રજૂ થયેલી જાહેર કરી.

ત્યારપછી ઉપરોકત પૂરક માગણીઓ અને કાપ દરખાસ્તો પર એક સાથે ચર્ચા શરૂ થઈ. ચર્ચા બાદ કાપ દરખાસ્તો પર મત લેવાતાં તે નામંજૂર થઇ અને પૂરક માગણીઓ પર મત લેવાતાં તે મંજૂર કરવામાં આવી.

૫. પૂરક માગણીઓ રજૂ થતી હતી ત્યારે વિ. સ. સ. શ્રી મનોહરસિંહજી જાડેજાએ "જમીનદારોને વળતરની ચૂકવણી વગેરે" અન્વયેની પૂરક માગણીમાં વળતર અંગેનો જે ઉલ્લેખ કરેલો છે તે વળતર કેટલું છે તે અંગે સ્પષ્ટતા માગી જે ગૃહ વિભાગને લગતી હોઈને નાયબ ગૃહ મંત્રીશ્રીએ આપી. અધ્યક્ષશ્રીએ જણાવ્યું કે નવી સેવાઓ કોને કહેવી તે બાબત અંદાજ સમિતિની વિચારણા હેઠળ છે અને જે માહિતી આપવામાં આવી છે તે નિયમ ૨૨૪માં જે મુદ્દાની સઘળી વિગતો આપવાનું જણાવવામાં આવ્યું છે તે મુજબ પૂરતી છે અને આપવામાં આવેલી માહિતી તે જરૂરિયાતોને સંતોષે છે તેથી તેને તેઓ પૂરતી ગણે છે.

૬. અધ્યક્ષશ્રીએ જાહેર કર્યું કે તા. ૨૧-૮-૬૯ના રોજ મળેલી કામકાજ સલાહકાર સમિતિની ભલામણો અંગેનો અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂક્યો અને જણાવ્યું કે આજ- રોજે સભ્યોની જાણ માટે તે તેમના ખાનામાં મૂકવામાં આવશે અને તે ભલામણો સ્વીકારવા અંગેનો પ્રસ્તાવ સંસદીય બાબતોના મંત્રીશ્રી આવતી કાલ તા. ૨૨-૮-૬૯ના રોજ સભાગૃહ સમક્ષ રજૂ કરશે.

## શુક્રવાર, તા. ૨૨મી ઓગસ્ટ, ૧૯૬૯

૧. પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેના ઉત્તરો આપવામાં આવ્યા.

૨. પ્રભારી સભ્ય શ્રી મનુભાઈ પાલખીવાળાની ગેરહાજરીને કારણે સન ૧૯૬૯ના ગુજરાત સિવિલ સર્વિસિઝ પે રૂલ્સ વિધાનસભાના મેજ ઉપર મૂકી શકાયા નહિ.

૩. સંસદીય બાબતોના મંત્રી શ્રી ચીમનભાઈ પટેલે પ્રસ્તાવ રજૂ કર્યો કે તારીખ ૨૧મી ઓગસ્ટ ૧૯૬૯ના રોજ માનનીય અધ્યક્ષશ્રીએ વિધાનસભાના મેજ ઉપર મૂકેલી કામકાજ સલાહકાર સમિતિની ભલામણો સાથે આ સભાગૃહ સંમત થાય.

વિ. સ. સ. શ્રી મનોહરસિંહજી જાડેજાએ સુધારો સૂચવ્યો કે ઉપરોક્ત ભલામણોમાં ખાનગી સભ્યોના પ્રસ્તાવો અંગે જોગવાઈ થઈ ન હોવાથી આ પ્રસ્તાવ અત્યારે મત માટે મૂકવામાં ન આવે તેવી વિનંતી કરી અને આશા વ્યક્ત કરી કે જ્યાં જ્યાં શક્ય હોય ત્યાં ત્યાં ખાનગી સભ્યોના પ્રસ્તાવોને સમાવવા મંત્રીશ્રી પ્રયાસ કરશે.

અન્ય સભ્યો તથા સંસદીય બાબતના મંત્રીશ્રીને સાંભળ્યા બાદ મંત્રીએ રજૂ કરેલો ઉપરોક્ત પ્રસ્તાવ મૂળ સ્વરૂપમાં મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.

૪. અધ્યક્ષશ્રીએ જણાવ્યું કે તાજેતરમાં થયેલી રાષ્ટ્રપતિની ચૂંટણીમાં વિજયી બનેલા શ્રી ગિરિને અભિનંદન આપવા અંગેનો નિયમ ૧૦૧ અન્વયે નો એક પ્રસ્તાવ એક સભ્યશ્રી તરફથી તેમને મળેલો છે. તે અંગે તેમણે વધુમાં જણાવ્યું કે ભૂતકાળમાં ચાર વખત આવા પ્રસંગે આવા પ્રયત્નો કરવામાં આવ્યા ન હતા. તેમજ આ વખતે લોકસભા અને રાજ્ય સભામાં આવો પ્રસ્તાવ લાવવા પ્રયાસ થયેલો જણાતો નથી, એટલું જ નહિ પરંતુ ગઈ કાલે લોકસભામાં આ અંગે સૂત્રો પોકારવામાં આવ્યાં હતાં ત્યારે લોક-સભાના અધ્યક્ષશ્રીએ આવી કામગીરી સભાગૃહમાં થઇ ન શકે તેવી સભ્યોને સલાહ આપી હતી. મહારાષ્ટ્ર અને મૈસૂર વિધાનસભાઓમાં પણ આ વખતે આવો પ્રસ્તાવ દાખલ કરવાના પ્રયાસો થયેલા પરંતુ અધ્યક્ષશ્રીની સંમતિ મળી શકી ન હતી. તેમણે વધુમાં જણાવ્યું કે જ્યાં રાજાશાહી હોય ત્યાં શાહી કુટુંબમાં શુભ પ્રસંગો હોય ત્યારે અભિનંદન આપવાનો રિવાજ છે પરંતુ આપણે ત્યાં સંસદીય લોકશાહીમાં તેને અવકાશ નથી. આ રીતે વ્યક્તિને અભિનંદન આપવાના પ્રસંગો દેશની કે રાજ્યની કોઈએ નોંધપાત્ર સેવા

કરી હોય તેવા અસાધારણ પ્રસંગો વખતે જ યોગ્ય કહેવાય અને જણાવ્યું કે ઉપરોક્ત સંજોગોમાં નિયમ ૧૦૧ અન્વયેના આ પ્રસ્તાવને ગૃહમાં રજૂ કરવાની સંમતિ તેઓ આપી શકતા નથી.

ત્યારપછી હિસાબના મુખ્ય સદર "૫૦-રાજ્ય બાંધકામ" અન્વયેની પૂરક માગણી રજૂ થઈ. અધ્યક્ષશ્રીએ મજકૂર પૂરક માગણી પર ૯ કાપ દરખાસ્તો રજૂ થયેલી જાહેર કરી.

ત્યારપછી હિસાબના મુખ્ય સદર "૨૬-પરચૂરણ ખાતાં, ૨૭-વૈજ્ઞાનિક ખાતાં, ૭૧-પરચૂરણ" અને "૯૮-બહુલક્ષી નદી યોજનાઓ પર કેપિટલ ખર્ચ ૯૯-સિંચાઈ નૌપરિવહન, બંધ અને પાણી નિકાલનાં કામો પર કેપિટલ ખર્ચ (વાણિજ્યિક) ૧૦૦-સિંચાઈ નૌપરિવહન, બંધ અને પાણી નિકાલના કામ પર કેપિટલ ખર્ચ (બિન-વાણિજ્યિક)" અન્વયેની પૂરક માગણીઓ ક્રમાંક ૧૮ અને ૬૨ રજૂ થઈ. અધ્યક્ષશ્રીએ પૂરક માગણી ક્રમાંક ૬૨ પર ૪ કાપ દરખાસ્તો રજૂ થયેલી જાહેર કરી.

ત્યારપછી હિસાબના મુખ્ય સદર "૧૦૭-ગુજરાતના પાટનગર અંગે ખર્ચ (જાહેર બાંધકામ વિભાગ)" અન્વયેની પૂરક માગણી ક્રમાંક ૬૫ રજૂ થઈ. અધ્યક્ષશ્રીએ મજકૂર પૂરક માગણી પર ૩ કાપ દરખાસ્તો રજૂ થયેલી જાહેર કરી.

ત્યાર પછી ઉપરોક્ત પૂરક માગણીઓ અને કાપ દરખાસ્તો પર એક સાથે ચર્ચા શરૂ થઈ. બપોરના ૧૨ વાગ્યા હોવાથી કાપ દરખાસ્ત મત માટે મૂકવામાં આવી અને તે નામંજૂર થઈ. અને પૂરક માગણીઓ પર મત લેવાતાં તે મંજૂર કરવામાં આવી. ત્યારપછી સન ૧૯૬૯-૭૦ ના વર્ષનાં અનુદાનો માટેની બાકીની બધી પૂરક માગણીઓ એક પછી એક મત માટે મૂકવામાં આવી અને મંજૂર કરવામાં આવી.

સોમવાર, તા. ૨૫મી ઓગસ્ટ, ૧૯૬૯

૧. પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેના ઉત્તરો આપવામાં આવ્યા.

પ્રશ્નોત્તરી દરમ્યાન વિ. સ. સ. શ્રી રામુભાઈ ભાટિયાએ અમુક શખસનું નામ લઈ તે અંગે પૂછેલો પ્રશ્ન સભાગૃહની કાર્યવાહીમાંથી રદ કરવાનો અધ્યક્ષશ્રીએ આદેશ આપ્યો. અધ્યક્ષશ્રીએ પ્રેસને પણ આ બાબતને પ્રસિદ્ધિ ન આપવા જણાવ્યું.

૨. વિ. સ. સ. શ્રી મનહરલાલ શાહે દહેગામમાં તા. ૧૮-૮-૬૯ના અરસામાં ટેક્સ્ટાઈલના કારખાનામાં જૂના કારીગરોને વિના કારણે છૂટા કરી મેનેજમેન્ટ ખાતા તરફથી નવા કારીગરોની ભરતી કરતાં, જૂના કારીગરોમાં અસંતોષ પ્રવર્તતો હોઈ તેઓ શાંત હડતાલ ઉપર જતાં સ્ફોટક બનેલ વાતાવરણ અને તે અંગે કાયદો અને વ્યવસ્થા જોખમાય તેવી પરિસ્થિતિ અને તે અંગે રાજ્ય સરકારે લીધેલાં પગલાં તરફ મજૂર વિભાગના મંત્રીશ્રીનું ધ્યાન દોર્યું.

મજૂર વિભાગના મંત્રી, શ્રી શાંતિલાલ શાહે તેમનું નિવેદન રજૂ કર્યું. સભ્યોએ નિવેદનમાંથી ઉપસ્થિત થતા પ્રશ્નો પૂછ્યા અને મજૂર મંત્રીશ્રીએ તેના જવાબ આપ્યા.

૩. ભૂતપૂર્વ સૌરાષ્ટ્ર વિધાનસભાના સભ્ય, શ્રી વિક્રમસિંહજી, ગોંડલ મહારાજાના અવસાન અંગે શોકદર્શક ઉલ્લેખો થયા અને સદ્‌ગતને સ્મરણાંજલિ આપવામાં આવી.

૪. વિશેષાધિકાર સમિતિના સભ્ય, શ્રી ગૌરીશંકર પાઠકે સમિતિના પાંચમા અને છઠ્ઠા અહેવાલો રજૂ કર્યા.

૫. મુખ્ય મંત્રીશ્રીના સંસદીય સચિવ, શ્રી વિનોદચંદ્ર શાહે સન ૧૯૬૦ના ગુજરાત રાજ્ય જાહેર સેવા પંચ (કન્સલ્ટેશન) વિનિયમો સુધારતી સામાન્ય વહીવટ વિભાગની તા. ૩૧મી ઓગસ્ટ, ૧૯૬૫ની અધિસૂચના ક્રમાંક-જી એસ/૨૬-પીએસસી-૧૫૬૩-જી વિધાનસભાના મેજ ઉપર મૂકી.

૬. મુખ્ય મંત્રીશ્રીના સંસદીય સચિવ, શ્રી વિનોદચંદ્ર શાહે સન ૧૯૬૦ના ગુજરાત રાજ્ય જાહેર સેવા પંચ (કન્સલ્ટેશન) વિનિયમો સુધારતી સામાન્ય વહીવટ વિભાગની તા. ૨૯મી નવેમ્બર, ૧૯૬૬ની અધિસૂચના ક્રમાંક-જીએસ/૩૭/પીએસસી/૧૭૬૫-જી વિધાનસભાના મેજ ઉપર મૂકી.

૭. મુખ્ય મંત્રીશ્રીના સંસદીય સચિવ, શ્રી વિનોદચંદ્ર શાહે સન ૧૯૬૦ના ગુજરાત રાજ્ય જાહેર સેવા પંચ (કન્સલ્ટેશન) વિનિયમો સુધારતી સામાન્ય વહીવટ વિભાગની તા. ૧૭મી જૂન ૧૯૬૭ની અધિસૂચના ક્રમાંક-જીએસ/૨૭/પીએસસી/૧૦૬૭/૧૦૩૭-જી વિધાનસભાના મેજ ઉપર મૂકી.

૮. મુખ્ય મંત્રીશ્રીના સંસદીય સચિવ, શ્રી વિનોદચંદ્ર શાહે સન ૧૯૬૦ના ગુજરાત રાજ્ય જાહેર સેવા પંચ (કન્સલ્ટેશન) વિનિયમો સુધારતી સામાન્ય વહીવટ વિભાગની તા. ૫મી ઓકટોબર, ૧૯૬૭ની અધિસૂચના ક્રમાંક-જીએસ/૪૦/પીએસસી/૧૦૬૭/૨૬૫૧/જી, વિધાનસભાના મેજ ઉપર મૂકી.

૯. નાણા મંત્રી, શ્રી જશવંતરાય મહેતાએ ગુજરાત રાજ્ય નાણાકીય કોરપોરેશનનો સન ૧૯૬૮-૬૯નો વાર્ષિક વહીવટી અહેવાલ વિધાનસભાના મેજ ઉપર મૂક્યો.

૧૦. વિ. સ. સ., શ્રી મનુભાઈ પાલખીવાળાએ નીચે મુજબના પ્રસ્તાવો રજૂ કર્યા :

(૧) આ સભાગૃહ સન ૧૯૬૯નો વટહુકમ ક્રમાંક-૧-સન ૧૯૬૯નો ગુજરાત નગરપાલિકા (સુધારા) વટહુકમ નામંજૂર કરે છે.

(૨) આ સભાગૃહ સન ૧૯૬૯નો વટહુકમ ક્રમાંક-૨-સન ૧૯૬૯નો ગુજરાત નગરપાલિકા (દ્વિતીય સુધારો) વટહુકમ નામંજૂર કરે છે.

૧૧. નીચે જણાવેલાં સરકારી વિધેયકો પસાર કરવામાં આવ્યાં:—

(૧) સન ૧૯૬૯નું વિ. સ. વિધેયક ક્રમાંક-૩૩-સન ૧૯૬૯નું ગુજરાત નગરપાલિકા (સુધારા) વિધેયક (બાબત ૧૦ અંગેના પ્રસ્તાવો આ વિધેયક પરની પહેલા વાચનની ચર્ચા તેમજ પ્રસ્તાવો પરની ચર્ચા બાદ એક પછી એક મત માટે મૂકવામાં આવતાં નામંજૂર થયા).

(૨) સન ૧૯૬૯નું વિ. સ. વિધેયક ક્રમાંક-૩૨-સન ૧૯૬૯નું મુંબઈ ગણોત વહીવટ અને ખેતીની જમીન (ગુજરાત સુધારા) વિધેયક.

૧૨. અધ્યક્ષશ્રીએ જાહેર કર્યું કે નાણા મંત્રી અને પ્રવર સમિતિના પ્રમુખશ્રીએ પ્રવર સમિતિનો અહેવાલ રજૂ કરવા માટે વધારે સમયની માગણી કરી છે જે તેમણે માન્ય રાખી છે અને હવે પ્રવર સમિતિનો અહેવાલ આવતા સત્ર પહેલાં એટલે કે બિન-સત્ર દરમિયાન રજૂ કરવામાં આવશે અને જ્યારે રજૂ થશે ત્યારે તે સભ્યોને પહોંચાડવામાં આવશે.

તેમણે વધુમાં જણાવ્યું કે તા. ૩-૯-૧૯૬૯ના અગાઉ જાહેર કરેલા કાર્યક્રમમાં ફેરફાર કરવાનો રહેશે.

૧૩. કૃષિ મંત્રી, શ્રી ઠાકોરભાઈ દેસાઈએ સન ૧૯૬૯ના વિ. સ. વિધેયક ક્રમાંક -૩૧-સન ૧૯૬૯ના ગુજરાત કૃષિ યુનિવર્સિટી વિધેયકની વિચારણા કરવા બાબતની રાજ્યપાલશ્રીના સંવિધાનના અનુચ્છેદ ૨૦૭(૩) અન્વયેની ભલામણો વાંચી સંભળાવી વિધેયક દાખલ કરતા હતા ત્યારે, વિ. સ. સ., શ્રી એચ. એમ. પટેલે નિયમો ૧૨૨ અને ૧૨૫ ટાંકી પોઈન્ટ ઓફ ઓર્ડર ઉઠાવ્યો કે મંત્રીશ્રીએ આ વિધેયકની આર્થિક જોગવાઈઓ તરફ સાઈડ લાઈન કે અન્ડર લાઈન દ્વારા ધ્યાન દોરી તે અંગેનાં આર્થિક પરિણામોની અંદાજિત વિગતો આપી ન હોવાથી આ વિધેયક દાખલ થઈ શકે નહિ.

અન્ય સભ્યોને સાંભળ્યા બાદ, અધ્યક્ષશ્રીએ જણાવ્યું કે નિયમ અનુસાર સરકાર તરફથી અપેક્ષિત ખર્ચનો અંદાજ મેળવવાનો આ ગૃહનો અધિકાર છે. અધ્યક્ષશ્રીએ વધુમાં જણાવ્યું કે એક સભ્યશ્રીએ આગ્રહ રાખ્યો છે કે જો સરકાર અત્યારે એ આંકડા કહેવા માગતી હોય તો તેમની દલીલનો ઝોક-વળાંક બીજી બાજુએ જાય. પરંતુ જ્યારે તે વિગતો આપવાની તૈયારી જો સરકાર ન બતાવતી હોય તો સરકારને તેવો અંદાજ આપવાની અધ્યક્ષશ્રી ફરજ પાડી શકે નહિ. તેમણે વધુમાં જણાવ્યું કે આવશ્યક એવી માહિતીના અભાવે આ વિધેયક પરની ચર્ચા કરવી વાજબી નથી. અંતમાં અધ્યક્ષશ્રીએ જણાવ્યું કે ઉપરોક્ત સંજોગોમાં આ વિધેયક પરની ચર્ચા અત્યારે કરી શકાય નહિ.

ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ ૧૨૨નો અમલ આ તબક્કે મોકૂફ રાખવામાં આવે તે બાબતની પરવાનગી માગતો પ્રસ્તાવ, સંસદીય બાબતોના મંત્રી, શ્રી ચીમનભાઈ પટેલે રજૂ કર્યો અને તેમનાં મંતવ્યો રજૂ કર્યાં.

અન્ય સભ્યોને સાંભળ્યા બાદ, અધ્યક્ષશ્રીએ જણાવ્યું કે નિયમ ૫૫ ઘણો સ્પષ્ટ છે અને અધ્યક્ષશ્રીએ જ્યારે એક બાબતને આઉટ ઑફ ઑર્ડર ઠરાવી હોય ત્યારે તેને ઑર્ડરમાં લાવવાની સરકારની ફરજ છે. આ નિર્ણયના અનુસંધાને સરકારે મજકૂર બાબતને ઑર્ડરમાં લાવવા કોઈ સારો પ્રયાસ કર્યો હોય અને તે પ્રયાસોના પરિણામે અધ્યક્ષશ્રીને જણાય કે આવા પ્રયાસોથી ગૃહને સંતોષ થાય તેમ છે અને તેવા સંજોગોમાં અધ્યક્ષશ્રી પોતાનો નિર્ણય હોવા છતાં નિયમને સસ્પેન્ડ કરવાની પરવાનગી જો આપે તો તે યોગ્ય ગણાય. અધ્યક્ષશ્રીએ વધુમાં જણાવ્યું કે આ તબક્કે જો તેઓ મજકૂર સંમતિ આપે તો તેનું પરિણામ એ આવે કે અધ્યક્ષશ્રી તેમના નિર્ણયથી એક પળે એમ ઠરાવે છે કે સદર માહિતી ગૃહને આપવી આવશ્યક છે અને તે મળ્યા પછી વિધેયક પરની ચર્ચા ગૃહ કરે તે યોગ્ય છે અને અધ્યક્ષશ્રીના મજકૂર નિર્ણયની સામે બીજી જ પળે કોઈ પણ બચાવનો પ્રયત્ન કર્યા સિવાય કે માહિતી આપ્યા સિવાય એ નિર્ણયથી એકદમ વિપરીત પરિણામ આવે એવી જો માગણી રજૂ કરવામાં આવે તો તેને સંમતિ આપવી અધ્યક્ષશ્રી માટે યોગ્ય નથી. અને મજકૂર સંજોગોમાં મંત્રીશ્રીએ માગેલી સંમતિ અધ્યક્ષશ્રી આપી શકતા નથી.

**મંગળવાર, તા. ૨૬મી ઓગસ્ટ, ૧૯૬૯**

૧. પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેના જવાબ આપવામાં આવ્યા.

૨. અધ્યક્ષશ્રીએ જાહેર કર્યું કે અમુક સભ્યોએ તેમની સમક્ષ એવી ઈચ્છા પ્રદર્શિત કરી છે કે તા. ૨૭મી ઓગસ્ટ, ૧૯૬૯ના રોજ બળેવના તહેવારનો દિવસ હોઈ, ગૃહની બેઠકનો સમય એક કલાક મોડો રાખવો, તેથી તા. ૨૭-૮-૬૯ના રોજ ગૃહની બેઠકનો સમય બપોરના ૧-૦૦ થી સાંજના ૬-૦૦ સુધીનો રહેશે.

૩. બિન-સરકારી સભ્યોનાં કામકાજ માટેની સમિતિના પ્રમુખ, શ્રી પ્રવીણચંદ્ર-સિંહજીએ સમિતિનો સોળમો અહેવાલ રજૂ કર્યો અને ત્યારપછી અહેવાલને માન્ય રાખવા બાબતનો પ્રસ્તાવ રજૂ કર્યો. પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.

૪. નીચે જણાવેલું વિધેયક પસાર કરવામાં આવ્યું.

સન ૧૯૬૯નું વિ. સ. વિધેયક ક્રમાંક-૩૪ સન ૧૯૬૯નું ગુજરાત વીજળી પુરવઠા સંસ્થા (અન્ડરટેકિંગ) (સંપાદન) (સુધારા) વિધેયક.

૫. સંસદીય બાબતોના મંત્રી, શ્રી ચીમનભાઈ પટેલ ભારતના સંવિધાનના અનુ-ચ્છેદ ૩૬૮ હેઠળનો તેમનો પ્રસ્તાવ રજૂ કરતા હતા ત્યારે વિ. સ. સ., શ્રી મનુભાઈ

પાલખીવાળાએ પોઈન્ટ ઓફ ઓર્ડર ઉઠાવ્યો કે આ ગૃહે માન્ય રાખેલી કામકાજ સલાહકાર સમિતિની ભલામણોમાં ઉપર્યુક્ત પ્રસ્તાવને મુખ્ય મંત્રીશ્રીના પ્રસ્તાવ તરીકે વર્ણવામાં આવેલો છે જ્યારે આ તબક્કે સંસદીય બાબતોના મંત્રીશ્રી આ વૈધાનિક પ્રસ્તાવ રજૂ કરી રહ્યા છે તે યોગ્ય છે કે કેમ અને તેમણે તેમના કથનના સમર્થનમાં નિયમો ૧૦૨ અને ૯૪(૨) તરફ અધ્યક્ષશ્રીનું ધ્યાન દોર્યું.

અન્ય સભ્યોને સાંભળ્યા બાદ, અધ્યક્ષશ્રીએ જણાવ્યું કે તેમને તો નિયમ ૧૦૨ અન્વયેની જે સ્ટેટ્યુટરી મોશન છે તેને નિયમ ૯૪(૨)માં જણાવ્યા પ્રમાણે કોઈ પણ સભ્યને બદલે બીજા કોઈ પણ સભ્ય રજૂ કરી શકે કે કેમ તે પ્રશ્નનો નિર્ણય આપવાનો છે. તેમણે વધુમાં જણાવ્યું કે આ માટે "સભ્ય"ની વ્યાખ્યા જોવી જરૂરી છે અને "સભ્ય"ની વ્યાખ્યા જોતી વખતે પ્રસ્તાવની બાબતમાં જોઈએ તો "મેમ્બર-ઈન-ચાર્જ" ની વ્યાખ્યામાં જણાવ્યું છે કે સરકારી પ્રસ્તાવની બાબતમાં કોઈ પણ મંત્રી પ્રસ્તાવ રજૂ કરી શકે છે, તેથી તેઓ એમ ઠરાવે છે કે મુખ્ય મંત્રીશ્રીના નામથી જે દરખાસ્ત રજૂ થઈ છે તેને "મેમ્બર-ઈન-ચાર્જ" તરીકે સરકારના કોઈ પણ મંત્રીશ્રી રજૂ કરી શકે છે.

ત્યારપછી સંસદીય બાબતોના મંત્રી, શ્રી ચીમનભાઈ પટેલે નીચે મુજબનો પ્રસ્તાવ રજૂ કર્યો :—

"આ સભાગૃહ સંસદનાં બન્ને ગૃહોએ પસાર કર્યા પ્રમાણેના, સંવિધાન (૨૨મું સંશોધન) વિધેયક, ૧૯૬૯થી કરવા ધારેલા સંવિધાનના અનુચ્છેદ ૩૬૮ના પરંતુક હેઠળ આવતા, ભારતના સંવિધાનમાં કરવાના સંશોધનનું અનુસમર્થન કરે છે".

"That this House ratifies the amendments to the Constitution of India falling within the purview of the proviso to Article 368 thereof proposed to be made by the Constitution (Twenty second Amendment) Bill, 1969, as passed by the two Houses of Parliament."

પ્રસ્તાવ પર ચર્ચા થઈ. ચર્ચાનો જવાબ સંસદીય બાબતોના મંત્રીશ્રીએ આપ્યો. ત્યારપછી પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો અને તે સ્વીકારવામાં આવ્યો.

૬. નીચે જણાવેલું સરકારી વિધેયક પસાર કરવામાં આવ્યું.

સન ૧૯૬૯ નું વિ. સ. વિધેયક ક્રમાંક-૩૭-સન ૧૯૬૯નું ગુજરાત (દ્વિતીય પૂરક) વિનિયોગ વિધેયક.

## બુધવાર, તા. ૨૭મી ઓગસ્ટ, ૧૯૬૯

૧. પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેના જવાબ આપવામાં આવ્યા.

૨. વિ. સ. સ. શ્રી સનત મહેતા, વિ. સ. સ. શ્રી મનોહરસિંહજી જાડેજા, વગેરે સભ્યોએ અધ્યક્ષશ્રીની અગાઉથી પરવાનગી મેળવ્યા સિવાય તેલના વધતા જતા ભાવ અંગે પ્રશ્ન ઉઠાવવા પ્રયાસ કર્યો ત્યારે અધ્યક્ષશ્રીએ જણાવ્યું કે આ જ વિષયને સ્પર્શતી બાબત માટે સરકાર સામે અવિશ્વાસની દરખાસ્ત અંગેની સૂચના અધ્યક્ષશ્રી પાસે આવેલ છે. તેથી તે બાબત જ્યારે ગૃહ સમક્ષ આવશે ત્યારે સદર વિષયને લગતી બધી વિગતોની ચર્ચા કરી શકાશે તેથી આ બાબતમાં અધ્યક્ષશ્રીની અગાઉથી પરવાનગી મેળવ્યા સિવાય ગૃહમાં પ્રશ્ન ઉઠાવવા દેવાય નહિ.

૩. વિ. સ. સ. શ્રી ધર્મસિંહભાઈ પટેલે સૌરાષ્ટ્ર વિભાગના જૂનાગઢ, ભાવનગર, અમરેલી, રાજકોટ, વગેરે જિલ્લાઓમાં મગફળીના પાકમાં આવેલ મશી-ગળાના રોગથી પાકને થતું નુકસાન અને ઊભી થયેલ પરિસ્થિતિ અંગે સરકારે લીધેલાં અથવા હવે પછીનાં લેવાનાં પગલાં તરફ ખેતીવાડી વિભાગના મંત્રીશ્રીનું ધ્યાન દોર્યું.

નાયબ ખેતીવાડી વિભાગના મંત્રીશ્રી માધવલાલ શાહે તેમનું નિવેદન રજૂ કર્યું. સભ્યોએ નિવેદનમાંથી ઉપસ્થિત થતા પ્રશ્નો પૂછયા અને નાયબ મંત્રીશ્રીએ તેના જવાબ આપ્યા.

૪. નિયમો માટેની સમિતિના પ્રમુખ અને અધ્યક્ષશ્રીએ સમિતિના ત્રીજા અને ચોથા અહેવાલો રજૂ કર્યા.

૫. ગૌણ વિધાન સમિતિના પ્રમુખ અને ઉપાધ્યક્ષ શ્રી વસંતલાલ મહેતાએ સમિતિનો પહેલો અહેવાલ રજૂ કર્યો.

૬. નીચે જણાવેલું સરકારી વિધેયક પસાર કરવામાં આવ્યું.

### સન ૧૯૬૯નું વિ. સ. વિધેયક ક્રમાંક ૨૯-સન ૧૯૬૯નું ગુજરાત દેવસ્થાન ઈનામ નાબૂદી વિધેયક

ચર્ચા દરમિયાન વિ. સ. સ. શ્રી. પ્રતાપરાય શાહે આ પ્રશ્ન મત ઉપર મૂકી પહેલા વાચન પરની ચર્ચા બંધ કરવાનો પ્રસ્તાવ રજૂ કર્યો. પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવતાં વિ. સ. સ. શ્રી. મનોહરસિંહજી જાડેજાએ વિભાજનની માગણી કરી જે સ્વીકારવામાં આવી. પ્રસ્તાવની તરફેણમાં ૬૧ અને વિરૂધ્ધમાં ૩૭ મત પડતાં પ્રસ્તાવ મંજૂર કરવામાં આવ્યો.

પ્રભારી મંત્રીશ્રીએ જ્યારે આ વિધેયકના બીજા વાચનનો પ્રસ્તાવ રજૂ કર્યો ત્યાર પછી પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવતાં વિ. સ. સ. શ્રી. નરેન્દ્રસિંહજીએ નિયમ ૧૩૨ (૧)(ક) અન્વયે પ્રસ્તાવ રજૂ કર્યો કે આ વિધેયક જાહેર અભિપ્રાય મેળવવા માટે ફેરવવામાં આવે અને તે અંગે તેમનાં મંતવ્યો રજૂ કર્યા. પ્રસ્તાવ પર ચર્ચા થઈ. ચર્ચાનો જવાબ વિ. સ. સ. શ્રી નરેન્દ્રસિંહજી ઝાલાએ આપ્યો. પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવતાં વિ. સ. સ. શ્રી નરેન્દ્રસિંહજી ઝાલાએ વિભાજનની માગણી કરી જે સ્વીકારવામાં આવી. પ્રસ્તાવની તરફેણમાં ૩૨ અને વિરૂધ્ધમાં ૬૭ મત પડતાં પ્રસ્તાવ નામંજૂર કરવામાં આવ્યો. આ તબક્કે વિરોધપક્ષના સભ્યોએ (ત્રણ અપવાદ સિવાય) સભાત્યાગ કર્યો હતો.

૭. વિ. સ. સ. શ્રી ધર્મેન્દ્રસિંહજીના તારાંકિત પ્રશ્ન ક્રમાંક ૨૨૯૧૨ના તા. ૨૦-૮-૬૯ ના રોજ પંચાયત મંત્રીશ્રીએ આપેલ જવાબો ઉપરથી તેઓશ્રીએ ઉપસ્થિત કરેલી જાહેર અગત્યની બાબત પર અરધા કલાકની ચર્ચા સાંજના ૬-૪૫ વાગ્યે શરૂ કરી અને તે અંગે તેમનાં મંતવ્યો રજૂ કર્યા.

નાયબ પંચાયત મંત્રી, શ્રી માધવલાલ શાહે ચર્ચાનો જવાબ આપ્યો. સભ્યોએ ચર્ચામાંથી ઉપસ્થિત થતા પ્રશ્નો પૂછયા અને નાયબ પંચાયત મંત્રીશ્રીએ તેના જવાબ આપ્યા. અરધો કલાક પૂરો થતો હોવાથી, ચર્ચા બંધ કરવામાં આવી.

## ગુરૂવાર, તા. ૨૮મી ઓગસ્ટ, ૧૯૬૯

૧. પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેના જવાબ આપવામાં આવ્યા.

૨. વિ. સ. સ. શ્રી મનોહરસિંહજી જાડેજાએ જણાવ્યું કે મગફળીના તેલના ભાવો અંગેની ચર્ચા માટે અધ્યક્ષશ્રીએ જુદા સમયની ફાળવણી કરી હોવાથી તેઓ મંત્રી મંડળમાં અવિશ્વાસ વ્યક્ત કરતા પ્રસ્તાવ માટે પરવાનગી માગતા નથી.

૩. વિ. સ. સ., શ્રી બેચર ગજેરા વતી વિ. સ. સ., શ્રી ધર્મસિંહભાઈ પટેલે સંકલ્પ રજૂ કર્યો કે ગુજરાત વિધાનસભાના કામકાજ માટે દર વર્ષે ત્રણ અધિવેશનો બોલાવવાં તથા તેમાંથી કોઈ પણ એક અધિવેશન (સત્ર) સૌરાષ્ટ્ર વિભાગમાં રાજકોટ મુકામે રાખવા આ વિધાનસભાગૃહ રાજ્ય સરકારને ભલામણ કરે છે. સંકલ્પ પર ચર્ચા થઈ. ચર્ચાનો જવાબ વિ. સ. સ. શ્રી ધર્મસિંહભાઈ પટેલે આપ્યો. ત્યારબાદ સંકલ્પ મત માટે મૂકવામાં આવ્યો અને તે નામંજૂર કરવામાં આવ્યો.

૪. વિ. સ. સ. શ્રી મોહનભાઈ પટેલની ગેરહાજરીને કારણે સંકલ્પ ક્રમાંક-૨૨૪ લઈ શકાયો નહિ.

૫. વિ. સ. સ., શ્રી કેશુભાઈ રાયચુરાએ સંકલ્પ રજૂ કર્યો કે ગામડામાં ગામતળની જમીનની અપસેટ પ્રાઈસ નક્કી કરવામાં હાલના ધોરણથી ઘણો સમય જતો હોઈ, ગ્રામ પ્રજાને નિવાસસ્થાનોનાં મકાન બાંધવામાં પડતી મુશ્કેલીઓ નિવારવા માટે, સમગ્ર

રાજ્યમાં વસતિનાં ધોરણે અપસેટ પ્રાઈસ નક્કી કરવા આ વિધાનસભાગૃહ રાજ્ય સરકારને ભલામણ કરે છે. સંકલ્પ પર ચર્ચા થઈ.

ચર્ચા દરમ્યાન, મહેસૂલ મંત્રીશ્રીએ આ સંકલ્પનું હાર્દ પોતે સ્વીકારે છે એવી જાહેરાત કરી, ત્યારપછી સંકલ્પ મત માટે મૂકવામાં આવ્યો અને તે સ્વીકારવામાં આવ્યો.

૬. વિ. સ. સ., શ્રી કેસરભાઈ ડોડિયાએ સંકલ્પ રજૂ કર્યો કે ગામડાઓમાં શાળા, પાણી પીવાના કૂવા, પાણી પુરવઠા યોજના, સ્નાનગૃહ, જાજરૂઓ, દવાખાનાં, પંચાયત કચેરી, એપ્રોચ રોડ, રસ્તાઓ, ચેક ડેમ વગેરે વિકાસનાં કામો કરવા માટે, ૧૯૬૬ પછી વધારેલા નવા ગામતળના પ્લોટોની તથા ચવ-ઉભડ રાવળા હક્કના ગામનાં મકાનો-વાડાઓનાં વેચાણમાંથી થતી ઉપજ ગ્રામ પંચાયતોને આપવા આ વિધાનસભાગૃહ રાજ્ય સરકારને ભલામણ કરે છે. સંકલ્પ પર ચર્ચા થઈ.

મહેસૂલ મંત્રીશ્રીએ તેમના પ્રવચન દરમ્યાન જણાવ્યું કે સંકલ્પમાં દર્શાવેલી બાબતો સરકારની સક્રિય વિચારણા હેઠળ છે અને સરકાર તેનો સહાનુભૂતિપૂર્વક વિચાર કરી ટૂંક સમયમાં નિર્ણય લેશે.

ચર્ચાનો જવાબ વિ. સ. સ., શ્રી કેસરભાઈ ડોડિયાએ આપ્યો. ત્યારપછી સભાગૃહની પરવાનગીથી, સંકલ્પ પાછો ખેંચી લેવામાં આવ્યો.

૭. વિ. સ. સ., શ્રી જમુભાઈ ભટ્ટે સંકલ્પ રજૂ કર્યો કે ગુજરાત રાજ્યમાં જમીનોના જુદા જુદા પ્રકાર ગણવામાં આવ્યા છે. જૂની શરતની જમીન, નવી શરતની જમીન અને સ્ટેટ નવી શરતની જમીન. પરંતુ જૂની શરતની જમીન સિવાયની જમીનોના ગીરો-વેચાણ યા બક્ષિસ માટે ખેડૂતને ઘણી મુશ્કેલીઓ પડે છે તેમજ ખેતીના વિકાસ માટે ધીરાણ વગેરે મેળવવામાં પણ મુશ્કેલીઓ પડે છે. તેથી રાજ્યની ખેતીની બધી જમીન જૂની શરતો મુજબ કરી નાખવા આ વિધાનસભાગૃહ રાજ્ય સરકારને ભલામણ કરે છે. સંકલ્પ પર ચર્ચા થઈ.

ચર્ચાનો જવાબ વિ. સ. સ., શ્રી જમુભાઈ ભટ્ટે આપ્યો. ત્યારપછી સંકલ્પ મત માટે મૂકવામાં આવ્યો અને તે નામંજૂર કરવામાં આવ્યો.

૮. વિ. સ. સ., શ્રી દેવજીભાઈ પરમારે સંકલ્પ રજૂ કર્યો કે અમદાવાદ જિલ્લાના દસક્રોઈ તાલુકામાં આવેલી ખારી નદીમાં આવતા પૂરથી ધોવાણને લઈ ગામડી અને ચોસર ગામ અને સાબરમતી નદીમાં આવતા પૂરથી વળાદ, વણઝાર, કાસીંદ્રા, વિસલપુર, ઝાણું વગેરે ગામની જનતાના જાન અને માલમિલકતને વર્ષો થયાં હજારોનું નુકસાન થતું હોવા છતાં, તેના બચાવ માટે દુર્લક્ષ સેવાય છે. તેથી આ બાબતમાં પૂરતું ધ્યાન આપવા અને જનતાને પારાવાર પડતી મુશ્કેલી દૂર કરવા, ધોવાણ થતું અટકે તેવાં સત્વરે પગલાં લેવા આ સભાગૃહ રાજ્ય સરકારને આગ્રહપૂર્વક વિનંતિ કરે છે. સંકલ્પ પર ચર્ચા થઈ.

ચર્ચાનો જવાબ વિ. સ. સ., શ્રી દેવજીભાઈ પરમારે આપ્યો. ત્યારપછી સંકલ્પ મત માટે મૂકવામાં આવ્યો અને તે નામંજૂર કરવામાં આવ્યો.

૯. અધ્યક્ષશ્રીએ જણાવ્યું કે કૃષિ યુનિવર્સિટી વિધેયકને લગતું ફાઈનેન્સિયલ મેમોરેન્ડમ તેમને સરકાર તરફથી મળ્યું છે. તેથી મજકૂર વિધેયકની ચર્ચા માટે સમય ફાળવવો પડશે અને આ સંજોગોમાં તેમણે તા. ૨-૯-૬૯ના રોજ સભાગૃહની બે બેઠકો રાખવાનું નક્કી કર્યું છે. ત્યારબાદ અધ્યક્ષશ્રીએ તા. ૧લી, ૨જી અને ૩જી સપ્ટેમ્બર, ૧૯૬૯નો સુધારેલો કાર્યક્રમ જાહેર કર્યો.

**સોમવાર, તા. ૧લી સપ્ટેમ્બર, ૧૯૬૯**

૧. પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેના ઉત્તરો આપવામાં આવ્યા.

પાંચમી તારાંકિત યાદી સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવી.

૨. વિ. સ. સ., શ્રી મનોહરસિંહજી જાડેજાએ જણાવ્યું કે અરધા કલાકની ચર્ચા માગવા માટે નિયમ પ્રમાણે સાત દિવસ અગાઉ નોટિસ આપવાની હોય છે તો હમણાંના એક બે દિવસ અગાઉના પ્રશ્ન સંબંધમાં ચર્ચા ઉપસ્થિત કરવાની હોય તો આવતા સત્રમાં તેની ચર્ચા થઈ શકે કે કેમ એ અંગે નિયમમાં જોગવાઈ નથી અને તે અંગે તેમણે અધ્યક્ષશ્રી પાસેથી સ્પષ્ટતા માગી.

અધ્યક્ષશ્રીએ સ્પષ્ટતા કરતાં જણાવ્યું કે નિયમ ૯૨માં તાજેતરમાં ઉઠાવાયેલા જવાબોની બાબત લખી છે. તાજેતર શબ્દનો અર્થ શું કરવો એના ઉપર આ બાબતનો આધાર રહે છે. નિયમના શબ્દો ઉપરથી તેમને ભય છે કે એક સત્રમાં પુછાયેલા પ્રશ્નની ચર્ચા બીજા સત્રમાં કરી શકાય કે કેમ? કારણ કે આ ચર્ચા એ રેઝોલ્યુશનની ચર્ચાના સ્વરૂપની છે એટલે કોઈ સભ્ય રેઝોલ્યુશન લાવી શકે તે સંભવ છે. તેમણે વધુમાં જણાવ્યું કે હાલના નિયમોને આધીન રહીને એ બાબતમાં નિર્ણય કરવો જોઈએ અને કાળજીપૂર્વક વિચારણા કર્યા પછી જો તેમને એવું લાગે કે તેમ કરી શકાય એમ છે તો વાંધો લેશે નહિ.

૩. નાણા મંત્રી, શ્રી જશવંતરાય મહેતાએ નિવેદન કરતાં જણાવ્યું કે ગુજરાત રાજ્યે આજરોજ સવારના ૧૧-૦૦ વાગ્યે બહાર પાડેલી રૂા. ૧૬,૮૦,૦૦,૦૦૦ની લોનમાં આજે જ બપોરના ૧૨-૧૫ વાગ્યે રૂા. ૧૭,૯૪,૦૦,૦૦૦ ભરાઈ ગયા છે અને રિઝર્વ બેન્ક તરફથી લોન બંધ થઈ ગઈ હોવાનું જાહેર કરવામાં આવ્યું છે. સભ્યોએ નિવેદનમાંથી ઉપસ્થિત થતા પ્રશ્નો પૂછ્યા અને મંત્રીશ્રીએ તેના જવાબ આપ્યા.

૪. સંસદીય બાબતોના મંત્રી, શ્રી ચીમનભાઈ પટેલે પ્રસ્તાવ રજૂ કર્યો કે આ સભાગૃહ નિયમો માટેની સમિતિના ત્રીજા અહેવાલ સાથે સંમત થાય અને તે અંગે તેમનાં મંતવ્યો રજૂ કર્યાં. આઠ સભ્યોએ ચર્ચામાં ભાગ લીધો. ચર્ચાનો જવાબ,

સંસદીય બાબતોના મંત્રી, શ્રી ચીમનભાઈ પટેલે આપ્યો. પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવતાં વિ. સ. સ., શ્રી મનુભાઈ પાલખીવાળાએ વિભાજનની માગણી કરી જે સ્વીકારવામાં આવી. વિભાજન થતાં પ્રસ્તાવની તરફેણમાં ૬૬ અને વિરુદ્ધમાં ૩૬ મત પડતાં પ્રસ્તાવ મંજૂર કરવામાં આવ્યો. સભાગૃહ સમિતિની ભલામણો સાથે સંમત થયું.

૫. નીચે જણાવેલાં સરકારી વિધેયકો પસાર કરવામાં આવ્યાં :—

(૧) સન ૧૯૬૯નું વિધેયક ક્રમાંક-૩૬-સન ૧૯૬૯નું મુંબઈ મોટર વાહનો (ઉતારૂઓ કરાધાન) (ગુજરાત સુધારા) વિધેયક.

(૨) સન ૧૯૬૯નું વિધેયક ક્રમાંક -૩૫-સન ૧૯૬૯નું મુંબઈ મનોરંજન કર તથા જાહેરખબર વેરા (ગુજરાત સુધારા) વિધેયક.

૬. સન ૧૯૬૫-૬૬ના વર્ષ માટેની વધારાની માગણીઓ પર ચર્ચા શરૂ થયા પહેલાં વિ. સ. સ., શ્રી મનુભાઈ પાલખીવાળાએ પોઈન્ટ ઓફ ઓર્ડર ઉપસ્થિત કરતાં જણાવ્યું કે સન ૧૯૬૫-૬૬ના વર્ષ માટેની વધારાની માગણીઓ આટલી મોડી રજૂ થાય તે યોગ્ય નથી.

અન્ય સભ્યોને સાંભળ્યા બાદ અધ્યક્ષશ્રીએ જણાવ્યું કે સામાન્ય રીતે વધારાનું ખર્ચ થાય ત્યારે એકાઉન્ટન્ટ જનરલ તેના ઓડિટ રિપોર્ટમાં તેનો ઉલ્લેખ કરે છે. આ રિપોર્ટ જાહેર હિસાબ સમિતિ પાસે રજૂ થાય છે અને સમિતિ તેના રિપોર્ટમાં આવો ખર્ચ ગૃહમાં રજૂ કરવાનું જણાવે છે. આ ગૃહમાં રિપોર્ટની ચર્ચા થયા બાદ વધારાની માગણીઓનું વિવરણપત્રક રજૂ થાય છે. પરંતુ આ માગણીઓ સમિતિના રિપોર્ટની આ ગૃહમાં ચર્ચા થયા પહેલાં રજૂ કરી શકાય છે એવો ખુલાસો સરકારને તેમના તરફથી કરવામાં આવતાં આ માગણીઓ કરવામાં આવી છે તેથી પૂરતી તત્પરતાથી માગણીઓ રજૂ થઈ છે અને વિલંબ થયો છે એમ કહી શકાય નહિ.

ત્યારપછી વધારાની માગણીઓ ક્રમાંક ૬, ૯, ૧૧, ૧૨, ૧૭ હિસાબનાં મુખ્ય સદર-૪૫-વીજળી યોજના અંગેની તેમજ વધારાની માગણીઓ ક્રમાંક ૨૮, ૨૯, ૩૦, ૩૧, ૪૩, ૪૪, ૪૯, ૫૦ અને ૫૧ એક પછી એક રજૂ થઈ. વધારાની માગણી ક્રમાંક ૯, ૧૧, અને ૧૨ ઉપર અનુક્રમે કાપદરખાસ્ત ક્રમાંક ૧, ૨ અને ૩ એક સાથે રજૂ થઈ. વધારાની માગણીઓ અને કાપદરખાસ્તો ઉપર એક સાથે ચર્ચા શરૂ થઈ. ચર્ચા બાદ કાપદરખાસ્તો પર મત લેવાતાં તે નામંજૂર કરવામાં આવી અને વધારાની માગણીઓ પર મત લેવાતાં તે મંજૂર કરવામાં આવી.

**મંગળવાર, ૨જી સપ્ટેમ્બર, ૧૯૬૯**

૧. પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેના ઉત્તરો આપવામાં આવ્યા.

છઠ્ઠી અતારાંકિત યાદી સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવી.

૨. વિ. સ. સ., શ્રી ખોડુભા વાઘેલાએ તેમના તારાંકિત પ્રશ્ન ક્રમાંક ૨૪૨૩૮ પરના પૂરક પ્રશ્નોના નાયબ આરોગ્ય મંત્રીશ્રી જવાબો આપતા હતા તે દરમ્યાન સભાત્યાગ કર્યો.

૩. વિ. સ. સ., શ્રી સનત મહેતાએ પાંચમા નાણા પંચે ગુજરાત રાજ્યને ગ્રાન્ટ આપવાનો કરેલો અસ્વીકાર તેમજ અન્ય નાણાકીય ફાળાની ટકાવારીમાં કરેલ ફેરફારના કારણે ગુજરાતને થનારી અસર અને તે માટે રાજ્ય સરકારને કરવી પડનાર વિચારણા અંગે નાણા મંત્રીશ્રીનું ધ્યાન દોર્યું.

નાણા મંત્રી, શ્રી જશવંતરાય મહેતાએ તેમનું નિવેદન વાંચી સંભળાવ્યું. વિ. સ. સ., શ્રી મનોહરસિંહજી જાડેજાએ ઉપરોક્ત નિવેદન લાંબું હોઈને અને વહેંચવામાં આવેલું ન હોઈને નિયમ મુજબ પાછળથી નિવેદનનો અભ્યાસ કર્યા બાદ સભ્યોને પ્રશ્નો પૂછવા દેવાની નિયમમાં જોગવાઈ હોવાથી સભ્યોને થોડા સમય પછી પ્રશ્નો પૂછવા દેવા અંગે કોલં અને શકધરને ટાંકીને અધ્યક્ષશ્રીને વિનંતિ કરી.

અધ્યક્ષશ્રીએ જણાવ્યું કે નિયમની આવી જોગવાઈ પ્રત્યે તેમનું ધ્યાન દોરાયું નથી તેથી તેવી જોગવાઈ નિયમમાં હશે તો તેમ કરવા દેવામાં આવશે.

ત્યારબાદ સભ્યોએ નિવેદનમાંથી ઉપસ્થિત થતા પ્રશ્નો પૂછયા અને મંત્રીશ્રીએ તેના જવાબ આપ્યા.

૪. નીચે જણાવેલું સરકારી વિધેયક પસાર કરવામાં આવ્યું.

સન ૧૯૬૯નું વિ. સ. વિધેયક ક્રમાંક ૩૮-સન ૧૯૬૯નું ગુજરાત વિનિયોગ (વધારાનું ખર્ચ) વિધેયક.

વિધેયકના પહેલા વાચન માટેનો પ્રસ્તાવ રજૂ થયો ત્યારે વિ. સ. સ., શ્રી મનોહરસિંહજી જાડેજાએ મુદ્દો ઉપસ્થિત કરતાં જણાવ્યું કે જાહેર હિસાબ સમિતિની ભલામણો અને એડવોકેટ જનરલનો અભિપ્રાય આપણી સમક્ષ હોવા છતાં 'નવી સેવા' અંગે ખર્ચ થયો હોય તે ખર્ચ વધારાના ખર્ચ તરીકે મંજૂર થઈ શકે નહિ.

અધ્યક્ષશ્રીએ આ બાબત વિચારણા કરવા અંગે વિશ્રાંતિના સમય સુધી મુલતવી રાખી.

૫. વિ. સ. સ., શ્રી મનુભાઈ પાલખીવાળાએ કેન્દ્ર સરકારે નર્મદા યોજનાનો ઝઘડો ટ્રિબ્યુનલને સોંપવાના કરેલા નિર્ણય સામે છેડાઈ પડેલું મધ્યપ્રદેશ અને ટ્રિબ્યુનલ નિમાયા પછી પણ મધ્યપ્રદેશ-ગુજરાત વચ્ચે વાટાઘાટો થઈ શકે તેવા સિંચાઈ ખાતાના મંત્રીશ્રીના વિધાનમાંથી ઉપસ્થિત થતી પરિસ્થિતિ અંગે ટૂંક સમયની ચર્ચા શરૂ કરી અને તેમનાં મંતવ્યો રજૂ કર્યાં. ચર્ચામાં છ સભ્યોએ ભાગ લીધો. ચર્ચાનો જવાબ સિંચાઈ મંત્રીશ્રી, શ્રી બાબુભાઈ પટેલે આપ્યો. ચર્ચા પૂરી થઈ.

૬. વિશ્રાંતિ પહેલાં વિ. સ. સ., શ્રી મનોહરસિંહજી જાડેજાએ ઉપસ્થિત કરેલા મુદ્દા અંગે નાણા મંત્રી, શ્રી જશવંતરાય મહેતાએ સ્પષ્ટતા કરી કે નવી સેવા અંગેના ખર્ચનો સમાવેશ આ વિધેયકમાં કરવામાં આવ્યો નથી. અધ્યક્ષશ્રી આ હકીકત વધારાના ખર્ચના વિવરણપત્રકમાં સ્પષ્ટ બતાવવામાં આવેલી છે એમ જણાવીને સરકારના ખુલાસો સાથે સંમત થયા. વિધેયક ત્રણે વાંચનમાંથી પસાર કરવામાં આવ્યું.

૭. વિ. સ. સ., શ્રી મનુભાઈ પાલખીવાળાએ નિયમ ૧૦૨ અન્વયે વૈધાનિક પ્રસ્તાવ રજૂ કર્યો કે આ સભાગૃહ ઠરાવે છે કે તા. ૯મી જુલાઈ, ૧૯૬૯ના રોજ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવેલી તા. ૧૫મી ફેબ્રુઆરી, ૧૯૬૯ની સરકારી અધિસૂચના ક્રમાંક-ઓએફએલ-૧૦૬૧-૧૪-એ.૨ સાથે જોડેલી અનુસૂચિમાં ૬૨મી એન્ટ્રી ઉમેરતી સામાન્ય વહીવટ વિભાગની તા. ૨૨મી ફેબ્રુઆરી, ૧૯૬૮ની સરકારી અધિસૂચના ક્રમાંક જીએચએસ-૪-ઓએલએલ-૧૫૬૮-એચ ને રદ કરવી. અને તે અંગે તેમના મંતવ્યો રજૂ કર્યાં. ત્યારબાદ એક સભ્ય તથા સંસદીય સચિવશ્રીએ ચર્ચામાં ભાગ લીધો. ચર્ચાનો જવાબ વિ. સ. સ., શ્રી મનુભાઈ પાલખીવાળાએ આપ્યો. ત્યારપછી પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવતાં વિ. સ. સ., શ્રી મનુભાઈ પાલખીવાળાએ વિભાજનની માગણી કરતાં તરફેણમાં ૨૨ મત અને વિરુદ્ધમાં ૬૧ મત પડતાં પ્રસ્તાવનો અસ્વીકાર કરવામાં આવ્યો.

૮. વિ. સ. સ., શ્રી માર્તંડરાય શાસ્ત્રીએ નિયમ ૧૦૫ અન્વયે પ્રસ્તાવ રજૂ કર્યો કે સરેલા પંચનો અહેવાલ વિચારણામાં લેવામાં આવે અને તે અંગે તેમનાં મંતવ્યો રજૂ કર્યાં. ત્યારબાદ છ સભ્યો અને નાણા મંત્રી, શ્રી જશવંતરાય મહેતાએ ચર્ચામાં ભાગ લીધો, ચર્ચા પૂરી થઈ.

૯. કામદાર મંત્રી, શ્રી શાંતિલાલ શાહનો ગુજરાત કામદાર કલ્યાણ મંડળનું સન ૧૯૬૭-૬૮નું કામકાજ વિચારણામાં લેવા અંગેનો પ્રસ્તાવ સમયના અભાવે ચર્ચા માટે લઈ શકાયો નહિ.

બપોરના ૧-૦૦ વાગ્યો હોવાથી, અધ્યક્ષશ્રીના આદેશાનુસાર, સભા બપોરના ૨-૦૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહી.

બપોરની બેઠક, (અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને,) બપોરના ૨-૦૦

૧. સદસ્યોની ગેરહાજરી માટેની સમિતિના પ્રમુખ, શ્રી રામજીભાઈ ચૌધરીએ સમિતિના પાંચમા અહેવાલની રજૂઆત કરી. સભાગૃહે બે સભ્યોએ માગેલી રજા મંજૂર કરી. અધ્યક્ષશ્રીએ જણાવ્યું કે તદનુસાર સભ્યોને જણાવવામાં આવશે.

૨. નીચે જણાવેલું સરકારી વિધેયક પસાર કરવામાં આવ્યું :—

સન ૧૯૬૯નું વિ. સ. વિધેયક ક્રમાંક ૩૧- સન ૧૯૬૯નું ગુજરાત કૃષિ યુનિવર્સિટી વિધેયક.

Hb-1010 (6)-415-11-69

મજકૂર વિધેયકના પહેલા વાચન માટેનો પ્રસ્તાવ રજૂ થયો ત્યારે વિ. સ. સ., શ્રી મનુભાઈ પાલખીવાળાએ પોઈન્ટ ઓફ ઓર્ડર ઉપસ્થિત કર્યો કે આ વિધેયકની જે જે કલમમાં ખર્ચનો સંભવ હોય તે કલમો અંગે આવર્તક અને અનાવર્તક ખર્ચની વિગત કલમવાર આપવી જોઈએ.

અધ્યક્ષશ્રીએ નિયમોમાં આવી જોગવાઈ નહીં હોવાથી પોઈન્ટ ઓફ ઓર્ડર નામંજૂર કર્યો.

૩. વિ. સ. સ., શ્રી પુરુષોત્તમદાસ પટેલના તારાંકિત પ્રશ્ન ક્રમાંક ૨૨૦૯૭ના તા. ૧૩-૮-૬૯ના રોજ શિક્ષણ મંત્રીશ્રીએ આપેલ જવાબો ઉપરથી તેઓશ્રીએ ઉપસ્થિત કરેલી જાહેર અગત્યની બાબત પર અરધો કલાકની ચર્ચા સાંજના ૬-૧૦ વાગ્યે શરૂ કરી અને તે અંગે તેમનાં મંતવ્યો રજૂ કર્યાં.

શિક્ષણ મંત્રી, શ્રી ગોરધનદાસ ચોખાવાલાએ ચર્ચાનો જવાબ આપ્યો. સભ્યોએ ચર્ચામાંથી ઉપસ્થિત થતા પ્રશ્નો પૂછયા અને શિક્ષણ મંત્રીશ્રીએ તેના જવાબ આપ્યા. સાંજના ૬-૩૫ વાગ્યે ચર્ચા પૂરી થઈ.

**બુધવાર, ૩જી સપ્ટેમ્બર, ૧૯૬૯.**

૧. પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેના ઉત્તરો આપવામાં આવ્યા.

૨. વિ. સ. સ., શ્રી ચુનીલાલ ચુડગરે, સુરેન્દ્રનગર જિલ્લાનાં સંખ્યાબંધ ગામોમાં જ્યાં ગઈસાલ અછતની પરિસ્થિતિ ન હતી પણ જ્યાં આ સાલ ૩ ઈંચથી ઓછો વરસાદ થવાના કારણે અછત જેવી પરિસ્થિતિ છે તે ગામોને સરકારે અછતવાળા ગામ તરીકે જાહેર કરેલ ન હોવાથી, તેવાં ગામોના ગ્રામજનો માટે અછતના ધોરણે કામો ખોલવામાં આવ્યાં નથી તેમજ ઢોરને માટે ઘાસનો પ્રબંધ કરવામાં આવ્યો નથી. આથી વણસેલી પરિસ્થિતિ અને તે અંગે સરકારે લીધેલાં પગલાં તરફ મહેસૂલ વિભાગના મંત્રીશ્રીનું ધ્યાન દોર્યું.

મહેસૂલ વિભાગના મંત્રી, શ્રી પ્રેમજીભાઈ ઠક્કરે તેમનું નિવેદન ગૃહ સમક્ષ રજૂ કર્યું. સભ્યોએ નિવેદનમાંથી ઉપસ્થિત થતા પ્રશ્નો પૂછયા અને મંત્રીશ્રીએ તેના જવાબ આપ્યા.

૩. (૧) નાયબ ગૃહ મંત્રી, શ્રી જયરામભાઈ પટેલે વઢવાણ શહેર સુધરાઈની તા. ૩૧-૩-૬૯ની બેઠક વખતે પોલીસે કરેલા લાઠીચાર્જ બાબતની નિયમ ૧૧૬ હેઠળની સૂચના અંગે તા. ૩-૪-૬૯ના રોજ સભાગૃહમાં તેમણે કરેલા નિવેદન અંગે ખુલાસો કરતું નિવેદન કર્યું.

(૨) નાયબ કૃષિ મંત્રી, શ્રી માધવલાલ શાહે રાજ્યમાં બિયારણ કન્ટ્રોલ બાબતના વિ. સ. સ., શ્રી છબીલદાસ મહેતાના તા. ૭-૨-૬૯ના રોજ પૂછાયેલા તારાંકિત પ્રશ્ન ક્રમાંક ૧૫૧૪૫ના તેમણે આપેલા પૂરક પ્રશ્નના જવાબમાં સુધારો કરતું નિવેદન કર્યું.

૪. (૧) નાણા મંત્રી, શ્રી જશવંતરાય મહેતાએ સન ૧૯૬૩ના ગુજરાત બાંયધરીઓ અધિનિયમની કલમ ૨(૨) (અ) અન્વયે સરકારે તા. ૧૦-૩-૧૯૬૯થી તા. ૩૦-૭-૧૯૬૯ સુધીમાં જુદી જુદી સંસ્થાઓને આપેલી બાંયધરીઓની વિગત દર્શાવતું પત્રક સન ૧૯૬૮-૬૯ના વર્ષ દરમ્યાન રાજ્યના એકત્રિત ભંડોળમાંથી સરકારે બાંયધરી અંગે કરેલી ચૂકવણી ખર્ચ દર્શાવતું પત્રક તેમજ આદેશ વિધાનસભાના મેજ ઉપર મૂકયા.

(૨) ગૃહ વિભાગના નાયબ મંત્રી, શ્રી જયરામભાઈ પટેલ ગુજરાત વિજિલન્સ કમિશનનો સન ૧૯૬૭-૬૮નો (ચોથો) વાર્ષિક અહેવાલ વિધાનસભાના મેજ ઉપર મૂકયો.

૫. વિ. સ. સ., શ્રી મનોહરસિંહજી જાડેજાએ નિયમ ૧૦૫ અન્વયે પ્રસ્તાવ રજૂ કર્યો કે સરકારે આપેલી ખાતરીઓ માટેની સમિતિના ત્રીજા અહેવાલના ફકરા ૩ અને ૧૪ વિચારણામાં લેવામાં આવે અને તે અંગે તેમનાં મંતવ્યો રજૂ કર્યાં. ૩ સભ્યો, ૨ મંત્રીશ્રી, સંસદીય સચિવશ્રી તેમજ સમિતિના પ્રમુખશ્રીએ ચર્ચામાં ભાગ લીધો. ચર્ચા પૂરી થઈ.

વિ. સ. સ., શ્રી મનોહરસિંહજી જાડેજાએ અધૂરી રહેલી ખાતરીઓની યાદી તૈયાર કરવા અંગે કરેલા સૂચન બાબત અધ્યક્ષશ્રીએ જણાવ્યું કે તે બાબતમાં યોગ્ય કરવામાં આવશે.

૬. વિ. સ. સ., શ્રી નરેન્દ્રસિંહજી ઝાલાએ તેલ અને બીજી જીવન જરૂરિયાતની ચીજોના વધતા જતા અસહ્ય ભાવો અને રાહતકાર્યોમાં અપૂરતી સગવડ અને તેથી કરીને સામાન્ય પ્રજાજનોને પડતી અસહ્ય હાડમારી અને મુશ્કેલીઓ અંગે નિયમ ૧૧૨ હેઠળ તાકીદની જાહેર અગત્યની બાબત પર ટૂંક સમયની ચર્ચા ઉપસ્થિત કરી અને તે અંગે તેમનાં મંતવ્યો રજૂ કર્યાં. ચર્ચામાં ૧૩ સભ્યોએ ભાગ લીધો.

નાયબ પુરવઠા મંત્રી, શ્રી જયરામભાઈ પટેલ બોલવાની શરૂઆત કરતા હતા ત્યારે વિ. સ. સ., શ્રી સનત મહેતા અને અન્ય સભ્યોએ નાયબ મંત્રીશ્રી ચર્ચાના જવાબ આપે છે કે ચર્ચામાં દરમિયાનગીરી કરે છે તે જાણવા માટે અધ્યક્ષશ્રીને વિનંતિ કરી. નાયબ મંત્રીશ્રીએ જણાવ્યું કે તેઓ દરમિયાનગીરી કરે છે અને જવાબ મંત્રીશ્રી આપશે. છતાં પણ વિ. સ. સ., શ્રી ચીમનલાલ શુકલે જ્યારે પૂછયું કે જવાબ કોણ આપવાનું છે ત્યારે અધ્યક્ષશ્રીએ જણાવ્યું કે બન્ને જવાબ આપી શકે છે.

વિ. સ. સ., શ્રી હરિભાઈ ડેરિયાએ તેલના પ્રશ્ન અંગે વિરોધ વ્યકત કરી સભાત્યાગ કર્યો.

નાયબ મંત્રીશ્રી તેમનું ભાષણ કરતા હતા ત્યારે વિ. સ સ., શ્રી મનુભાઈ પાલખીવાળાએ પોઈન્ટ ઓફ ઑર્ડર ઉપસ્થિત કરી જણાવ્યું કે નિયમ ૧૧૪માં બહુ સ્પષ્ટપણે દર્શાવવામાં આવેલું છે કે ચર્ચાનો જવાબ મંત્રીશ્રી આપશે. મંત્રીશ્રી

શબ્દમાં નાયબ મંત્રીશ્રીનો પણ સમાવેશ થાય છે પરંતુ આપે કહ્યું છે કે મંત્રીશ્રીને આપ ૪૦ મિનિટ આપશો એટલે નાયબ મંત્રીશ્રીની આ છેલ્લી સ્પીચ રહેશે અને એ સિવાય બીજી સ્પીચ રહેશે નહિ અને એ બાબતમાં તેમણે અધ્યક્ષશ્રીનું રૂલિંગ માગ્યું.

અન્ય સભ્યો અને સંસદીય બાબતના મંત્રીશ્રીને સાંભળ્યા બાદ અધ્યક્ષશ્રીએ નિર્ણય આપ્યો કે નિયમ ૧૧૨ અન્વયેની ચર્ચા અંગે સૂચના આપનાર સભ્યોએ જુદા જુદા મંત્રીશ્રીઓને સ્પર્શતાં ખાતાઓને આવરી લઈને સૂચના આપી હોય તો મંત્રીશ્રીઓને બોલવાનો અધિકાર નથી એવી દલીલ વિસંગત થશે અને General Clauses Act નીચે જ્યાં શબ્દ એકવચનમાં વાપરવામાં આવ્યો હોય ત્યાં સંજોગ અને સંદર્ભ પ્રમાણે એકવચનમાં બહુવચનનો હંમેશાં સમાવેશ થઈ જાય છે. એટલે જે સંદર્ભમાં સૂચના આવી છે એ સંદર્ભમાં અને અઢી કલાકની ચર્ચામાં એક બાજુથી જો બે સવા બે કલાક સુધી સભ્યો તરફથી બોલવામાં આવ્યું હોય તો એના જવાબ માટે મંત્રીશ્રીઓને અડધો કલાક કે ૪૦ મિનિટ આપવામાં આવે તો નિયમ ૧૧૪ના વિરોધમાં છે એમ તેઓ ઠરાવતા નથી.

ત્યારબાદ નાયબ પુરવઠા મંત્રીશ્રીએ તેમનું ભાષણ પૂરું કર્યું.

ત્યારબાદ મહેસૂલ મંત્રી, શ્રી પ્રેમજીભાઈ ઠક્કરે તેમના ખાતાને લગતા ચર્ચામાં ઉપસ્થિત કરવામાં આવેલા મુદ્દાઓનો ખુલાસો કર્યો.

ત્યારબાદ પુરવઠા મંત્રી, શ્રી બાબુભાઈ પટેલ ચર્ચાનો જવાબ આપતા હતા તે દરમ્યાન તેમણે જ્યારે કહ્યું કે જે જુઠ્ઠાણાં છે એનો તેમને પહેલો ખુલાસો કરવાનો છે ત્યારે વિ. સ. સ., શ્રી નરેન્દ્રસિંહજી ઝાલાએ પોઈન્ટ ઓફ ઓર્ડર ઉપસ્થિત કરતા જણાવ્યું કે "જુઠ્ઠાણાં" શબ્દ અસંસદીય છે અને જે અમુક વ્યકિતના સંબંધમાં એ શબ્દ વાપરવામાં આવ્યા છે એમ મંત્રીશ્રીએ જણાવેલું નથી એટલે એ શબ્દો તેમણે પાછા ખેંચવા જોઈએ. મંત્રીશ્રીએ જણાવ્યું કે તેમના વિષે કહેવામાં આવેલા "જુઠ્ઠાણાં" એમ તેઓએ કહ્યું છે અને તેને તેઓ વળગી રહે છે.

અન્ય સભ્યોને સાંભળ્યા બાદ અધ્યક્ષશ્રીએ નિર્ણય આપતાં જણાવ્યું કે રેકર્ડ ઉપર શું રહ્યું છે એ તપાસવું પડે પણ કોઈ પણ સભ્યશ્રી પોતાની જાતને બચાવ કરતી વખતે પોતાના સંદર્ભમાં કહેવામાં આવેલ વાકય એ જુઠ્ઠો આક્ષેપ છે એમ જરૂર કહી શકે. એટલે તેમણે એ તપાસવું પડે કે મંત્રીશ્રી જે શબ્દોને જુઠ્ઠાણાં કહેતા એવા શબ્દો કોઈ પણ સભ્યે વાપર્યા છે કે કેમ? જો એવા શબ્દો વાપર્યા હોય અને એવું મંત્રીશ્રી ભૂતકાળમાં કે વર્તમાનકાળમાં કોઈ પણ વખતે ન બોલ્યા હોય તો તેમને એ ફરિયાદ કરવાનો વાજબી અધિકાર છે અને એને અસંસદીય કહેવું એ યોગ્ય નહિ કહેવાય.

૭. સચિવશ્રીએ અતારાંકિત પ્રશ્નો અને તેના જવાબો જે સમયના અભાવે ગૃહ સમક્ષ મૂકી શકાયા ન હતા તે સભાગૃહના મેજ ઉપર મૂકયા.

૮. અધ્યક્ષશ્રીએ સત્ર સમાપ્તિ કરતો રાજ્યપાલશ્રીનો સંદેશો વાંચી સંભળાવ્યો.

સત્ર બપોરના ૧-૦૦ વાગ્યે સમાપ્ત થયું.

## પત્રક ક્રમાંક—૪

### તારાંકિત, અતારાંકિત અને ટૂંકી મુદતના પ્રશ્નોનો નિકાલ (આંકડામાં)

| પ્રશ્નોનો પ્રકાર | મળેલ સૂચનાઓ | દાખલ કર્યા | દાખલ ન કર્યા | પાછા ખેંચી લીધા | સ્પષ્ટીકરણ માટે વિભાગને | સ્પષ્ટીકરણ માટે સભ્યશ્રીને | કલબ (એકત્રીત) | ગૃહમાં જવાબ આપ્યા | અધિવેશન સમાપ્ત થતાં નિયમ-૨૧ અન્વયે તથા અન્ય કારણોસર રદ થયેલ પ્રશ્નો | સમયના અભાવે રજૂ ન થવાથી નિયમ ૮૪-બ અન્વયે સભાગૃહના મેજ ઉપર મૂકયા |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ |
| તારાંકિત | ૨૦૨૦ | ૯૮૧ | ૭૧૬ | @૫ | ... | ... | ૧૭૧ | ૭૯૨ | ૧૮૫ | ... |
| અતારાંકિત | §૩૩૧૧ | ×૧૨૮૦ | ૧૫૬૦ | ... | ... | ... | ૬૯૫ | +૮૮૯ | ... | ૭૨ |
| ટૂંકી મુદતના | ૨૭૮ | ૩૯ | ૧૪૧ | ૩ | ... | ... | ૯૫ | ૨૪ | ૧૧+૪* | ... |

@આમાંથી ૪ પ્રશ્નો દાખલ થયા બાદ પાછા ખેંચી લીધા હતા જ્યારે બાકીનો ૧ પ્રશ્ન વિચારણામાં લેવાય તે પહેલાં પાછો ખેંચી લીધો હતો.

§આમાંથી અતારાંકિત પ્રશ્નોની ૧૬૭ સૂચનાઓ નિકાલ કર્યા વગરની બાકી છે.

×આમાં પાંચમા અધિવેશન, ૧૯૬૯ માટે દાખલ કરવામાં આવેલા પરંતુ જેના જવાબો ન આવવાથી તે સત્ર દરમિયાન રજૂ ન થઈ શકયા તેવા ૨૩૯ અતારાંકિત પ્રશ્નો અને આ અધિવેશન દરમિયાન ૧૫૧ તારાંકિત પ્રશ્નો કે જે અતારાંકિત તરીકે દાખલ કરવામાં આવેલ પરંતુ જેના જવાબો સત્ર દરમિયાન આવ્યા ન હતા તેનો સમાવેશ થાય છે.

+અતારાંકિત પ્રશ્નો અને જવાબોની કુલ ૬ યાદીઓ સભાગૃહમાં રજૂ થઈ હતી.

*આ ૪ પ્રશ્નો ટૂંકી મુદતના પ્રશ્નો તરીકે દાખલ કરવામાં આવ્યા હતા પણ લાગતાવળગતા મંત્રીશ્રીઓએ તેનો તાત્કાલિક જવાબ આપવાની સંમતિ ન આપવાથી તે રદ થયા હતા.

---

## પત્રક ક્રમાંક—૫

### તારાંકિત પ્રશ્નોની વિભાગવાર માહિતી (આંકડામાં)

| વિભાગ | મળેલ સૂચના | તારાંકિત તરીકે દાખલ કર્યા | તારાંકિત-માંથી અતારાંકિત તરીકે દાખલ કર્યા | દાખલ ન કરેલા | પાછા ખેંચી લીધા | સ્પષ્ટીકરણ માટે | | કલબ (એકત્રિત) | ગૃહમાં જવાબ આપ્યો | અધિવેશન સમાપ્ત થતાં નિયમ-૨૧ અન્વયે રદ થયેલ પ્રશ્નો |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | વિભાગને | સભ્યશ્રીને | | | |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ |
| સામાન્ય વહીવટ | ૪૧ | ૧૫ | ૩ | ૨૧ | ... | ... | ... | ૨ | ૧૫ | ... |
| નાણા | ૨૮ | ૧૬ | ૩ | ૮ | ... | ... | ... | ૧ | ૧૬ | ... |
| જાહેર બાંધકામ | ૩૦૫ | ૧૨૮ | ૧૬ | ૧૨૨ | ... | ... | ... | ૩૯ | ૯૯ | ૨૯ |
| કાયદા | ૨૩ | ૧૯ | ... | ૩ | ... | ... | ... | ૧ | ૧૮ | ૧ |
| મહેસૂલ | ૩૦૦ | ૧૫૫ | ૩૭ | ૭૮ | ૨ | ... | ... | ૩૦ | ૧૨૨ | ૩૧ |
| પંચાયત અને આરોગ્ય | ૨૮૧ | ૧૭૪ | ૨૧ | ૭૪ | ... | ... | ... | ૧૨ | ૧૨૯ | ૪૫ |

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| શિક્ષણ અને મજૂર | ૨૬૪ | ૧૩૬ | ૨૨ | ૭૯ | ૧ | ... | ... | ૨૭ | ૧૦૯ | ૨૬ |
| ગૃહ | ૨૦૫ | ૭૬ | ૧૬ | ૯૨ | ... | ... | ... | ૨૧ | ૭૪ | ૨ |
| નાગરિક પુરવઠા | ૮૫ | ૩૯ | ૪ | ૩૩ | ૧ | ... | ... | ૮ | ૩૬ | ૩ |
| ઉદ્યોગ, ખાણ અને વીજળી | ૨૦૯ | ૯૯ | ૬ | ૮૨ | ... | ... | ... | ૨૨ | ૮૭ | ૧૨ |
| ખેતીવાડી અને સહકાર | ૨૭૯ | ૧૨૪ | ૨૩ | ૧૨૪ | ૧ | ... | ... | ૮ | ૮૭ | ૩૬ |
| કુલ... | ૨૦૨૦ | ૯૮૧ | ૧૫૧ | ૭૧૬ | ૫ | ... | ... | ૧૭૧ | ૭૯૨ | ૧૮૫ |

## પત્રક ક્રમાંક—૬

## અતારાંકિત પ્રશ્નોની વિભાગવાર માહિતી (આંકડામાં)

| વિભાગ | મળેલ સૂચનાઓ | દાખલ કર્યા | તારાંકિત માંથી અતારાંકિત દાખલ કર્યા | અગાઉ દાખલ કરેલ પરંતુ ગત સત્રમાં જવાબ ન આપવાથી રજૂ થયેલા | દાખલ ન કરેલા | પાછા ખેંચી લીધા | સ્પષ્ટીકરણ માટે વિભાગને | સ્પષ્ટીકરણ માટે સભ્યશ્રીને | કલબ (એકત્રિત) | ગૃહમાં જવાબ આપ્યા | સમયના અભાવે રજૂ ન થવાથી નિ. ૮૪(બ) અન્વયે ગૃહના મેજ ઉપર મૂકયા |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ |
| સામાન્ય વહીવટ | ૬૩ | ૧૫ | ૩ | ૨ | ૨૨ | ... | ... | ... | ૨૬ | ૧૧ | ૨ |
| નાણાં | ૭૭ | ૨૦ | ૩ | ૪ | ૩૬ | ... | ... | ... | ૨૧ | ૨૨ | ૨ |
| જાહેર બાંધકામ | ૩૩૬ | ૮૪ | ૧૬ | ૩૫ | ૧૯૦ | ... | ... | ... | ૬૨ | ૧૧૪ | ૩ |
| કાયદા | ૧૯ | ૫ | ... | ૫ | ૯ | ... | ... | ... | ૫ | ૧૧ | ... |
| મહેસૂલ | ૩૬૧ | ૧૩૬ | ૩૭ | ૫૭ | ૧૮૮ | ... | ... | ... | ૪૧ | ૧૬૦ | ૫ |

Hb-1010-(7)—415-11-69

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| પંચાયત અને આરોગ્ય | ૫૪૧ | ૧૬૦ | ૨૧ | ૩૨ | ૨૬૭ | ... | ... | ... | ૧૧૪ | ૧૨૬ | ૩૫ |
| શિક્ષણ અને મજૂર | ૩૩૧ | ૮૫ | ૨૨ | ૨૧ | ૧૭૩ | ... | ... | ... | ૭૩ | ૯૬ | ૩ |
| ગૃહ | ૫૯૩ | ૧૫૫ | ૧૬ | ૭ | ૩૨૯ | ... | ... | ... | ૧૦૯ | ૧૨૮ | ૧૩ |
| નાગરિક પુરવઠા | ૧૦૧ | ૨૯ | ૪ | ૧ | ૪૭ | ... | ... | ... | ૨૫ | ૩૧ | ૩ |
| ઉદ્યોગ, ખાણ અને વીજળી | ૨૯૭ | ૬૯ | ૬ | ૨૫ | ૧૩૫ | ... | ... | ... | ૯૩ | ૬૫ | ૫ |
| ખેતીવાડી અને સહકાર | ૪૨૨ | ૯૯ | ૨૩ | ૫૦ | ૧૯૭ | ... | ... | ... | ૧૨૬ | ૧૨૫ | ૧ |
| કુલ... | ૩૧૪૫ | ૮૫૭ | ૧૫૧ | ૨૩૯ | ૧૫૯૩ | ... | ... | ... | ૬૯૫ | ૮૮૯ | ૭૨ |
| નિકાલ બાકી | +૧૬૭ | | | | | | | | | | |
| | ૩૩૧૨ | | | | | | | | | | |

# પત્રક ક્રમાંક–૭

પત્રક

સરકારી

| ક્રમાંક | સરકારી વિધેયકનું નામ | સરકારી વિભાગનું નામ | પ્રભારી મંત્રીશ્રીનું નામ | દાખલ કર્યા તારીખ |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૧ | સન ૧૯૬૮નું વિ. સ. વિધેયક ક્રમાંક-૩ સન ૧૯૬૮નું ગુજરાત રાજમાર્ગ વિધેયક | જાહેર બાંધકામ વિભાગ | શ્રી બાબુભાઈ જ. પટેલ, બાંધકામ મંત્રીશ્રી. | ... |
| ૨ | સન ૧૯૬૯નું વિ. સ. વિધેયક ક્રમાંક-૧ સન ૧૯૬૯નું મુંબઈ સ્ટેમ્પ (ગુજરાત સુધારા) વિધેયક | મહેસૂલ વિભાગ | શ્રી પી. બી. ઠક્કર, મહેસૂલ મંત્રીશ્રી. | ... |
| ૩ | સન ૧૯૬૯નું વિ. સ. વિધેયક ક્રમાંક-૩ સન ૧૯૬૯નું ગુજરાત પશુ-પક્ષીબલિદાન (પ્રતિબંધ) વિધેયક | ગૃહ વિભાગ | શ્રી હિતેન્દ્રભાઈ દેસાઈ, મુખ્ય મંત્રીશ્રી. | ... |
| ૪ | સન ૧૯૬૯નું વિ. સ. વિધેયક ક્રમાંક-૨૮ સન ૧૯૬૯નું ગુજરાત પશુ ચિકિત્સક વિધેયક. | ખેતીવાડી અને સહકાર વિભાગ | શ્રી ઠાકોરભાઈ દેસાઈ, કૃષિ મંત્રીશ્રી. | ... |
| ૫ | સન ૧૯૬૯નું વિ. સ. વિધેયક ક્રમાંક-૨૯ સન ૧૯૬૯નું ગુજરાત દેવ-સ્થાન ઈનામ નાબૂદી વિધેયક | મહેસૂલ વિભાગ | શ્રી પી. બી. ઠક્કર, મહેસૂલ મંત્રીશ્રી. | ૨૭-૮-૬૯ |

ક્રમાંક—૭

વિધેયકો

| પહેલા વાંચનની તારીખ | બીજા વાંચનની તારીખ | ત્રીજા વાંચનની તારીખ | સુધારા | | | શેરો |
|---|---|---|---|---|---|---|
| | | | જેની સૂચના મળી | જે રજૂ કરવામાં આવ્યા | જે પસાર કરવામાં આવ્યા | |
| ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ |
| ... | ... | ... | ... | ... | ... | આ વિધેયક રજૂ કરવામાં ન આવ્યું. |
| ... | ... | ... | ... | ... | ... | „ |
| ... | ... | ... | ... | ... | ... | „ |
| ... | ... | ... | ... | ... | ... | „ |
| ૨૭-૮-૬૯ | ૨૭-૮-૬૯ | ૨૭-૮-૬૯ | ૨૪ | ૨૪ | ૩ | ... |

પત્રક

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
|---|---|---|---|---|
| ૬ | સન ૧૯૬૯નું વિ. સ. વિધેયક ક્રમાંક-૩૦ સન ૧૯૬૯નું ગુજરાત વેચાણવેરા વિધેયક | નાણા વિભાગ | શ્રી જશવંતરાય મહેતા, નાણા મંત્રીશ્રી. | ૧૩-૮-૬૯ |
| ૭ | સન ૧૯૬૯નું વિ. સ. વિધેયક ક્રમાંક-૩૧ સન ૧૯૬૯નું ગુજરાત કૃષિ યુનિવર્સિટી વિધેયક | ખેતીવાડી અને સહકાર વિભાગ | શ્રી ઠાકોરભાઈ દેસાઈ, કૃષિ મંત્રીશ્રી. | ૨-૯-૬૯ |
| ૮ | સન ૧૯૬૯નું વિ. સ. વિધેયક ક્રમાંક-૩૨ સન ૧૯૬૯નું મુંબઈ ગણોત વહીવટ અને ખેતીની જમીન (ગુજરાત સુધારા) વિધેયક | મહેસૂલ વિભાગ | શ્રી પી. બી. ઠક્કર, મહેસૂલ મંત્રીશ્રી. | ૨૫-૮-૬૯ |
| ૯ | સન ૧૯૬૯નું વિ. સ. વિધેયક ક્રમાંક-૩૩ સન ૧૯૬૯નું ગુજરાત નગરપાલિકા (સુધારા) વિધેયક | પંચાયત અને આરોગ્ય વિભાગ | શ્રી ગોરધનદાસ ચોખાવાલા, નગરપાલિકાઓના મંત્રીશ્રી. | ૨૫-૮-૬૯ |
| ૧૦ | સન ૧૯૬૯નું વિ. સ. વિધેયક ક્રમાંક-૩૪ સન ૧૯૬૯નું ગુજરાત વીજળી પુરવઠા સંસ્થા (અન્ડરટેકિંગ્સ) (સંપાદન) (સુધારા) વિધેયક | ઉદ્યોગ, ખાણ અને વીજળી વિભાગ | શ્રી બાબુભાઈ જ. પટેલ, વિદ્યુત મંત્રીશ્રી. | ૨૬-૮-૬૯ |
| ૧૧ | સન ૧૯૬૯નું વિ. સ. વિધેયક ક્રમાંક-૩૫ સન ૧૯૬૯નું મુંબઈ મનોરંજન કર તથા જાહેરખબર વેરા (ગુજરાત સુધારા) વિધેયક | નાણા વિભાગ | શ્રી જશવંતરાય મહેતા, નાણા મંત્રીશ્રી. | ૧-૯-૬૯ |
| ૧૨ | સન ૧૯૬૯નું વિ. સ. વિધેયક ક્રમાંક-૩૬ સન ૧૯૬૯નું મુંબઈનો મોટર વાહનો (ઉતારૂઓ કરાધાન) (ગુજરાત સુધારા) વિધેયક | નાણા વિભાગ | શ્રી જશવંતરાય મહેતા, નાણા મંત્રીશ્રી. | ૧-૯-૬૯ |

ક્રમાંક—૭ (ચાલુ

| ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ |
|---|---|---|---|---|---|---|
| ૧૩-૮-૬૯ | ... | ... | ... | ... | ... | આ વિધેયક પ્રવર સમિતિને સોંપવામાં આવ્યું. |
| ૨-૯-૬૯ | ૨-૯-૬૯ | ૨-૯-૬૯ | ૨૧ | ૨૧ | ૫ | ... |
| ૨૫-૮-૬૯ | ૨૫-૮-૬૯ | ૨૫-૮-૬૯ | ... | ... | ... | ... |
| ૨૫-૮-૬૯ | ૨૫-૮-૬૯ | ૨૫-૮-૬૯ | ... | ... | ... | ... |
| ૨૬-૮-૬૯ | ૨૬-૮-૬૯ | ૨૬-૮-૬૯ | ... | ... | ... | ... |
| ૧-૯-૬૯ | ૧-૯-૬૯ | ૧-૯-૬૯ | ... | ... | ... | ... |
| ૧-૯-૬૯ | ૧-૯-૬૯ | ૧-૯-૬૯ | ૧ | ૧ | ... | ... |

પત્રક

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
|---|---|---|---|---|
| ૧૩ | સન ૧૯૬૯નું વિ. સ. વિધેયક ક્રમાંક-૩૭ સન ૧૯૬૯નું ગુજરાત (દ્વિતીય પૂરક) વિનિયોગ વિધેયક | નાણા વિભાગ | શ્રી જશવંતરાય મહેતા, નાણા મંત્રીશ્રી. | ૨૬-૮-૬૯ |
| ૧૪ | સન ૧૯૬૯નું વિ. સ. વિધેયક ક્રમાંક-૩૮ સન ૧૯૬૯નું ગુજરાત વિનિયોગ (વધારાનો ખર્ચ) વિધેયક | નાણા વિભાગ | શ્રી જશવંતરાય મહેતા, નાણા મંત્રીશ્રી. | ૨-૯-૬૯ |

ક્રમાંક—૭ (પૂર્ણ)

| ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ |
|---|---|---|---|---|---|---|
| ૨૬-૮-૬૯ | ૨૬-૮-૬૯ | ૨૬-૮-૬૯ | ... | ... | ... | ... |
| ૨-૯-૬૯ | ૨-૯-૬૯ | ૨-૯-૬૯ | ... | ... | ... | ... |

## પત્રક ક્રમાંક—૮

### સન ૧૯૬૯-૭૦ના વર્ષ માટેની પૂરક માગણીઓ

| રજૂ થયેલી પૂરક માગણી-ઓની સંખ્યા | ચર્ચાએલી માગણીઓ | | | ચર્ચા વગર પસાર (ગિલોટીન) થયેલ પૂરક માગણીઓની સંખ્યા |
|---|---|---|---|---|
| | અનુક્રમ | માગણી નંબર | હિસાબનું સદર | |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૪૧ | ૧ | ૫ | ૨૬-પરચૂરણ ખાતાં<br>૩૯--પરચૂરણ, સામાજિક અને વિકાસલક્ષી સંઘટનો<br>૭૧--પરચૂરણ (સામાન્ય વહીવટ વિભાગ) | ૩૦ |
| | ૨ | ૪૧ | ૧૯--સામાન્ય વહીવટ (ગૃહ વિભાગ) | |
| | ૩ | ૪૩ | ૨૩--પોલીસ (ગૃહ વિભાગ) | |
| | ૪ | ૪૪ | ૨૬--પરચૂરણ ખાતાં<br>૩૯--પરચૂરણ, સામાજિક અને વિકાસલક્ષી સંઘટનો.<br>૭૧--પરચૂરણ (ગૃહ વિભાગ) | |
| | ૫ | ૨૬ | ૬૪--દુષ્કાળ રાહત (મહેસૂલ વિભાગ) | |
| | ૬ | ૨૫ | ૩૩--એ ડાંગ જિલ્લો (મહેસૂલ વિભાગ) | |

પત્રક ક્રમાંક ૮—(પૂર્ણ)

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
|---|---|---|---|---|
| | ૭ | ૬૭ | ૯૨--જમીનદારી પદ્ધતિ નાબૂદ થતાં જમીનદારોને વળતરની ચૂકવણી (મહેસૂલ વિભાગ) | |
| | ૮ | ૧૯ | ૫૦--રાજ્ય બાંધકામ (જાહેર બાંધકામ વિભાગ) | |
| | ૯ | ૧૮ | ૨૬--પરચૂરણ ખાતાં<br>૨૭--વૈજ્ઞાનિક ખાતાં<br>૭૧--પરચૂરણ<br>(જાહેર બાંધકામ વિભાગ) | |
| | ૧૦ | ૬૨ | ૯૮--બહુલક્ષી નદી યોજનાઓ પર કેપિટલ ખર્ચ.<br>૯૯--સિંચાઈ, નૌપરિવહન, બંધ અને પાણી નિકાલનાં કામ પર કેપિટલ ખર્ચ (વાણિજ્યિક)<br>૧૦૦--સિંચાઈ, નૌપરિવહન, બંધ અને પાણી નિકાલનાં કામ પર કેપિટલ ખર્ચ (બિન--વાણિજ્યિક)<br>(જાહેર બાંધકામ વિભાગ) | |
| | ૧૧ | ૬૫ | ૧૦૭--ગુજરાતના પાટનગર અંગે ખર્ચ. (જાહેર બાંધકામ વિભાગ) | |

## પત્રક ક્રમાંક—૯

### બીજા પ્રસ્તાવો (નિયમ ૧૦૫)

| મળેલી સૂચનાઓની સંખ્યા | નામંજૂર કરેલી, પાછી ખેંચી લીધેલી વગેરે | દાખલ કરેલી | દાખલ કરેલી સૂચનાનો વિષય (ટૂંકમાં) | સૂચના આપનાર સભ્યશ્રીનું નામ | ચર્ચાની તારીખ / ફાળવેલ સમય | પરિણામ |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
| ૪૦ | ૨૩ | ૭ (૧૭ સૂચનાઓ માંથી એકત્રિત કરીને.) | ૧. સરેલા પગાર પંચનો અહેવાલ વિચારણામાં લેવા બાબત. | સર્વશ્રી માર્તંડરાય શાસ્ત્રી, સનત મહેતા, રતિલાલ ખુશાલદાસ, સોમાભાઈ સી. દેસાઈ અને મધુભાઈ દા. દેસાઈ. | ૨-૯-૬૯ / એક કલાક | |
| | | | ૨. ખાતરી સમિતિનો અહેવાલ વિચારણામાં લેવા બાબત. | સર્વશ્રી મધુભાઈ દા. દેસાઈ, સનત મહેતા, રતિલાલ ખુશાલદાસ, માર્તંડરાય શાસ્ત્રી, સોમાભાઈ સી. દેસાઈ, વસંતલાલ વૃ. પરીખ અને મનોહરસિંહજી પ્ર. જાડેજા. | ૩-૯-૬૯ / એક કલાક | |

| | | | |
|---|---|---|---|
| ૩. ચોથી પંચવર્ષીય યોજનાનો ખરડો વિચારણામાં લેવા બાબત. | શ્રી હિતેન્દ્ર દેસાઈ, મુખ્ય મંત્રીશ્રી. | ૧૮-૮-૬૯<br>૧૯-૮-૬૯<br>૨૦-૮-૬૯ | |
| ૪. ગુજરાત મિનરલ ડેવલપમેન્ટ કોરપોરેશનના સન ૧૯૬૬-૬૭ અને ૬૭-૬૮ના કામકાજને વિચારણામાં લેવામાં આવે. | શ્રી જશવંતરાય મહેતા, ઉદ્યોગ મંત્રીશ્રી. | ૧૨-૮-૬૯ | |
| ૫. ભાવનગર પબ્લિક ડેરી લિમિટેડના સન ૧૯૬૬-૬૭ અને ૧૯૬૭-૬૮ના કામકાજને વિચારણામાં લેવામાં આવે. | શ્રી ઠાકોરભાઈ દેસાઈ, સહકાર મંત્રીશ્રી. | ૧૨-૮-૬૯ | |
| ૬. ગુજરાત એક્ષપોર્ટ કોરપોરેશન લિમિટેડના સન ૧૯૬૭ના કામકાજને વિચારણામાં લેવામાં આવે. | શ્રી જશવંતરાય મહેતા, ઉદ્યોગ મંત્રીશ્રી. | ૧૬-૮-૬૯ | |
| ૭. ગુજરાત કામદાર કલ્યાણ મંડળના સન ૧૯૬૭-૬૮ના કામકાજને વિચારણામાં લેવામાં આવે. | શ્રી શાંતિલાલ શાહ, કામદાર મંત્રીશ્રી. | ૨-૯-૬૯ | સમયના અભાવે ચર્ચા થઈ શકી નહીં. |

પત્રક ક્રમાંક—૧૦

## ટૂંક સમયની ચર્ચા ઉપસ્થિત કરવા માટેની સૂચનાઓ (નિયમ-૧૧૨)

| મળેલી સૂચનાઓની સંખ્યા | નામંજૂર કરેલી, પાછી ખેંચી લીધેલી વગેરે | દાખલ કરેલી | દાખલ કરેલી સૂચનાનો વિષય (ટૂંકમાં) | સૂચના આપનાર સભ્યશ્રીનું નામ | ચર્ચાની તારીખ / ચર્ચા માટે આપવામાં આવેલો સમય |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| ૧૭ | ૧૪ | ૩ | ૧. નર્મદા યોજનાનો ઝઘડો ટ્રિબ્યુનલને સોંપવા બાબત. | શ્રી મનુભાઈ હ. પાલખીવાળા | ૨-૯-૬૯ / એક કલાક |
| | | | ૨. કારકુનમાંથી બઢતી પામેલા અને રાજ્ય સેવા પંચ દ્વારા સીધી ભરતીથી આવેલા મદદનીશો વચ્ચેની સિનિયોરિટી બાબત. | શ્રી મનોહરસિંહજી જાડેજા | સમયના અભાવે ચર્ચા માટે લઈ શકાઈ ન હતી. |

| | | | |
|---|---|---|---|
| ૩. | જીવન જરૂરી ચીજોમાં ભાવ વધારો અને રાહત કામોમાં અપૂરતી સગવડ. | શ્રી લીલાધર પટેલ,<br>શ્રી નરેન્દ્રસિંહજી ઝાલા,<br>શ્રી જમુભાઈ ભટ્ટ,<br>શ્રી દેવજીભાઈ પરમાર,<br>શ્રી કમળાશંકર દવે,<br>શ્રી સનત મહેતા,<br>શ્રી મનોહરસિંહજી જાડેજા. | ૩-૯-૬૯<br>અઢી કલાક |

## પત્રક ક્રમાંક—૧૧

### ધ્યાન દોરતી સૂચનાઓ (નિયમ-૧૧૬)

| મળેલી સૂચનાઃ ઓની સંખ્યા | નામંજૂર કરેલી, પાછી ખેંચી લીધેલી, વગેરે | દાખલ થયેલી | દાખલ થયેલી સૂચનાનો વિષય (ટૂંકમાં) | સૂચના આપનાર સભ્યશ્રીનું નામ | બાબત પર ધ્યાન દોર્યા તારીખ |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| ૧૩૧ | ૧૧૨ | ૮ (૧૯ સૂચનાઃ ઓમાંથી એકત્રિત કરીને) | ૧. રાજ્યમાં સીંગતેલના ભાવ વધારા અંગે. | સર્વશ્રી ભાઈલાલભાઈ દા. પટેલ અને મનુભાઈ હ. પાલખીવાળા. | ૧૨-૮-૬૯ |
| | | | ૨. રાજ્યના કેટલાક ભાગોમાં વરસાદની ખેંચ અંગે; | સર્વશ્રી ઉત્તમભાઈ હ. પટેલ અને મનોહરસિંહજી પ્ર. જાડેજા | ૧૩-૮-૬૯ |
| | | | ૩. તબીબોની હડતાલ બાબત. | સર્વશ્રી સનત મહેતા, સોમાભાઈ સી. દેસાઈ, મધુભાઈ દા. દેસાઈ, | ૧૬-૮-૬૯ (સભ્યશ્રીઓએ ધ્યાન દોર્યું નહીં). |

| | | | |
|---|---|---|---|
| | | માર્તંડરાય જી. શાસ્ત્રી, એ. ટી. કુંદીવાલા, રતિલાલ ખુશાલદાસ, ચીમનભાઈ શુક્લ, ચુનીલાલ પી. ચુડગર મનુભાઈ હ. પાલખીવાળા અને મનોહરસિંહજી જાડેજા. | |
| ૪. | ખોડીયાર ડેમને કારણે અસર પામેલા ધારી શહેરના નાગરિકો માટે સરકારે સ્થાપેલી વસાહતની હરરાજી બાબત. | શ્રી નરસિંહદાસ ગોંધિયા | ૧૮-૮-૬૯ |
| ૫. | દહેગામના ટેસ્ટીલના કામદારોની હડતાલ બાબત. | સર્વશ્રી મનહરભાઈ શાહ અને જમુભાઈ ભટ્ટ | ૨૫-૮-૬૯ |
| ૬. | મગફળીના પાકમાં મશી-ગળાના રોગ બાબત | શ્રી ધર્મસિંહભાઈ પટેલ | ૨૭-૮-૬૯ |
| ૭. | પાંચમા નાણાપંચના અહેવાલથી ગુજરાતને થનાર અસર બાબત. | સર્વશ્રી સનત મહેતા અને મનોહરસિંહજી જાડેજા | ૨-૯-૬૯ |
| ૮. | સુરેન્દ્રનગર જિલ્લામાં ત્રણ ઈંચથી ઓછા વરસાદવાળાં ગામોની વણસેલી પરિસ્થિતિ બાબત. | શ્રી ચુનીલાલ ચુડગર | ૩-૯-૬૯ |

Hb–1010 (9)-415-11-69

## પત્રક ક્રમાંક—૧૨

### રજૂઆત માટેનાં બિન-સરકારી વિધેયકો

| ક્રમાંક | વિધેયકનું નામ | સરકારી વિભાગનું નામ | પ્રભારી સભ્યનું નામ | રજૂ કર્યા તારીખ | વિધેયકનો ક્રમાંક અને પ્રકાશનની તારીખ | શેરો |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
| ૧ | સન ૧૯૬૯નું મુંબઈ સાર્વજનિક ટ્રસ્ટ (ગુજરાત સુધારા) વિધેયક | કાયદા વિભાગ | શ્રી મનુભાઈ પાલખીવાળા અને બીજા ત્રણ સભ્યો. | ૧૪-૮-૬૯ | સન ૧૯૬૯નું વિ. સ. વિધેયક ક્રમાંક ૩૯ તારીખ ૩૦-૧૦-૬૯ | ... |
| ૨ | સન ૧૯૬૯નું ગુજરાત અવશિષ્ટ સ્વત્વાર્પણ નાબૂદી (રદ કરવા બાબત) વિધેયક | મહેસૂલ વિભાગ | શ્રી મનોહરસિંહજી જાડેજા, વિ. સ. સ. | ... | ... | પ્રભારી સભ્યશ્રીની ગેરહાજરીને કારણે વિધેયક દાખલ થઈ શક્યું નહોતું. |
| ૩ | સન ૧૯૬૯નું મુંબઈ પોલીસ (ગુજરાત સુધારા) વિધેયક | ગૃહ વિભાગ | વિ. સ. સ. સર્વશ્રી મનોહરસિંહજી જાડેજા સી. એચ. શુક્લ અને વી. વી. પરીખ | ૧૪-૮-૬૯ | સન ૧૯૬૯નું વિ. સ. વિધેયક ક્રમાંક ૪૦ તારીખ ૩૦-૧૦-૬૯ | ... |
| ૪ | સન ૧૯૬૯નું ગુજરાત રાજભાષાઓ (સુધારા) વિધેયક | સામાન્ય વહીવટ વિભાગ | શ્રી મનુભાઈ પાલખીવાળા, વિ. સ. સ. | ૧૪-૮-૬૯ | સન ૧૯૬૯નું વિ. સ. વિધેયક ક્રમાંક ૪૧ તારીખ ૩૦-૧૦-૬૯ | ... |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ૫ | સન ૧૯૬૯નું ગુજરાત નગરપાલિકા (સુધારા) વિધેયક | પંચાયત અને આરોગ્ય વિભાગ | શ્રી ઈન્દુભાઈ સી. પટેલ, વિ. સ. સ. | ૧૪-૮-૬૯ | સન ૧૯૬૯નું વિ. સ. વિધેયક ક્રમાંક ૪૨ તારીખ ૩૦-૧૦-૬૯ | ... |
| ૬ | સન ૧૯૬૯નું મુંબઈ પ્રાથમિક શિક્ષણ (ગુજરાત સુધારા) વિધેયક | શિક્ષણ અને મજૂર વિભાગ | શ્રી મનુભાઈ પાલખીવાળા, વિ. સ. સ. | ૧૪-૮-૬૯ | સન ૧૯૬૯નું વિ. સ. વિધેયક ક્રમાંક ૪૩ તારીખ ૩૦-૧૦-૬૯ | ... |
| ૭ | સન ૧૯૬૯નું ગુજરાત શિક્ષણ ઉપકર(સુધારા) વિધેયક | નાણા વિભાગ | શ્રી સનત મહેતા, વિ. સ. સ. | ૧૪-૮-૬૯ | સન ૧૯૬૯નું વિ. સ. વિધેયક ક્રમાંક ૪૪ તારીખ ૩૦-૧૦-૬૯ | ... |
| ૮ | સન ૧૯૬૯નું મુંબઈ ભાડાં, હોટેલ અને નિવાસ ગૃહ દર નિયંત્રણ (ગુજરાત સુધારા) વિધેયક | જાહેર બાંધકામ વિભાગ | શ્રી મનુભાઈ પાલખીવાળા, વિ સ. સ. | ૧૪-૮-૬૯ | સન ૧૯૬૯નું વિ. સ. વિધેયક ક્રમાંક ૪૫ તારીખ ૩૦-૧૦-૬૯ | ... |
| ૯ | સન ૧૯૬૯નું મુંબઈ પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોરપોરેશન (ગુજરાત સુધારા) વિધેયક | પંચાયત અને આરોગ્ય વિભાગ | શ્રી મનુભાઈ પાલખીવાળા, વિ. સ. સ. | ૧૪-૮-૬૯ | સન ૧૯૬૯નું વિ. સ. વિધેયક ક્રમાંક ૪૬ તારીખ ૩૦-૧૦-૬૯ | ... |
| ૧૦ | સન ૧૯૬૯નું મુંબઈ નગર રચના (ગુજરાત સુધારા) વિધેયક. | જાહેર બાંધકામ વિભાગ | શ્રી મનુભાઈ પાલખીવાળા, વિ. સ. સ. | ૧૪-૮-૬૯ | સન ૧૯૬૯નું વિ. સ. વિધેયક ક્રમાંક ૪૭ તારીખ ૩૦-૧૦-૬૯ | ... |

## પત્રક ક્રમાંક—૧૩

### પહેલું (ચાલુ) બીજા અને ત્રીજા વાંચન માટેનાં બિન-સરકારી વિધેયકો

| ક્રમાંક | વિધેયકનું નામ | સરકારી વિભાગનું નામ | પ્રભારી સભ્યનું નામ | વિધેયક અંગે પ્રસ્તાવો | તારીખ | શેરો |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
| ૧ | સન ૧૯૬૮નું વિ. સ. વિધેયક ક્રમાંક -૪૨-સન ૧૯૬૮નું ગુજરાત દફનસ્થાન સંભાળ અને નિભાવ વિધેયક. | પંચાયત અને આરોગ્ય વિભાગ | શ્રી ગંગારામ રાવળ વિ. સ. સ. | પ્રભારી સભ્યશ્રીની ગેર-હાજરીને કારણે વિધેયક ચર્ચામાં લેવામાં આવ્યું નહોતું. | ... | ... |

## પત્રક ક્રમાંક—૧૪

### પહેલા, બીજા અને ત્રીજા વાંચન માટેનાં બિન-સરકારી વિધેયકો

| ક્રમાંક | વિધેયકનું નામ | સરકારી વિભાગનું નામ | પ્રભારી સભ્યનું નામ | વિધેયકો અંગે પ્રસ્તાવો | તારીખ | શેરો |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
| ૧ | સન ૧૯૬૯નું વિ. સ. વિધેયક ક્રમાંક-૩૯ સન ૧૯૬૮નું ગુજરાત મોટર-કાર ડ્રાયવર વિધેયક. | શિક્ષણ અને મજૂર વિભાગ | શ્રી સનત મહેતા, વિ. સ. સ. | ... | ... | સમયના અભાવે વિધેયક ચર્ચામાં લેવામાં આવ્યું નહતું. |
| ૨ | સન ૧૯૬૯નું વિ. સ. વિધેયક ક્રમાંક-૪૪ સન ૧૯૬૮નું ગુજરાત નગરપાલિકા (સુધારા) વિધેયક. | પંચાયત અને આરોગ્ય વિભાગ | શ્રી ચુનીલાલ પી. ચુડગર, વિ. સ. સ. | ... | ... | —„— |
| ૩ | સન ૧૯૬૮નું વિ. સ. વિધેયક ક્રમાંક-૪૬ સન ૧૯૬૮નું ગુજરાત જમીન મહેસૂલ નાબૂદી વિધેયક. | મહેસૂલ વિભાગ | શ્રી કમળાશંકર બી. દવે, વિ. સ. સ. | વિધેયકનું પહેલું વાચન કરવામાં આવે. પ્રસ્તાવનો અસ્વીકાર કરવામાં આવ્યો. | ૧૪-૮-૧૯૬૯ | ... |

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
|---|---|---|---|---|---|---|
| ૪ | સન ૧૯૬૮નું વિ. સ. વિધેયક ક્રમાંક-૪૭ સન ૧૯૬૮નું મુંબઈ ગણોત વહીવટ અને ખેતીની જમીન (ગુજરાત સુધારા) વિધેયક. | મહેસૂલ વિભાગ | શ્રી વી. વી. મહેતા, વિ. સ. સ. | ... | ... | સમયના અભાવે વિધેયક ચર્ચામાં લેવામાં આવ્યું ન હતું. |
| ૫ | સન ૧૯૬૮નું વિ. સ. વધેયક ક્રમાંક-૪૮ સન ૧૯૬૮નું મુંબઈ ગણોત વહીવટ અને ખેતીની જમીન (ગુજરાત સુધારા) વિધેયક. | મહેસૂલ વિભાગ | શ્રી એ. બી. વાઘેલા, વિ. સ. સ. | ... | ... | —„— |
| ૬ | સન ૧૯૬૯નું વિ. સ. વિધેયક ક્રમાક-૧૦ સન ૧૯૬૯નું ગુજરાત નગર વિકાસ મંડળ વિધેયક. | પંચાયત અને આરોગ્ય વિભાગ | શ્રી સનત મહેતા, વિ. સ. સ. | ... | ... | —„— |
| ૭ | સન ૧૯૬૯નું વિ. સ. વિધેયક ક્રમાંક-૧૧ સન ૧૯૬૯નું સરદાર વલ્લભભાઈ કૃષિ વિશ્વ વિદ્યાલય વિધેયક. | ખેતીવાડી અને સહકાર વિભાગ | શ્રી ધર્મસિંહજીભાઈ ડી. પટેલ અને બીજા અગિયાર સભ્યો | ... | ... | —„— |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ૮ | સન ૧૯૬૯નું વિ. સ. વિધેયક ક્રમાંક-૧૨ સન ૧૯૬૯નું ગુજરાત ધર્મ સ્વાતંત્ર્ય વિધેયક. | સામાન્ય વહીવટ વિભાગ | શ્રી નાગજીભાઈ આર્ય, વિ. સ. સ. | ... | ... | —,,— |
| ૯ | સન ૧૯૬૯નું વિ. સ. વિધેયક ક્રમાંક-૧૩ સન ૧૯૬૯નું ગુજરાત નવી રાજધાની (ઘેરાવા) નિયંત્રણ (સુધારા) વિધેયક. | જાહેર બાંધકામ વિભાગ | શ્રી શામળભાઈ લ. પટેલ, વિ. સ. સ. | ... | ... | —,,— |
| ૧૦ | સન ૧૯૬૯નું વિ. સ. વિધેયક ક્રમાંક-૧૪ સન ૧૯૬૯નું ગુજરાત ખેતીના ઉત્પન્નનાં બજારે બાબતનું (સુધારા) વિધેયક. | ખેતીવાડી અને સહકાર વિભાગ | શ્રી ઉદેસિંહ વી. વડોદિયા, વિ. સ. સ. | ... | ... | —,,— |
| ૧૧ | સન ૧૯૬૯નું વિ. સ. વિધેયક ક્રમાંક-૧૫ સન ૧૯૬૯નું ગુજરાત પંચાયત (સુધારા) વિધેયક. | પંચાયત અને આરોગ્ય વિભાગ | શ્રી એ. બી. વાઘેલા, વિ. સ. સ. | વિધેયકનું પહેલું વાચન કરવામાં આવે. પ્રસ્તાવનો અસ્વિકાર કરવામાં આવ્યો. | ૧૪-૮-૧૯૬૯ | ... |
| ૧૨ | સન ૧૯૬૯નું વિ. સ. વિધેયક ક્રમાંક-૧૬ સન ૧૯૬૯નું ગુજરાતના ખેતીના ઉત્પન્નના બજારો બાબતનું (સુધારા) વિધેયક. | ખેતીવાડી અને સહકાર વિભાગ | શ્રી શંકરલાલ મો. પટેલ, વિ. સ. સ. | ... | ... | સમયના અભાવે વિધેયક ચર્ચામાં લેવામાં આવ્યું ન હતું. |

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
|---|---|---|---|---|---|---|
| ૧૩ | સન ૧૯૬૯નું વિ. સ. વિધેયક ક્રમાંક-૧૭-સન ૧૯૬૯નું ગુજરાત નગરપાલિકા (સુધારા) વિધેયક. | પંચાયત અને આરોગ્ય વિભાગ | શ્રી શંકરલાલ મો. પટેલ, વિ. સ. સ. | ... | ... | સમયના અભાવે વિધેયક ચર્ચામાં લેવામાં આવ્યું ન હતું. |
| ૧૪ | સન ૧૯૬૯નું વિ. સ. વિધેયક ક્રમાંક-૧૮-સન ૧૯૬૯નું ગુજરાત નવી રાજધાની (ઘેરાવા) નિયંત્રણ (સુધારા) વિધેયક. | જાહેર બાંધકામ વિભાગ | શ્રી ચુનીભાઈ જી. પટેલ, વિ. સ. સ. | ... | ... | —,,— |
| ૧૫ | સન ૧૯૬૯નું વિ. સ. વિધેયક ક્રમાંક-૧૯-સન ૧૯૬૯નું મુંબઈ મહેસૂલ હકૂમત (ગુજરાત સુધારા) વિધેયક. | મહેસૂલ વિભાગ | શ્રી જી. ડી. પાઠક, વિ. સ. સ. | ... | ... | —,,— |
| ૧૬ | સન ૧૯૬૯નું વિ. સ. વિધેયક ક્રમાંક-૨૦-સન ૧૯૬૯નું ગુજરાત નગરપાલિકા (સુધારા) વિધેયક. | પંચાયત અને આરોગ્ય વિભાગ | શ્રી જી. ડી. પાઠક, વિ. સ. સ. | ... | ... | —,,— |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ૧૭ | સન ૧૯૬૯નું વિ. સ. વિધેયક ક્રમાંક-૨૧ સન ૧૯૬૯નું ગુજરાત પંચાયત (સુધારા) વિધેયક. | પંચાયત અને આરોગ્ય વિભાગ | શ્રી જી. ડી. પાઠક, વિ. સ. સ. | વિધેયકનું પહેલું વાચન કરવામાં આવે. પ્રસ્તાવનો અસ્વીકાર કરવામાં આવ્યો. | ૧૪-૮-૧૯૬૯ | — |
| ૧૮ | સન ૧૯૬૯નું વિ. સ. વિધેયક ક્રમાંક-૨૨ સન ૧૯૬૯નું મુંબઈ પ્રોવિન્સિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન (ગુજરાત સુધારા) વિધેયક. | પંચાયત અને આરોગ્ય વિભાગ | શ્રી મનુભાઈ એચ. પાલખીવાળા, વિ. સ. સ. | ... | ... | સમયના અભાવે વિધેયક ચર્ચામાં લેવામાં આવ્યું ન હતું. |
| ૧૯ | સન ૧૯૬૯નું વિ. સ. વિધેયક ક્રમાંક-૨૩ સન ૧૯૬૯નું ગુજરાતના ખેતીનાં ઉત્પન્નનાં બજારો બાબતનું (સુધારા) વિધેયક. | ખેતીવાડી અને સહકાર વિભાગ | શ્રી કસ્તુરભાઈ એન. દોશી, વિ. સ. સ. | વિધેયકનું પહેલું વાચન કરવામાં આવે. પ્રસ્તાવની ચર્ચાને અંતે પ્રભારી સભ્યે પ્રસ્તાવ રજૂ કર્યો કે વિધેયક પાછું ખેંચી લેવાની રજા આપવામાં આવે. આ પ્રસ્તાવનો સ્વીકાર કરવામાં આવ્યો. | ૧૪-૮-૧૯૬૯ | ... |
| ૨૦ | સન ૧૯૬૯નું વિ. સ. વિધેયક ક્રમાંક-૨૪ સન ૧૯૬૯નું મુંબઈ પ્રોવિન્સિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન (ગુજરાત સુધારા) વિધેયક. | પંચાયત અને આરોગ્ય વિભાગ | શ્રી સનત મહેતા, વિ. સ. સ. | ... | ... | સમયના અભાવે વિધેયક ચર્ચામાં લેવામાં આવ્યું ન હતું. |

Hb—1010—(10)—415-11-69

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
|---|---|---|---|---|---|---|
| ૨૧ | સન ૧૯૬૯નું વિ. સ. વિધેયક ક્રમાંક-૨૫ સન ૧૯૬૯નું મુંબઈ પ્રોવિન્સિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન (ગુજરાત સુધારા) વિધેયક. | પંચાયત અને આરોગ્ય વિભાગ | શ્રી મનુભાઈ એચ. પાલખીવાલા, વિ. સ. સ. | ... | ... | સમયના અભાવે વિધેયક ચર્ચામાં લેવામાં આવ્યું ન હતું. |
| ૨૨ | સન ૧૯૬૯નું વિ. સ. વિધેયક ક્રમાંક-૨૬ સન ૧૯૬૯નું મુંબઈ ગણોત વહીવટ અને ખેતીની જમીન (ગુજરાત સુધારા) વિધેયક. | મહેસૂલ વિભાગ | શ્રી વિનુભાઈ બી. કોટડાવાલા, વિ. સ. સ. | ... | ... | —,,— |
| ૨૩ | સન ૧૯૬૯નું વિ. સ. વિધેયક ક્રમાંક-૨૭ સન ૧૯૬૯નું મુંબઈ મહેસૂલ હકૂમત (ગુજરાત સુધારા) વિધેયક | મહેસૂલ વિભાગ | શ્રી વિનુભાઈ બી. કોટડાવાલા, વિ. સ. સ. | ... | ... | —,,— |

## પત્રક ક્રમાંક—૧૫

### બેલેટમાં આવેલા સંકલ્પોને લગતી માહિતી

| અનુક્રમાંક<br>૧ | સૂચનાનો વિષય<br>૨ | સૂચના આપનાર સભ્યશ્રીનું નામ<br>૩ | ચર્ચા માટેની તારીખ<br>૪ | પરિણામ<br>૫ |
|---|---|---|---|---|
| ૧ | વિધાનસભાનાં વર્ષમાં ત્રણ અધિવેશન બોલાવવા બાબત | શ્રી બેચર ભ. ગજેરા (સભ્યશ્રી ગજેરાએ નિ. ૯૨ (૨) અન્વયે આપેલા અધિકાર મુજબ તેમનો આ સંકલ્પ વિ. સ. સ. શ્રી ધર્મસિહભાઈ પટેલે રજૂ કર્યો.) | ૨૮-૮-૧૯૬૯ | ચર્ચાને અંતે મત લેવાતાં સંકલ્પનો અસ્વીકાર થયો. |
| ૨ | કોતરની પડતર જમીનને ફળઝાડના ઉપયોગમાં લેવા માટે ખેડૂતોને આપવા બાબત. | શ્રી મોહનલાલ ગો. પટેલ | —”— | સભ્યશ્રીની ગેરહાજરીને કારણે સંકલ્પ ચર્ચા માટે લઈ શકાયો ન હતો. |
| ૩ | જમીનની અપસેટ પ્રાઈસ નક્કી કરવાના ધોરણ બાબત | શ્રી કેશુભાઈ રાયચુરા | —”— | ચર્ચાને અંતે સંકલ્પનો સ્વીકાર કરવામાં આવ્યો. |
| ૪ | નવા ગામતળના પ્લોટોની ઉપજ તથા ચવ-ઉભડ, રાવળા હકના મકાનો-વાડાઓના વેચાણમાંથી થતી ઉપજ ગ્રામ પંચાયતોને આપવા બાબત | શ્રી કેસર ભગવાન ડોડીયા | —”— | સભાગૃહની પરવાનગીથી સંકલ્પ પાછો ખેંચી લેવામાં આવ્યો. |

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
|---|---|---|---|---|
| ૫ | રાજ્યની ખેતીની બધી જમીન જૂની શરતો મુજબ કરી નાખવા અંગે. | શ્રી જમુભાઈ ભટ્ટ | ૨૮-૮-૬૯ | ચર્ચાને અંતે લેવાતાં સંકલ્પનો અસ્વીકાર થયો. |
| ૬ | ખારી અને સાબરમતી નદીના પૂરથી માલમિલ્કતને થતું નુકસાન અટકાવવા બાબત | શ્રી દેવજીભાઈ સ. પરમાર | —"— | ચર્ચાને અંતે મત લેવાતાં સંકલ્પનો અસ્વીકાર થયો. |

પત્રક ક્રમાંક—૧૬

## જુદી જુદી સંસ્થાઓ પર સભ્યોની ચૂંટણી

| અનુક્રમાંક | સમિતિનું નામ | સભ્યોનાં નામ | ચૂંટાયેલા જાહેર કર્યાની તારીખ |
|---|---|---|---|
| ૧ | પશ્ચિમ રેલ્વેનો ઉપયોગ કરનારાઓની વિભાગીય સલાહકાર સમિતિ | મુંબઈ વિભાગ-શ્રી સુલેમાન યુસુફ ઉનીઆ<br>અજમેર વિભાગ-શ્રી જ્યંતીલાલ વીરચંદ શાહ<br>ભાવનગર વિભાગ- શ્રી નરસિંહદાસ ગોરધનદાસ ગોંધિયા | ૨૮-૮-૬૯ (બિન-હરિફ) |
| | | રાજકોટ વિભાગ-શ્રી ચુનીલાલ પોપટલાલ ચુડગર<br>વડોદરા વિભાગ-શ્રી વીરૂમલ ખુશાલદાસ તારાચંદાણી | ચૂંટણી તા. ૨-૯-૬૯ના રોજ થઈ હતી અને તા. ૩-૯-૬૯ના રોજ માનનીય અધ્યક્ષશ્રીએ ચૂંટાયેલા જાહેર કર્યા હતા. |

પત્રક ક્રમાંક—૧૭

## વિભાજન

| ક્રમાંક | તારીખ | જે પ્રસ્તાવ પર વિભાજન માગવામાં આવ્યું હોય તે પ્રસ્તાવનો વિષય | જે પ્રસ્તાવ પર વિભાજન માગવામાં આવ્યું હોય તે પ્રસ્તાવ રજૂ કરનાર સભ્યનું નામ | વિભાજનની માંગણી કરનાર સભ્યનું નામ | પ્રસ્તાવની તરફેણમાં મતની સંખ્યા | પ્રસ્તાવની વિરૂદ્ધમાં મતની સંખ્યા | પરિણામ |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ |
| ૧ | ૧૪-૮-૬૯ | સન ૧૯૬૮નું વિ. સ. વિધેયક ક્રમાંક-૪૬ સન ૧૯૬૮નું ગુજરાત જમીન મહેસૂલ નાબૂદી વિધેયકના પહેલા વાંચનનો પ્રસ્તાવ. | શ્રી કમળાશંકર દવે | શ્રી કમળાશંકર દવે | ૪૩ | ૬૦ | વિધેયક નામંજૂર કરવામાં આવ્યું. |
| ૨ | ૨૭-૮-૬૯ | સન ૧૯૬૯નું વિ. સ. વિધેયક ક્રમાંક-૨૯ સન ૧૯૬૯નું ગુજરાત દેવસ્થાન ઈનામ નાબૂદી વિધેયકના પહેલા વાંચન પરની ચર્ચા બંધ કરવા બાબતનો પ્રસ્તાવ | શ્રી પ્રતાપરાય શાહ | શ્રી મનોહરસિંહજી જાડેજા | ૬૧ | ૩૭ | પહેલા વાચન પરની ચર્ચા સમાપ્ત કરવાનો પ્રસ્તાવ મંજૂર કરવામાં આવ્યો. |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૩ | ૨૭-૮-૬૯ | સન ૧૯૬૯નું વિ. સ. વિધેયક ક્રમાંક-૨૯ સન ૧૯૬૯નું ગુજરાત દેવસ્થાન ઈનામ નાબૂદી વિધેયકને જાહેર અભિપ્રાય માટે ફેરવવામાં આવે તે બાબતનો પ્રસ્તાવ. | શ્રી નરેન્દ્રસિંહજી ઝાલા | શ્રી નરેન્દ્રસિંહજી ઝાલા | ૩૨ | ૬૭ | સદર વિધેયકને જાહેર અભિપ્રાય માટે ફેરવવા બાબતનો પ્રસ્તાવ નામંજૂર કરવામાં આવ્યો. |
| ૪ | ૧-૯-૬૯ | નિયમો માટેની સમિતિના ત્રીજા અહેવાલ સાથે સંમત થવા બાબતનો પ્રસ્તાવ. | શ્રી ચીમનભાઈ પટેલ, સંસદીય બાબતોના મંત્રીશ્રી | શ્રી મનુભાઈ પાલખીવાળા | ૬૬ | ૩૬ | પ્રસ્તાવ મંજૂર કરવામાં આવ્યો. |
| ૫ | ૨-૯-૬૯ | સામાન્ય વિભાગની અધિસૂચના ક્રમાંક જીએચએસ-૪ ઓએલએલ-૧૫૬૮-એચને રદ કરવા બાબતનો નિયમ-૧૦૫ અન્વયેનો વૈધાનિક પ્રસ્તાવ. | શ્રી મનુભાઈ પાલખીવાળા | શ્રી મનુભાઈ પાલખીવાળા | ૨૨ | ૬૧ | પ્રસ્તાવ નામંજૂર કરવામાં આવ્યો. |

## સભાત્યાગ

૧. તા. ૨૧-૮-૬૯ ના રોજ મુખ્ય મંત્રીશ્રીના સંસદીય સચીવશ્રી વિનોદચંદ્ર શાહ પૂરક માગણી ક્રમાંક-૫ પરનો જવાબ આપતા હતા તે દરમ્યાન વિ. સ. સ. શ્રી રતનભાઈ ગાવિતે તેમને બોલવાનો ટાઈમ ન મલ્યો હોવાથી સભાત્યાગ કર્યો.

૨. તા. ૨૭-૮-૬૯ ના રોજ વિ. સ. વિધેયક ક્રમાંક-૨૯ સન ૧૯૬૯ના ગુજરાત દેવસ્થાન ઈનામ નાબૂદી વિધેયક અંગે બીજા વાંચનનો પ્રસ્તાવ રજૂ થયા બાદ, શ્રી નરેન્દ્રસિંહજી ઝાલાએ નિયમ ૧૩૨(૧) (ક) અન્વયે વિધેયકને જાહેર અભિપ્રાય માટે ફેરવવા પ્રસ્તાવ રજૂ કર્યો. ચર્ચા બાદ, આ પ્રસ્તાવ સભાગૃહે નામંજૂર કરતાં વિરોધપક્ષના સભ્યોએ (ત્રણ અપવાદ સિવાય) સભાત્યાગ કર્યો.

૩ તા. ૩-૯-૬૯ ના રોજ વિ. સ. સ. શ્રી હરિભાઈ ડોરિયાએ રાજ્યમાંના તેલના પ્રશ્ન અંગે સભાત્યાગ કર્યો.



સરકારી મધ્યસ્થ પ્રેસ, અમદાવાદ.